દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 166 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ સુદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 July 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૧૫ જુલાઈ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વૈષ્ણોદેવી મંદિરમાં ૫૫૦ કરોડની ચાંદીનું મોટું કૌભાંડ




## ભક્તોએ ચડાવેલી ૨૦ ટન ચાંદી હવે ભેળસેળવાળી મળી: તપાસ અધિકારીને કોર્ટનું તેડું

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : જમ્મુની એક કોર્ટે જમ્મુ કાશ્મીર પોલીસના ક્રાઈમ બ્રાન્ચ પાસેથી એ આરોપોના સંબંધમાં સંપૂર્ણ રેકોર્ડ માગ્યા છે જેમાં કહેવામાં આવ્યું હતું કે શ્રી માતા વૈષ્ણોદેવી મંદિરમાં ભક્તો દ્વારા ચઢાવવામાં આવેલી આશરે ૨૦ ટન ચાંદી (અંદાજે ૫૫૦ કરોડ રૂપિયાની કિંમતના)માં ભેળસેળ કરવામાં આવી છે, અથવા તો તેને બદલવામાં આવી છે અથવા તો તેની ચોરી કરવામાં આવી છે. કોર્ટે તપાસ અધિકારીને ૨૯ જુલાઈના રોજ કેસ રેકોર્ડ સાથે રૂબરૂ હાજર થવાનો નિર્દેશ આપ્યો છે.

આ આદેશ એવા આરોપો વચ્ચે આવ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે જ્યારે શ્રાઇન બૉર્ડે જમા કરવામાં આવેલી ચાંદીને સરકારી ટંકશાળમાં મોકલી તો ધાતુશાસ્ત્રના પરીક્ષણોમાં જાણવા મળ્યું હતું કે દાનનો માત્ર પાંચ ટકા હિસ્સો અસલી ચાંદીનો હતો, જ્યારે બાકીની સામગ્રીમાં મુખ્યત્વે કેડમિયમ અને લોખંડ સામેલ હતું.. અહેવાલ મુજબ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં જણાવાયું છે કે આનાથી તેની અંદાજિત કિંમત આશરે ૫૫૦ કરોડ રૂપિયાથી ઘટીને આશરે ૩૦ કરોડ રૂપિયા થઈ ગઈ છે.

આ કાર્યવાહી જમ્મુના વકીલ દીપક શર્મા દ્વારા દાખલ કરાયેલી એક અરજીથી શરૂ કરવામાં આવી હતી, જેમાં તેમણે

(જુઓ પાનું ૨) ▶▶

# ભીષણ મહાયુદ્ધ

- અમેરિકાનો ઈરાન પર ભયાનક હુમલો
- ઈરાને સઉદી, બાહરીન અને જોર્ડન પર અટૅક કર્યો
- યુએઈના બે ટૅન્કરને ટાર્ગેટ કરાયાં
- હુતીઓની બાબ અલ-મંડાબ બંધ કરવાની ધમકી
- ક્રૂડ ઑઈલનો ભાવ ૨૦૦ ડૉલર થઇ શકે
- સઉદીના ઍરપોર્ટ પર હુતીઓનો હુમલો

દુબઈ: ઇરાનનો ટેકો ધરાવતા યમનના હુતી સંગઠને સઉદી અરેબિયા પર બેલિસ્ટિક મિસાઇલ્સ અને ડ્રોન્સથી હુમલા કર્યા હતા. સઉદીના આભા વિમાનમથકને લક્ષ્ય બનાવાયું હતું. હોર્મુઝ સામુદ્રધુનીની સાથે બાબ અલ-મંડાબ ખાડી બંધ કરવાની અને ખનિજ તેલનો ભાવ ૨૦૦ ડૉલર સુધી પહોંચાડી દેવાની ધમકી આપી હતી. અમેરિકાએ મંગળવારે પરોઢિયે ઇરાન પર અનેક ઠેકાણે હુમલા કર્યા હતા. તહેરાને જવાબમાં બાહરીન અને જોર્ડન પર વળતા હુમલા કર્યા હતા. ઇરાને સંયુક્ત આરબ અમીરાત (યુએઇ)ના બે ટૅન્કરને પણ લક્ષ્ય બનાવ્યા હતા. આ હુમલામાં એક ખલાસી માર્યો ગયો હતો અને અન્ય આઠ ખલાસી ઘાયલ થયા હતા. યુએઇએ ઇરાન સામે બદલો લેવાની ધમકી આપતા હવે તહેરાન સામેની લડાઇમાં અબુ ધાબી અને દુબઇ પણ જોડાયા છે. હુતી બળવાખોરોએ જે બાબ અલ-મંડાબ ખાડી જહાજોની અવરજવર માટે બંધ કરવાની ધમકી આપી છે, તે રાતા સમુદ્રને એડનના અખાત અને હિંદ મહાસાગર સાથે જોડતો યમન અને આફ્રિકાના જિબૂટી-ઇરિટ્રિયાની વચ્ચેનો સાંકડો દરિયાઇ માર્ગ

(જુઓ પાનું ૨) ▶▶

## હોર્મુઝના હુમલામાં ભારતીયનું મોત

### યુએઈના જહાજ પર ઈરાનના આ હુમલાથી ભારત ભડક્યું ▶ ઈરાનના રાજદૂતને બોલાવી વિરોધ નોંધાવ્યો

દુબઈ: ઓમાન નજીક હોર્મુઝ સામુદ્રધુનીમાં મંગળવારે ઇરાન દ્વારા યુએઇના શિપિંગ જહાજ પર કરવામાં આવેલા હુમલામાં એક ભારતીય ક્રૂ મેમ્બરનું મોત થયું હતું તો અન્ય છ ભારતીય સહિત આઠ જણ ઘાયલ થયા હતા. આ હુમલાથી ભડકેલા ભારતે ઇરાનના ભારતમાંના રાજદૂતોને બોલાવી આકરા શબ્દોમાં પોતાનો વિરોદ નોંધાવ્યો હતો. યુએઇના સંરક્ષણ ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવ્યા અનુસાર યુએઇના મોમ્બાસા અને એઆઈ બાહિયા ટેન્કર હોમુર્ઝ સામુદ્રધુની નજીક ઓમાનના દરિયાઈ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા તે સમયે ઇરાનની ક્રૂઝ મિસાઈલે તેને નિશાન બનાવ્યા હતા. મોમ્બાસા જહાજ પર હાજર એક

(જુઓ પાનું ૨) ▶▶

## ‘છોકરાઓ છે સારા પણ કોર્ટને ઊંધે રવાડે ચડાવે છે...’

### આમ કહી સમય રાઈના, રણવીર અલાહાબાદિયા, આશિષ ચંચલાનીને સુપ્રીમ કોર્ટે બરાબર ઝાટક્યા અને ત્રણ-ત્રણ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો

નવી દિલ્હી: કોમેડિયન સમય રાઇના અને યુટ્યુબર્સ રણવીર અલાહાબાદિયા અને આશિષ ચંચલાનીને બરાબરના ઝાટકતા સુપ્રીમ કોર્ટે મંગળવારે કહ્યું હતું કે, આ ત્રણેય છોકરા સારા છે પણ સુધરતા નથી અને અદાલતને ઊંધે રવાડે ચડાવે છે. અદાલતે તેમને ત્રણ ત્રણ લાખ રૂપિયાનો દંડ ફટાકાર્યો હતો.

દિવ્યાંગો પર ટિપ્પણી મામલે સુપ્રીમ કોર્ટે મંગળવારે કોમેડિયન સમય રાઇના પર ત્રણ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. કોર્ટે કહ્યું હતું કે સમય રાઈનાએ કોર્ટ સમક્ષ ખોટી જાણકારી આપી હતી અને ન્યાયિક પ્રક્રિયાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો.

સુપ્રીમ કોર્ટે મંગળવારે સ્ટેન્ડ-અપ કોમેડિયન અને

(જુઓ પાનું ૨) ▶▶

## નમાજ માટે ભોજશાળા પાસે અલગ સ્થળ ફાળવો: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે મધ્ય પ્રદેશના ધારમાંની વિવાદાસ્પદ ભોજશાળાની નજીક મુસલમાનોને ખુલ્લામાં અલગ સ્થળે જુમ્માના દિવસે બપોરે એકથી ત્રણ વાગ્યા દરમિયાન નમાજ પઢવા જગ્યા ફાળવવા મંગળવારે આદેશ આપ્યો હતો.

આમ છતાં, દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહન્નાની બનેલી બૅન્ચે સ્પષ્ટતા કરી હતી કે મુસલમાનો માટેની આ કામચલાઉ વ્યવસ્થા છે અને બધું સંબંધિત અરજીઓના અંતિમ ચુકાદા પર નિર્ભર છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા પરવાનગી વિના

(જુઓ પાનું ૨) ▶▶

## જથ્થાબંધ ફુગાવો જૂનમાં વધીને ૯.૮૭ ટકા

નવી દિલ્હી : ખાદ્ય અને બિન-ખાદ્ય વસ્તુઓના ભાવમાં તીવ્ર વધારાને કારણે હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સ (ડબલ્યુપીઆઈ) જૂનમાં વધીને ૯.૮૭ ટકા થયો હતો જે મે મહિનામાં ૯.૬૮ ટકા હતો.

ડબલ્યુપીઆઈ ફુગાવામાં તીવ્ર વધારો પશ્ચિમ એશિયા કટોકટી, હોર્મુઝ સ્ટ્રેટની નાકાબંધીની અસરને પ્રતિબિંબિત કરે છે, જેના દ્વારા મોટાભાગનું ક્રૂડ તેલ ભારતમાં આયાત કરવામાં આવે છે, અને તેની ખાદ્ય કિંમતો પર અસર પડે છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે હોલસેલ પ્રાઇસ ઈન્ડેક્સ (ડબલ્યુપીઆઈ) ના ડેટા જાહેર કરતી વખતે જણાવ્યું હતું કે ‘‘ખનિજ તેલ (પેટ્રોલિયમ ઉત્પાદનો ધરાવતું), ખાદ્ય ચીજવસ્તુઓ, મૂળભૂત ધાતુઓનું ઉત્પાદન,

(જુઓ પાનું ૨) ▶▶



એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અયોધ્યા પછી વૈષ્ણોદેવીમાં ચોરીઃ હિંદુઓ ક્યારે જાગશે?

**અયોધ્યામાં** ભગવાન શ્રીરામના ધામમાં થયેલી ચોરીનો આઘાત શમે એ પહેલાં હિંદુઓની આસ્થાનાં બીજાં એવાં જ મોટાં ધામ મા વૈષ્ણોદેવીના ધામમાં માતાજીને ચઢાવાયેલી ચાંદીની ચોરીની ઘટના બહાર આવી છે. મા વૈષ્ણો દેવીના મંદિરમાં ભક્તો દ્વારા ૨૦ ટનથી વધુ ચાંદી અર્પણ કરવામાં આવી હતી. ૨૦ ટન ચાંદીની કિંમત અત્યારે લગભગ ૫૫૦ કરોડ રૂપિયા થાય પણ આ ચાંદી બારોબાર પગ કરી ગઈ છે અને તેની જગાએ નકલી ચાંદી મૂકી દેવાઈ છે.

આ ઘટનામાં પણ અયોધ્યાની ચોરીનું પુનરાવર્તન જ છે. જમ્મુના એડવોકેટ દીપક શર્માએ મદિર સાથે સંકળાયેલાં લોકોએ માતાજીને ચઢાવાતી ચાંદીની ચોરી કરાતી હોવાની વિગતો આપતો પોલીસમાં ફરિયાદ કરેલી. દીપક શર્માએ ૯ મેના રોજ પોલીસ મહાનિરીક્ષક (ક્રાઈમ બ્રાન્ચ) અને જમ્મુની આર્થિક ગુના શાખા (ઊઘઠ) ના વડાને વિગતવાર ફરિયાદ રજૂ કરીને એફઆઈઆર નોંધવાની અને તપાસની માગ કરેલી પણ પોલીસે ઉપરથી આવેલા આદેશના કારણે તપાસ ના કરતાં શર્માએ કોર્ટમાં જવું પડ્યું.

કોર્ટે દાવાની સત્યતા ચકાસવા માટે ચાંદી ઓગાળવા ફરમાન કર્યું. કોર્ટનો આદેશ હતો એટલે આ ફરમાન માન્યા વિના બોર્ડનો છૂટતો નહોતો. તટસ્થ સાક્ષીઓની હાજરીમાં ચાંદીને ગાળવામાં આવી તો માત્ર પાંચથી છ ટકા ચાંદી મળી જ્યારે બાકીનું કેડમિયમ અને લોખંડ હોવાનું બહાર આવ્યું. મતલબ કે, ચાંદી નકલી હતી. ભાંડો ફૂટ્યો પછી પોલીસે જખ મારીને ફરિયાદ નોંધવી પડી ને તપાસ પણ કરવી પડી. આ તપાસનો રિપોર્ટ કોર્ટમાં રજૂ કરાયો તેમાં વૈષ્ણોદેવી માતાના મંદિરમાં ચાલતા પાપાચારની ઘણી સ્ફોટક વિગતો બહાર આવી છે.

આ રિપોર્ટના પગલે જમ્મુના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે તપાસ અધિકારીને ૨૯ જુલાઈએ સંપૂર્ણ રેકોર્ડ સાથે અદાલતમાં રૂબરૂ હાજર રહેવાનો આદેશ આપ્યો છે તેથી હવે પછી શું થાય છે તેના પર સૌની નજર છે પણ આ ઘટનાએ હિંદુ મંદિરોને કેટલાક લુખ્ખાઓએ અધર્મના અડ્ડા બનાવી દીધા છે એ ફરી સાબિત કરી દીધું છે. મંદિરની પવિત્રતા જાળવવાના બદલે કમાણીનો અડ્ડો બનાવી દીધો છે એ સાબિત થયું છે. કમનસીબે આ અનાચાર અયોધ્યા કે વૈષ્ણોદેવી પૂરતો મર્યાદિત નથી. બદ્રીનાથ, અંબાજી, નાગૌર વગેરે ઘણાં મંદિરોમાં આ રીતે શ્રધ્ધાળુઓએ આપેલા દાનની ચોરી થઈ છે.

હિંદુઓએ આ ઘટનાઓ પરથી બોધપાઠ લેવાની જરૂર છે. અયોધ્યાનું રામમંદિર, વૈષ્ણોદેવી ધામ, બદ્રીનાથ, અંબાજી મંદિર વગેરેમાં ચાલતો પાપાચાર તો છાપરે ચડીને પોકાર્યો તેથી સોનું ધ્યાન ગયું પણ તેના કારણે બીજાં ધર્મસ્થાનો પણ શંકાના દાયરામાં આવી જ ગયાં છે. ધર્મસ્થાનોમાં શ્રદ્ધાથી અપાતું દાન ખરેખર ધર્મ માટે વપરાવાના બદલે ધર્મસ્થાનોનો કારભાર કરતાં લોકોનાં ઘરોમાં જાય ને તેમના માટે વપરાય તો એવા દાનનો અર્થ નથી. હિંદુઓ દ્વારા ધર્મના નામે અપાતું દાન ચોરો ચાઉં કરી જવાના હોય તો દાનનો હેતું સરવાનો નથી. આ સંજોગોમાં હિંદુઓએ તમામ ધર્મસ્થાનોને રોકડ કે બીજા કોઈ પણ સ્વરૂપે દાન આપવાનું બંધ કરવું જોઈએ. જે ધર્મસ્થાન કે મંદિર ઓનલાઈન દાન સ્વીકારતું હોય તેને દાન આપી શકાય કેમ કે તેનો હિસાબ રખાતો હોય છે. તેમાં ઘાલમેલ કરવી શક્ય નથી પણ રોકડાનો વહેવાર બંધ કરવાની જરૂર છે.

આપણે તો માનવસેવા એ જ પ્રભુ સેવામાં માનનારી પ્રજા છીએ તેથી મંદિરોમાં દાનના બદલે જનસેવા માટે દાન આપીને પણ ભગવાનને રાજી કરી શકીએ. હિંદુઓ પોતાની આસ્થાના કારણે દાન આપવા માગતા જ હોય તો તેના માટે બીજા વિકલ્પો છે જ. મંદિરોમાં પણ સત્તાવાર પહોંચ આપીને દાન સ્વીકારાય છે ને એ રીતે દાન આપી શકાય. જે મંદિરોને દાન જોઈતું હોય એ દાનપેટીઓ દૂર કરીને પહોંચ વિનાનું દાન નહીં લેવાનો નિયમ બનાવે. ઘણાં ધર્મસ્થાનો કે તેમની સાથે સંકળાયેલી જનકલ્યાણનાં કામો કરતી સંસ્થાઓને પણ દાન આપી શકાય. આ વ્યવસ્થામાં ધર્મના નામે અપાતું દાન ધર્મનાં કામમાં વપરાશે ને ધર્મસ્થાનોનું નામ પણ નહીં ખરડાય.

હિંદુ ધર્મસ્થાનોએ પણ આ શંકાઓ દૂર કરીને લોકોની શ્રદ્ધાને જીવંત રાખવા માટે થોડાક બદલાવાની જરૂર છે. આપણે ત્યાં મોટાં મંદિરો એટલાં ધનિક છે કે તેમને નવા દાનની જરૂર જ નથી હોતી. અબજો રૂપિયાની ફિક્સ્ડ ડિપોઝિટ્સ ધરાવતાં આ મંદિરોનો વહીવટ માત્ર વ્યાજમાંથી ચાલી શકે તેથી સ્વૈચ્છિક રીતે જ દાન સ્વીકારવાનું બંધ કરી શકાય. લોકો પ્રસાદ, નારિયેળ વગેરે શ્રદ્ધાથી ચડાવે તેનો સ્વીકાર કરી લેવાનો, બાકી રોકડ કે બીજી ચીજોની પ્રેમથી ના પાડી દેવાની. શ્રદ્ધાળુઓનો અતિ આગ્રહ હોય તો આ મંદિરોએ પોતે બનાવેલી હૉસ્પિટલો, શિક્ષણ સંસ્થાઓ કે બીજાં જનકલ્યાણની સંસ્થાઓ તરફ આ દાનને વાળી શકે પણ તેના માટે પાકી રસીદ આપવાનો નિયમ બનાવવો જોઈએ.

આ વ્યવસ્થાને અપનાવાય તો આપોઆપ જ પારદર્શકતા આવી જાય. ભારતમાં ઘણાં ધર્મસ્થાનો આ રીતે ચાલે જ છે. ગુજરાતના વીરપુરમાં આવેલું જલારામ ધામ તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. દરરોજ સેંકડો લોકોને ભોજન કરાવતા જલારામ ધામમાં કોઈ પણ પ્રકારનું દાન સ્વીકારાતું જ નથી ને છતાં કદી કોઈ વાતની ખોટ પડી નથી કે જલારામ બાપાના આંગણે આવેલો કોઈ માણસ ભૂખ્યો પાછો ગયો નથી. વીરપુર ધામ કરી શકે એ અયોધ્યા, વૈષ્ણોદેવી, તિરુપતી કે બીજાં ધર્મસ્થાનો પણ કરી જ શકે પણ કરતાં નથી કેમ કે આ મંદિરોના કારભારમાં ધનના ભૂખ્યા ગૂંચળાં વાળીને બેસી ગયા છે. તેમને ધર્મમાં રસ નથી પણ પોતાનું ઘર ભરવામાં રસ છે.

હિંદુઓએ પણ બાયલાગીરી છોડીને મરદ બનવાની જરૂર છે. ધર્મ એ કોઈનો ઠેકો નથી કે ચાર ચૌદશિયા ધર્મના નામે દુકાન ખોલીને બેસી જાય કે લોકોને લૂંટે ને આપણે ચૂપચાપ તમાશો જોયા કરીએ. અયોધ્યા, વૈષ્ણોદેવી કે બીજે જ્યાં પણ અધર્મના કાંડ થયા તેના માટે હિંદુઓની કાયરતા જવાબદાર છે. ભગવાન રામના ધામમાં થયેલી ચોરી સામે પ્રચંડ આક્રોશ પેદા થવો જોઈએ પણ તેના બદલે હિંદુઓ બે પગ વચ્ચે પૂંછડી દબાવીને બેઠા છે. આઘાત તો એ જોઈને લાગે કે, રામના ધામનો વહીવટ સ્વચ્છ રીતે ચાલે એ જોવાની જેની જવાબદારી હતી એવા ચંપત રાય જેવા લુખ્ખાઓનો બચાવ કરાઈ રહ્યો છે ને હિંદુઓને કંઈ થતું નથી.

હિંદુઓએ આ કાયરતા છોડવી પડે ને ભગવાન કૃષ્ણે ગીતામાં આપેલા ઉપદેશને અનુસરીને અધર્મ સામે લડવું પડે. સોશિયલ મીડિયા પર મુસલમાનોને ગાળો દેવી કે કોઈ ફિલ્મમાં પાકિસ્તાની આતંકવાદી હિંદુઓને કાયર ગણાવે ને હીરો તેને મારી નાંખે ત્યારે ઝૂમીને સીટીઓ મારવી એ હિંદુત્વ નથી. ધર્મના નામે અધર્મ કરનારા સામે સામી છાતીએ લડવું. તેમને તેમનાં કુકર્મોની સજા અપાવવી એ અસલી ધર્મ છે, અસલી હિંદુત્વ છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ, બુધવાર, તા. ૧૫-૭-૨૦૨૬,
કચ્છી હાલારી સંવત ૨૦૮૩ (આષાઢી વષારંભ), ચંદ્રદર્શન

- ભારતીય દિનાંક ૨૪, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અષાઢ સુદ -૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અષાઢ, તિથિ સુદ-૧
- પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી ગાથા-૫ વહિશ્તોઇશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧લો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર પુષ્ય રાત્રે ક. ૨૧-૪૬ સુધી, પછી આશ્લેષા
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૨-૫૦, મધ્ય રાત્રે ક. ૦૦-૪૨
- ઓટઃ રાત્રે ક. ૧૯-૦૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, અષાઢ શુક્લ-પ્રતિપદા. કચ્છી હાલારી સંવત ૨૦૮૩ (આષાઢી વષારંભ), ચંદ્રદર્શન ઉત્તર શૃંગોન્નતિ, મું. ૩૦. સામ્યાર્ઘ, ઈષ્ટિ, મનોરથ દ્વિતીયા (બંગાળ), સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુ, વાહન અશ્વ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ આષાઢ શુક્લ પક્ષમાં (તા. ૧૫-૭-૨૦૨૬ થી તા. ૨૯-૭-૨૦૨૬) ચોથનો ક્ષય, નવમીની વૃદ્ધિ થાય છે. આમ કુલ દિવસ ૧૫ છે. આષાઢ કૃષ્ણપક્ષ (તા. ૩૦-૭-૨૦૨૬ થી તા. ૧૨-૮-૨૦૨૬)માં તેરસનો ક્ષય છે. દિવસ કુલ-૧૪ છે. આમ આ માસમાં ૨૯ દિવસ છે. તા. ૨૯મી આષાઢ સુદ પૂનમ, ગુરુ પૂર્ણિમા, વ્રતની પૂનમ, મન્વાદિ તિથિ છે. પૂનમનું ચંદ્રગ્રહણ નથી. તા. ૧૨-૮-૨૦૨૬, આષાઢ વદ અમાસ દિવાસાનું જાગરણ, દીપપૂજા, દીપદાનનો મહિમા છે. આષાઢ અમાસનું સૂર્યગ્રહણ ભારતમાં નહીં દેખાય. વર્ષાઋતુના આ માસમાં તહેવારો અને ઉત્સવો, પર્વો, વ્રતો ભરપૂર છે. તા. ૨૫-૭-૨૦૨૬ના રોજ દેવશયની એકાદશી, ચાતુર્માસનો પ્રારંભ, પંઢરપુર યાત્રા. સૌરાષ્ટ્રમાં મોળાકત પ્રારંભ થાય છે, સૌરાષ્ટ્રમાં મોળાકતનું જાગરણ તા. ૨૯મીએ અને તા. ૩૦મીએ પારણાં છે. તા. ૨૭-૭-૨૦૨૬ના રોજ ગુજરાતમાં મોળાકત અને જયાપાર્વતી વ્રતનો પ્રારંભ થાય છે અને તા. ૩૧મીએ વ્રતનું જાગરણ તથા હિંડોળા પ્રારંભાય છે તથા તા. ૧-૮-૨૦૨૬ના રોજ ગુજરાતમાં વ્રતના પારણા છે. તા. ૧૬-૭-૨૦૨૬ના રોજ સૂર્યનારાયણ કર્કમાં પ્રવેશે છે. સંક્રાંતિ પુણ્યકાળ સૂર્યોદયથી સૂર્યાસ્ત છે. તીર્થયાત્રા તીર્થસ્નાન, જપ, તપ, કાર્યો, તર્પણ માટે શ્રેષ્ઠ સમય છે. તા. ૪-૮-૨૦૨૬ના રોજ મંગળ-અશ્વિની અમૃતસિદ્ધિ યોગ (પ્રવેશે વર્જ્ય) રાત્રે ક. ૨૧-૫૩ થી સૂર્યોદય સુધી છે.તા. ૮-૮-૨૦૨૬ના રોજ શનિ-રોહિણી અમૃતસિદ્ધિ યોગ (પ્રયાણે વર્જ્ય છે.) સૂર્યોદયથી સાંજે ક. ૧૬-૫૦ સુધી છે. આ માસમાં તા. ૨૬-૭-૨૦૨૬ અને તા. ૧૦-૮-૨૦૨૬ના રોજ પ્રદોષ વ્રત છે.
- આચમનઃ ચંદ્ર-ગુરુ યુતિ વેપારમાં પ્રગતિ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ પ્રવાસી, ચંદ્ર-શનિ ત્રિકોણ દૃઢ નિશ્ચયી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ યુતિ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-શનિ ત્રિકોણ (તા. ૧૬)
- ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-વૃષભ, વક્રી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## આજથી ભારતની ૯૯ ટકા પેદાશોને બ્રિટનની બજારમાં ડ્યૂટી-ફ્રી એન્ટ્રી

### બંને દેશ વચ્ચેના મુક્ત વેપાર કરારનો આજથી અમલ

નવી દિલ્હીઃ ભારત અને બ્રિટન વચ્ચે મુક્ત વ્યાપાર કરાર (એફટીએ)નો આજથી અમલ થવાનો છે અને આને પગલે ભારતથી બ્રિટન મોકલવામાં આવતી તમામ નિકાસ પર કોઈ ઇમ્પોર્ટ ડ્યૂટી લાદવામાં આવશે નહીં. સરકારે જણાવ્યું કે આ ઐતિહાસિક કરારથી ભારતના ૯૯ ટકા ઉત્પાદનોને બ્રિટનના બજારમાં ડ્યૂટી-ફ્રી (જકાત મુક્ત) પ્રવેશ મળી શકશે.ભારત અને બ્રિટન વચ્ચે થયેલા આ કરારથી ખેડૂતો, એમએસએમઇ, સ્ટાર્ટ-અપ્સ અને આયાતકારો માટે નવી તકો ઊભી થશે. એટલું જ નહીં, બ્રિટનમાં કામ કરી રહેલા ભારતીયોને 'ડબલ કોન્ટ્રિબ્યુશન કન્વેન્શન' હેઠળ નેશનલ ઇન્શ્યોરન્સમાં પણ મુક્તિ મળશે. ભારત અને બ્રિટન વચ્ચે થયેલા આ ઐતિહાસિક કરાર બાદ દેશના ૯૯ ટકા ઉત્પાદનોને ડ્યૂટી-ફ્રી બજાર મળી શકશે. જેમાં સૌથી વધુ ટેક્સટાઇલ અને ગારમેન્ટ, લેધર ઇન્ડસ્ટ્રી (ચર્મ ઉદ્યોગ), દરિયાઈ ઉત્પાદનો (સી-ફૂડ) અને પ્રોસેસ્ડ ફૂડ, એન્જિનિયરિંગ સામાન અને આઇટી સર્વિસિસ જેવા અનેક ક્ષેત્રોને મોટો ફાયદો થશે. ■

## ભારતીયો ચાઈનીઝ પ્રોડક્ટ્સના પ્રેમમાંઃ ચીનથી આયાત ૨૧.૮ ટકા વધી

બેઇજિંગઃ ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં ચીનની ભારતમાં આયાત ૨૧.૮ ટકા વધીને ૭૯.૪૧ અબજ ડોલર થઈ, જ્યારે ચીનમાં ભારતીય નિકાસ ૩૭.૨ ટકા વધીને ૧૨.૩૧ અબજ ડોલર થઈ, એમ મંગળવારે ચીની કસ્ટમ્સ દ્વારા જાહેર કરાયેલા ડેટામાં જણાવાયું હતું.

છ મહિનામાં દ્વિપક્ષી વેપાર વધીને અબજ ડોલર થયો, જે ૨૩.૬ ટકાનો વધારો દર્શાવે છે, કારણ કે બંને બાજુ વેપારનું પ્રમાણ વધ્યું છે. ભારત માટે મુખ્ય ચિંતાનો વિષય, વેપાર ખાધ, વર્ષના પ્રથમ છ મહિનામાં ૬૭.૧ અબજ ડોલર થઈ ગઈ કારણ કે ચીની નિકાસમાં વધારો ચાલુ રહ્યો. ચીની કસ્ટમ્સ ડેટા મુજબ, ચીનની ભારતમાં નિકાસ ૭૯.૪૧ અબજ ડોલર થઈ, જ્યારે ભારતમાંથી તેની આયાત ૩૭.૨ ટકા વધીને ૧૨.૩૧ અબજ ડોલર થઈ. ચીન દ્વારા ભારતમાં નિકાસ કરવામાં આવતા મુખ્ય ઉત્પાદનોમાં ઇલેક્ટ્રિકલ અને ઇલેક્ટ્રોનિક ઉપકરણોનો સમાવેશ થાય છે, જેમાં ટેલિકોમ ગિયર, સ્માર્ટફોન/પીસીબી ભાગો, સેમિકન્ડક્ટર, લિથિયમ-આયન બેટરી, ચાર્જર, સર્વર, કેબલ, ઔદ્યોગિક મશીનરી અને કમ્પ્યુટર, કાર્બનિક રસાયણો, પ્લાસ્ટિક અને પોલિમરનો સમાવેશ થાય છે. ચીનના કસ્ટમ ડેટા મુજબ, ચીનમાં સૌથી ઝડપથી વિકસતી ભારતીય નિકાસમાં પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ (પીસીબી), ઓલેડ/ડિસ્પ્લે મોડ્યુલ્સ, રિફાઇન્ડ પેટ્રોલિયમ અને લાઇટ નેપ્થાનો સમાવેશ થાય છે. ■

## પ્રજામત

### મુંબઈ સમાચારને ૨૦૫મા વર્ષમા પ્રવેશ માટે અભિનંદન

ભારતના અને એશિયાના એકમાત્ર સૌથી જૂના અને ગુજરાતી વાચકોના લોકપ્રિય અનમોલ અખબાર મુંબઈ સમાચારને ૨૦૪ વર્ષ પૂર્ણ કરીને ૨૦૫મા વર્ષમા મંગલ પ્રવેશ કરવા બદલ ખૂબ-ખૂબ અભિનંદન. જામનગરની અને ભારતની ત્રણ સદી જૂની એકમાત્ર પ્રતિષ્ઠિત પેઢી ટોપણ માધવજી કાગદી સૌના પ્રિય, નીડર અને અનમોલ અખબાર મુંબઈ સમાચારને શુભેચ્છા પાઠવતાં ગૌરવની લાગણી અનુભવે છે. મુંબઈ સમાચાર આમ જ પોતાની ઐતહાસિક સફર જાળવી રાખીને અવિરત પ્રગતિના પંથે આગળ વધતું રહે એવી જ હાર્દિક શુભકામનાઓ.

**- અનિલ બી. સરૈયા** (ટોપણ માધવજી કાગદી)
જામનગર

### મિત્ર-મિત્રતા

- મિત્રનો અનુગ્રહ થાય તો સર્વ સમૃદ્ધિઓનું ફળ મળે છે.
- મૈત્રી એ સુખનો ગુણાકાર છે અને દુખનો ભાગાકાર છે.
- મૈત્રી હંમેશાં સરખા સ્વભાવ અને સરખા સુખ, દુખવાળાઓની સાથે થાય છે.
- બુદ્ધિમાન માણસે મિત્રતા અને શત્રુતા બન્નેમાં દુર્જનનો ત્યાગ કરવો જોઈએ.
- દુર્જનોની મિત્રતા કરતાં ઉત્કર્ષ લાવનારા સત્પુરુષો સાથેનો વિરોધ પણ વધારે સારો.
- મિત્રો જ જ્યારે મિત્રને બરબાદ કરે છે, હૈયું દિલેર દુશ્મનોને યાદ કરે છે.
- જીવનમાં મિત્રતાથી અધિક પ્રસન્નતા બીજી કોઈ નથી.
- મિત્રોની ભૂલ એકાંતમાં બતાવો, પણ વખાણ જાહેરમાં કરો.

**- હર્ષદ દડિયા, ઘાટકોપર (ઇસ્ટ)**

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

## શાળામાં ત્રણ ભાષાની નીતિઃ સુપ્રીમ કોર્ટે જવાબ માગ્યો

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે નવમા ધોરણના વિદ્યાર્થીઓને બે દેશી ભાષા સહિત કુલ ત્રણ ભાષા શીખવાનું ફરજિયાત બનાવતી એજ્યુકેશન બોર્ડની નીતિને પડકારતી વધુ બે અરજી પર સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) અને નેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશનલ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ (એનસીઈઆરટી) પાસેથી જવાબ માગ્યો છે. કેન્દ્ર અને બીજાઓને દસ દિવસની અંદર જવાબ આપવાની નોટિસ સર્વોચ્ચ અદાલતે આપી હતી. (એજન્સી) ■

## રામમંદિરમાંથી ત્રણેક કરોડની ચોરી થઈ હશેઃ કોષાધ્યક્ષ

નવી દિલ્હીઃ ટ્રસ્ટના ભૂતપૂર્વ મહાસચિવ ચંપત રાયનાં રાજીનામાં અંગે બોલતાં કોષાધ્યક્ષે કહ્યું હતું કે ચંપતરાયે રાજીનામું આપવું પડ્યું તે તેમની બેદરકારીનું પરિણામ છે. ચંપત રાયે કોઈના દબાણ હેઠળ નહીં, પરંતુ પોતાની મરજીથી રાજીનામું આપ્યું હતું એમ જણાવી તેમણે સ્પષ્ટતા કરી હતી કે દાનનાં ભંડોળની વ્યવસ્થાની જવાબદારી ચંપત રાયે અનિલ મિશ્રાને સોંપી હતી અને આ સંપૂર્ણ પ્રક્રિયામાં તેમની કોઈ જ ભૂમિકા નહોતી.તેમણે કહ્યું હતું કે દાનમાં મળેલી રકમની ગણતરી સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ કરવામાં આવી હતી ત્યાર બાદ આ રકમને અન્યત્ર લઈ ગેરરીતિ આચરવામાં આવી હતી. ગોવિંદ ગિરિ મહારાજે સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા સામે સવાલ ઉઠાવતાં કહ્યું હતું કે એસબીઆઈએ જાતે જ પોતાનો નિરીક્ષક રાખવો જોઈતો હતો અને શિસ્તનું પાલન કરવું જોઈતું હતું.

પ્રસારમાધ્યમમાં દર્શાવવામાં આવતા દાનચોરીનાં આંકડા વધારે પડતા હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે આ રકમ અંદાજે ત્રણ કરોડ રૂપિયા જેટલી જ હશે. ■

## લેખિકા તસલિમા નસરીન ૨૦ વર્ષ બાદ કોલકાતા આવશે

કોલકાતાઃ બે વર્ષ પહેલાં તેમના લખાણ સામે હિંસક પ્રદર્શન થતાં કોલકાતા છોડી દેનાર તસલિમા નસરીન આવતા મહિને એક કાર્યક્રમમાં ભાગ લેવા વીસ વર્ષ બાદ કોલકતા આવશે. આ ભાજપ સરકાર માટે એક રાજકીય પ્રતિકાત્મક ક્ષણ છે. નસરીને સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ મૂકી હતી અને કહ્યું હતું કે પહેલી ઑગસ્ટે હું ઉદ્દામવાદવિરોધી સાહિત્ય કાર્યક્રમમાં ભાગ લેવા રવિન્દ્ર સદનમાં આવીશ અને કાવ્યપઠન કરીશ. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### વૈષ્ણોદેવી મંદિરમાં

અજાણ્યા વ્યક્તિઓ સામે એફઆઇઆર નોંધવાની માંગ કરી હતી. તેમણે ગુનાહિત કાવતરું, છેતરપિંડી, ગુનાહિત વિશ્વાસ ભંગ, ઉચાપત, ભેળસેળ, ચાંદીને બદલવા અને સત્તાવાર રેકોર્ડમાં હેરફેર કરવાનો આરોપ લગાવ્યો હતો. ફરિયાદમાં ચઢાવવામાં આવેલી ચાંદીમાં ઝેરી કેડમિયમની હાજરી અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થતાં ક્રાઇમ બ્રાન્ચે એક સ્ટેટસ રિપોર્ટ રજૂ કર્યો હતો જેમાં જણાવાયું હતું કે ફરિયાદને યોગ્ય કાર્યવાહી માટે શ્રીનગરમાં આવેલા ક્રાઇમ હેડક્વાર્ટર અને બાદમાં જમ્મુમાં ઝોનલ પોલીસ હેડક્વાર્ટરને મોકલવામાં આવી છે. જોકે, ફરિયાદીએ દલીલ કરી હતી કે ફક્ત ફરિયાદ ફોરવર્ડ કરવાથી એફઆઇઆર નોંધવાની કાનૂની જવાબદારી પૂર્ણ થતી નથી, ખાસ કરીને જ્યારે ઓળખી શકાય તેવા ગુનાઓની જાણ થઈ કોર્ટે હવે ક્રાઇમ બ્રાન્ચના તપાસ અધિકારીને આગામી સુનાવણીની તારીખે ફરિયાદ સંબંધિત સમગ્ર રેકોર્ડ સાથે રૂબરૂ હાજર રહેવાનો નિર્દેશ આપ્યો છે.

કોર્ટમાં દાખલ કરાયેલા તેમના વાંધામાં શર્માએ દલીલ કરી હતી કે ૯ મે અને ૧૩ મે, ૨૦૨૬ના રોજ ક્રાઇમ બ્રાન્ચમાં ફરિયાદો દાખલ કરવા છતાં કોઈ એફઆઇઆર નોંધવામાં આવ્યો ન હતો અને તપાસ માટે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા ન હતા.

તેમણે દલીલ કરી હતી કે સ્ટેટસ રિપોર્ટમાં એ નથી જણાવાયું કે શું પ્રારંભિક તપાસ શરૂ કરવામાં આવી હતી, શું રેકોર્ડ જપ્ત કરવામાં આવ્યા હતા, સીસીટીવી ફૂટેજ સાચવવામાં આવ્યા હતા, સાક્ષીઓની પૂછપરછ કરવામાં આવી હતી, કે ફોરેન્સિક તપાસ હાથ ધરવામાં આવી હતી. ફરિયાદીના મતે, રિપોર્ટમાં દર્શાવવામાં આવેલી એકમાત્ર કાર્યવાહી વિવિધ પોલીસ કચેરીઓ વચ્ચે ફરિયાદ મોકલવાની હતી. ■

### ભીષણ મહાયુદ્ધ

છે. યમનની અન્સારુલ્લાહ મુવમેન્ટે જણાવ્યું હતું કે અમે હોર્મુઝ ખાડીની સાથે બાબ અલ-મંડાબ સામુદ્રધુની પણ બંધ કરાવીશું અને તેને લીધે ખનિજ તેલનો ભાવ વધીને બેરલ દીઠ ૨૦૦ ડૉલર થઇ જશે.

અગાઉ, ટ્રમ્પે જણાવ્યું હતું કે અમે હોર્મુઝ ખાડીમાં ઇરાનના જહાજો પરનો પ્રતિબંધ ફરી લાદ્યો છે. અમેરિકા આ સામુદ્રધુનીમાંથી અન્ય દેશોનાં જહાજો સલામત રીતે પસાર થવા દેવા માટે ચાર્જ વસૂલ કરશે.

અમેરિકાનાં લશ્કરના સેન્ટ્રલ કમાંડે જણાવ્યું હતું કે અમે અબુ મુસા, બંદર અબ્બાસ, બુશેહર, ચાહબહાર, જસ્ક અને કોનારક તેમ જ તેની આસપાસના વિસ્તાર પર હુમલા કર્યા હતા. આ હુમલામાં ઇરાનના કાંઠા પરની ડિફેન્સ સિસ્ટમ્સ, મિસાઇલ અને ડ્રોન સાઇટ્સ અને નૌકાદળને લક્ષ્ય બનાવાયાં હતાં.

અમેરિકાએ ઇરાનમાં અનેક ઠેકાણે કરેલા હુમલામાં મરનારા લોકોનો આંકડો તાત્કાલિક જાહેર નહોતો કરાયો.

યુએઇના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે ઇરાને મંગળવારે પરોઢિયે હોર્મુઝ ખાડીમાંનાં અમારાં બે ટૅન્કર પર હુમલો કર્યો હતો અને તેમાં એક ખલાસી માર્યો ગયો હતો તેમ જ અન્ય આઠ ખલાસી ઘાયલ થયા હતા.

સંયુક્ત આરબ અમીરાતે જણાવ્યું હતું કે ઇરાને બે ટૅન્કર - મોમ્બાસા અને અલ બહિયાહ પર ક્રૂઝ મિસાઇલ્સથી હુમલો કરતા આ બન્ને ટૅન્કર પર ભીષણ આગ લાગી હતી.

બાહરીનમાં મંગળવારે નાગરિકોને સલામત સ્થળે જતાં રહેવાની ચેતવણી આપતી સાઇરન બે વખત વાગી હતી. ઇરાને બાહરીન પર કરેલા હુમલામાં જાનમાલને થયેલી હાનિની વિગત તાત્કાલિક જાહેર નહોતી કરાઇ.

દુબઈ પર મંગળવારે સવારે અનેક યુદ્ધ વિમાન ઊડતાં જોવાં મળ્યાં હતાં.

અબુ ધાબીમાંની અમેરિકાની એમ્બસી અને દુબઈમાંની અમેરિકી કૉન્સ્યુલેટમાંની (વિઝા માટેની) અપોઇન્ટમેન્ટ્સ બુધવાર સુધી રદ કરાઇ હતી. જોર્ડને ઇરાનના ચાર મિસાઇલ તોડી પાડ્યા હોવાનો દાવો કર્યો હતો. (એજન્સી) ■

### હોર્મુઝના હુમલામાં

ભારતીય ક્રૂ મેમ્બરનું આ હુમલામાં મોત થયું હતું અને છ ભારતીય સહિત આઠ જણ ઘાયલ થયા હતા, એમ યુએઇના સંરક્ષણ ખાતાએ જણાવ્યું હતું.

આ ઘટનાને પગલે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ વધુ ઘેરો બને તેવી શક્યતા છે. ઘાયલ આઠ જણમાંથી ચારની હાલત ગંભીર હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

ઈજાગ્રસ્તોમાં છ ભારતીય અને બે યુક્રેનિયન નાગરિકનો સમાવેશ થાય છે, એમ તેમણે કહ્યું હતું.

યુએઇસ્થિત ભારતીય એલચી કચેરીએ આ કરુણાંતિકા અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે આકાર લઈ રહેલી પરિસ્થિતિ પર અમે ચાંપતી નજર રાખી રહ્યા છીએ અને સ્થાનિક વહીવટકર્તાઓ સાથે અમે સંપર્કમાં છીએ.

ઈજાગ્રસ્તોના પરિવારજનોને સંભવિત તમામ સહાય પૂરી પાડવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### જથ્થાબંધ ફુગાવો

અને રસાયણો અને રાસાયણિક ઉત્પાદનોનું ઉત્પાદન જૂન ૨૦૨૬માં ડબલ્યુપીઆઈ ફુગાવાના મુખ્ય ડ્રાઇવરો રહ્યા છે.''

ડબલ્યુપીઆઈની ગણતરી માટેનું મૂળ વર્ષ ૨૦૨૨-૨૩ છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા મંગળવારે જાહેર કરાયેલા આંકડા દર્શાવે છે કે જૂનમાં ઇંધણ અને વીજળીમાં જથ્થાબંધ ફુગાવો ૨૭.૪૧ ટકા હતો, જે મે મહિનામાં ૩૦.૩૩ ટકા હતો.

ખાદ્ય પદાર્થોમાં ફુગાવો જૂનમાં ૫.૪૯ ટકા હતો, જે મે મહિનામાં ૩.૬૦ ટકા હતો.

બિન-ખાદ્ય પદાર્થોમાં ડબલ્યુપીઆઈ ફુગાવો જૂનમાં ૧૧.૦૭ ટકા હતો, જ્યારે ખનિજોમાં તે ૯.૪૫ ટકા હતો. ■

### છોકરાઓ છે સારા

યુટ્યુબર સમય રાઇના અને અન્ય ચાર લોકોને ત્રણ-ત્રણ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આ દંડ તેમના શોમાં દિવ્યાંગો પર અસંવેદનશીલ ટિપ્પણી કરવા સાથે જોડાયેલા કેસમાં કોર્ટના આદેશોનો ભંગ કરવા બદલ ફટકાર્યો છે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યકાન્ત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને વી મોહન્નાની બેન્ચે આ આદેશ આપ્યો હતો. કોર્ટના ધ્યાનમાં આવ્યું હતું કે રાઇનાએ તેમના શોમાં કોઈપણ દિવ્યાંગ વ્યક્તિઓને આમંત્રણ આપ્યું ન હતું. જ્યારે કોર્ટે અગાઉ આ અંગે નિર્દેશ આપ્યા હતા. કોર્ટ 'ક્યોર એસએમએ ઇન્ડિયા ફાઉન્ડેશન' દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી કરી રહી હતી. જેમાં રાઇના પર 'સ્પાઇનલ મસ્ક્યુલર એટ્રોફી'ની સારવારના ઊંચા ખર્ચ અંગે અસંવેદનશીલ ટિપ્પણી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. રાઇના પર આવી દિવ્યાંગ વ્યક્તિની મજાક ઉડાવવાનો પણ આરોપ છે.

આ અરજીમાં દિવ્યાંગ લોકોના જીવન અને ગૌરવનું ઉલ્લંઘન કરનારા આવા ઓનલાઈન કન્ટેન્ટના પ્રસારણ માટે નિયમ બનાવવાની માંગ કરતી અરજી દાખલ કરી હતી. ■

### નમાજ માટે

આ સ્થળે માળખામાં કોઇ ફેરફાર કરી નહિ શકે. તેણે ભોજશાળાનું પ્રકરણ સંવેદનશીલ હોવાથી હિંદુ અને મુસલમાનોને શાંતિ જાળવવા અપીલ કરી હતી.

બૅન્ચે જણાવ્યું હતું કે અમે આ કેસની સુનાવણી દરરોજ કરીને તેને જલદી ઉકેલવા તૈયાર છીએ.

ધાર જિલ્લામાં વિવાદાસ્પદ ભોજશાળા સંકુલની જગ્યાએ દેવી સરસ્વતીનું મંદિર હોવાનું કહેતા મધ્ય પ્રદેશ વડી અદાલતના આદેશને સર્વોચ્ચ અદાલતમાં પડકારતી અરજીઓની સુનાવણી ચાલી રહી છે.

બૅન્ચે જણાવ્યું હતું કે આ કેસ ઘણો જ સંવેદનશીલ હોવાથી તેમાં બન્ને પક્ષે રજૂઆત કરતી વખતે બહુ જ ધ્યાન રાખવું જરૂરી છે. અદાલતમાં જે કંઇ કહેવાય તેનાથી બિનજરૂરી વિવાદ ઊભો થવો ન જોઇએ.

અગાઉ, મુસલમાનો વતી સર્વોચ્ચ અદાલતમાં આ કેસ લડી રહેલા વકીલ હુઝેફા અહમદી અને વકીલ નિઝામ પાશાએ સંબંધિત અરજીઓની જલદી સુનાવણી કરવા વિનંતિ કરી હતી. (એજન્સી) ■

# વીમા પૉલિસી ધારકોને છેતરનારાં ત્રણ કૉલ સેન્ટરનો પર્દાફાશઃ ૧૨ની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ખાનગી હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીના પ્રતિનિધિના સ્વાંગમાં પૉલિસી હોલ્ડર્સને છેતરી નાણાં પડાવનારા મુંબઈનાં ત્રણ બોગસ કૉલ સેન્ટરનો પર્દાફાશ કરી પોલીસે ૧૨ આરોપીની ધરપકડ કરી હતી.

મુંબઈના ગોવંડી વિસ્તારમાં રહેતા ફરિયાદીએ ગયા મહિને પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે ફરિયાદીએ ખાનગી કંપની પાસે હેલ્થ ઈન્સ્યોરન્સ પૉલિસી લીધી હતી. આ કંપનીના પ્રતિનિધિના સ્વાંગમાં ઠગે ફરિયાદીનો સંપર્ક સાધ્યો હતો અને દોઢ લાખ રૂપિયાનું નો-ક્લેમ બોનસ આપવામાં આવતું હોવાનું કહ્યું હતું. જોકે આ માટે અમુક પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે, એવું જણાવ્યું હતું. વાતોમાં ભોળવી ઠગે ફરિયાદી પાસેથી તેના ક્રેડિટ કાર્ડની વિગતો મેળવી લીધી હતી. પછી વિવિધ કારણો રજૂ કરી ૩.૪૩ લાખ રૂપિયા એક બૅન્ક ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. આ પ્રકરણે ગોવંડી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન ગોવંડી પોલીસની સાયબર ટીમે કુર્લા પશ્ચિમમાં કોહિનૂર સિટી મૉલમાં ધમધમતા બોગસ કૉલ સેન્ટરને ટ્રેસ કર્યું હતું. પોલીસે કુર્લાના કૉલ સેન્ટરમાં રેઇડ કરી છ આરોપીની ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી અનેક ક્રેડિટ કાર્ડ અને બૅન્ક ખાતાને લગતી વિગતો મળી આવી હતી.

પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં અન્ય બે કૉલ સેન્ટરની માહિતી સામે આવી હતી, જેમાંથી એક એ જ મૉલમાં અને બીજું ઘાટકોપરના અસલ્ફા વિલેજમાં હોવાનું જણાયું હતું. આ બન્ને બોગસ કૉલ સેન્ટર પર કાર્યવાહી કરી પોલીસે વધુ છ આરોપીની ધરપકડ કરી હતી. આરોપીઓ છેતરાયેલા ગ્રાહકોના ક્રેડિટ કાર્ડની વિગતોની મદદથી સોનાના સિક્કા અને અન્ય કીમતી વસ્તુઓ પણ ઑનલાઈન ખરીદતા હતા. ■

# નાશિકમાં બંદૂકની ધાકે ૭૦ લાખ લૂંટ્યાઃ મહિલા સહિત ચાર જણ મુંબઈથી પકડાયાં

નાશિકઃ નાશિકના પંચવટી વિસ્તારમાં પોલીસના સ્વાંગમાં વેપારીને અંબર લાઇટ લાગેલી કારમાં બળજબરીથી બેસાડ્યા બાદ બંદૂકની ધાકે ૭૦ લાખ રૂપિયા તેમ જ મોબાઇલ લૂંટનારી ટોળકીને પોલીસે મુંબઈથી ઝડપી પાડી હતી. આરોપીઓમાં મહિલાનો પણ સમાવેશ હોઇ તેમની પાસેથી રોકડ, શસ્ત્રો તથા અન્ય મતા જપ્ત કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ૮ જુલાઇના રોજ પોલીસના સ્વાંગમાં ત્રણ આરોપીઓએ વેપારીને અંબર લાઇટ લાગેલી કારમાં બળજબરીથી બેસાડ્યો હતો. આરોપીઓએ વેપારીને બંદૂક દેખાડીને ધમકાવ્યો હતો અને તેની પાસેની ૭૦ લાખ રૂપિયા સાથેની બેગ તથા તેનો મોબાઇલ લૂંટી લેવામાં આવ્યા હતા. આરોપીઓ બાદમાં ત્યાંથી પલાયન થઇ ગયા હતા.

આ ઘટના બાદ વેપારીએ પંચવટી પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ભારતીય ન્યાય સંહિતા અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને આરોપીઓની શોધ ચલાવાઇ હતી. દરમિયાન ગુનામાં સંડોવાયેલા આરોપીઓ મુંબઈમાં હોવાની માહિતી મળતાં પોલીસની ટીમ મુંબઈ આવી પહોંચી હતી અને મહિલા સહિત ચાર જણને ઝડપી પાડ્યાં હતાં. ■

# બીએમસીની હૉસ્પિટલના શૌચાલય પાસે નવજાત બાળક મળી આવ્યું

મુંબઈઃ વિલે પાર્લેમાં આવેલી મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત કૂપર હૉસ્પિટલના આઉટપેશન્ટ ડિપાર્ટમેન્ટ (ઓપીડી) પાસેના શૌચાલયમાં એક નવજાત બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો, જેના કારણે પોલીસ તપાસમાં લાગી ગઈ હતી.

સોમવારે સાંજે આ ઘટના પ્રકાશમાં આવી હતી, જ્યારે હૉસ્પિટલની મુલાકાતે આવેલી એક મહિલા શૌચાલયમાં પ્રવેશી હતી ત્યારે તેણે ટોઇલેટ બાઉલમાંથી એક નવજાત બાળકનો હાથ બહાર નીકળતો જોયો. તેણે તાત્કાલિક હૉસ્પિટલ અધિકારીઓને આ બાબતે જાણ કરી હતી, જેના પગલે સુરક્ષા કર્મચારીઓ અને તબીબી સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયા હતા.

જુહુ પોલીસે નવજાત બાળકીને ત્યજી દેનાર વ્યક્તિની ઓળખ કરવા માટે હૉસ્પિટલ પરિસરમાંથી સીસીટીવી ફૂટેજ એકત્રિત કર્યા હતા.

પોલીસ હૉસ્પિટલના સ્ટાફની પણ પૂછપરછ કરી રહી છે અને શંકાસ્પદ વ્યક્તિઓ ઓળખવા માટે ઓપીડી વિસ્તારમાં અને તેની આસપાસના લોકોની હિલચાલની તપાસ કરી રહ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# ઉલ્હાસનગરમાં બિલ્ડરના પુત્રએ કાર હંકારીને સ્કૂટરને અડફેટમાં લેતાં શખસનું મોત

થાણેઃ થાણે જિલ્લાના ઉલ્હાસનગરમાં જાણીતા બિલ્ડર અને સ્થાનિક રાજકારણીના પુત્રએ કાર હંકારીને સ્કૂટરને અડફેટમાં લેતાં ૫૧ વર્ષના શખસનું મોત થયું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર ઉલ્હાસનગરમાં સોમવારે મળસકે ત્રણ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. આરોપીની ઓળખ અવિનાશ મુથા (૩૨) તરીકે થઇ હોઇ તે કલ્યાણ સ્થિત ઝવેરી, બિલ્ડર અને રાજકારણીનો પુત્ર છે. આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યા બાદ સોમવારે બપોરે અવિનાશની ધરપકડ કરવામાં આવી હતી. અકસ્માતમાં સંડોવાયેલી કાર જપ્ત કરવામાં આવી હતી, એમ ઉલ્હાસનગર પોલીસે જણાવ્યું હતું.

અકસ્માતમાં મૃત્યુ પામેલા શખસની ઓળખ દેવેન્દ્ર સિંહ રાજપૂત (૫૧) તરીકે થઇ હોઇ તે કલ્યાણ સ્થિત મ્હારળ ગામનો રહેવાસી હતો. દેવેન્દ્ર સ્કૂટર પર શહાડ તરફ જઇ રહ્યો હતો ત્યારે કારે તેના સ્કૂટરને અડફેટમાં લીધું હતું.

આ અકસ્માતમાં દેવેન્દ્રને ગંભીર ઇજા થઇ હતી અને બાદમાં તેનું મૃત્યુ થયું હતું. દેવેન્દ્રના પુત્રએ આ પ્રકરણે ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ઉલ્હાસનગર પોલીસે અવિનાશ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને મોટર વેહિકલ એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

અવિનાશને બાદમાં કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો અને અકસ્માતમાં સંડોવાયેલી કારને પણ જપ્ત કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# બીમ માથા પર પડતાં કર્મચારીનું મૃત્યુઃ કોન્ટ્રાક્ટર વિરુદ્ધ ગુનો

થાણેઃ નિર્માણાધીન ઈમારત પરથી લોખંડનું બીમ માથા પર પડતાં કર્મચારીનું મૃત્યુ થયું હોવાની થાણે જિલ્લામાં બનેલી ઘટનામાં પોલીસે કોન્ટ્રાક્ટર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

શિળ-ડાયઘર પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ ફિલિપ એન્ડ્રીસ ભેગરા (૧૯) તરીકે થઈ હતી. ઝારખંડનો વતની ફિલિપ ખિડકાળી વિસ્તારમાં આવેલી કન્સ્ટ્રક્શન સાઈટ ખાતે જ રહેતો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ૧૧ જુલાઈની સાંજે કામ પતાવીને ફિલિપ સાઈટ નજીક પસાર થતો હતો ત્યારે ઊપલા માળ પરથી લોખંડનું બીમ તેના માથા પર પડ્યું હતું. ગંભીર ઇજાને કારણે ફિલિપનું મોત નીપજ્યું હતું.

ફિલિપના કઝિને નોંધાવેલી ફરિયાદને આધારે શિળ-ડાયઘર પોલીસે બિલ્ડિંગના કન્સ્ટ્રક્શન કોન્ટ્રાક્ટર પ્રતીક પટેલ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૦ અને ૧૦૬(૧) હેઠળ ગુનો નોંધ્યો હતો.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે સાઈટ પર કોન્ટ્રાક્ટર દ્વારા સુરક્ષાનાં જરૂરી પગલાં લેવાયાં નહોતાં. કર્મચારીઓને સુરક્ષાનાં સાધનો પૂરાં પાડ્યા વિના જ તેમને કામ સોંપવામાં આવ્યું હતું.

આ પ્રકરણે મંગળવારની મોડી સાંજ સુધી કોઈની ધરપકડ કરાઈ નહોતી. મામલાની વધુ તપાસ કરવામાં આવી રહી છે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■



## આજે સમયસર આયોજન કરશો તો આવતીકાલે તમારા બાળકને વધુ સ્વતંત્રતા મળશે

**શ્રી રાજીવ શ્રીવાસ્તવ, ઝોનલ ડિરેક્ટર - વેસ્ટ, એસબીઆઈ લાઈફ ઇન્શ્યોરન્સ**

દરેક બાળકનું એક સ્વપ્ન હોય છે. કોઈ વિદેશની યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા ઇચ્છે છે, કોઈ પોતાનો વ્યવસાય શરૂ કરવા માગે છે, કોઈ પોતાની સર્જનાત્મક પ્રતિભાને આગળ વધારવા માગે છે, તો કોઈ પોતાની આગવી ઓળખ ઊભી કરે તેવો માર્ગ પસંદ કરવા માગે છે. દરેક સ્વપ્ન પાછળ એક સફર હોય છે અને એ સફરની સફળતા માટે માતા-પિતા ઘણી વખત શાંતિથી અને આગોતરું આયોજન કરતાં હોય છે, જેથી ભવિષ્યમાં મળનારી તકનો લાભ બાળક લઈ શકે.

જેમ-જેમ બાળકો મોટાં થાય છે તેમ-તેમ તેમની મહત્ત્વાકાંક્ષાઓ પણ બદલાતી રહે છે. માતા-પિતા માટે બાળકની સાથે રહેવાનો અર્થ માત્ર તેના વર્તમાનની રક્ષા કરવાનો નથી, પરંતુ તેના ભવિષ્યના નિર્ણયો માટે મજબૂત પાયો તૈયાર કરવાનો પણ છે. કારણ કે ઘણી વખત માતા-પિતા પોતાના બાળકને સૌથી મોટી ભેટ તેના ભવિષ્યનો નિર્ણય કરીને નથી આપતા, પરંતુ તેને પોતાનું ભવિષ્ય પોતાની રીતે પસંદ કરવાની સ્વતંત્રતા આપીને આપે છે.

બાળકના જીવનના ઘણા મહત્ત્વપૂર્ણ તબક્કા જન્મના ઘણાં વર્ષો પછી આવે છે, જેમ કે ઉચ્ચ શિક્ષણ, કૌશલ્ય વિકાસ, કારકિર્દીની પસંદગી વગેરે.

નાણાકીય આયોજન ત્યારે સૌથી વધુ અસરકારક બને છે જ્યારે તેની માટે પૂરતો સમય મળે. વહેલી શરૂઆત કરવાથી માતા-પિતા ધીમે-ધીમે તૈયારી કરી શકે છે અને લક્ષ્ય નજીક આવે ત્યારે એકસાથે મોટી નાણાકીય જવાબદારીનો બોજ ઉઠાવવાની જરૂર પડતી નથી.

**વહેલું આયોજન માતા-પિતાને નીચેના લાભ મળી શકે છેઃ**

- નિયમિત બચત દ્વારા ભવિષ્ય માટે સારું એવું ભંડોળ તૈયાર કરવામાં મદદ કરે છે.
- જીવનના મહત્ત્વપૂર્ણ તબક્કાઓનો વધુ આત્મવિશ્વાસ સાથે સામનો કરવામાં મદદ કરે છે.

બાળકનાં સ્વપ્નો સાકાર થવામાં હજુ ઘણા વર્ષો બાકી હોઈ શકે છે, પરંતુ તેની તૈયારી આજથી જ શરૂ કરી શકાય છે. સમય જતાં શિક્ષણનો ખર્ચ, નવી તકો અને જીવનનાં લક્ષ્યોમાં વધારો થતો રહે છે. આવી સ્થિતિમાં વહેલું આયોજન કરવાથી માતા-પિતાને ધીમે-ધીમે જરૂરી નાણાકીય તૈયારી કરવાની વધુ તક મળે છે.

બાળકના ભવિષ્યના મહત્ત્વપૂર્ણ તબક્કાઓ માટે તૈયારી કરવાની એક અસરકારક રીત ચાઇલ્ડ ઇન્શ્યોરન્સ પ્લાન છે. લાંબા ગાળાના લક્ષ્ય આધારિત આયોજનને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલા આવા પ્લાન માતા-પિતાને બાળક માટે અલગથી નાણાકીય પાયો તૈયાર કરવામાં મદદ કરે છે. સાથે જ તે નિયમિત બચત અને નાણાકીય સુરક્ષાનું સંયોજન પણ આપે છે.

# જેલના રસોડામાં આગ લાગતાં બે કેદી દાઝ્યા

થાણેઃ થાણે જિલ્લામાં આવેલી આધારવાડી જેલના રસોડામાં મંગળવારે બપોરે આગ લાગતાં બે કેદી દાઝી ગયા હતા. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર અગ્નિશમન દળના જવાનો જેલમાં પહોંચે એ પહેલા જ ફાયર સુરક્ષાનાં સાધનોથી આગ બુઝાવી દેવામાં આવી હતી. આગ લાગવા પાછળનું ચોક્કસ કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું.

કલ્યાણ-ડોંબિવલી પાલિકાના આધારવાડી ફાયર સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે જેલમાં આગ લાગી હોવાની જાણ તેમને બપોરે ૧.૨૦ વાગ્યે કરવામાં આવી હતી. (પીટીઆઇ) ■






# શિંદેના સૂચન પછી થાણે પાલિકાની ગેરકાયદે હોર્ડિંગ્સ સામે ઝુંબેશ

થાણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નિર્દેશ બાદ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન (ટીએમસી)એ ગેરકાયદે હોર્ડિંગ્સ સામે ઝુંબેશ શરૂ કરી છે. શહેરમાં હોર્ડિંગ સંબંધિત થયેલા અકસ્માતના એક દિવસ પછી આ સૂચન આવ્યું હતું.

મંગળવારે શિંદેના કાર્યાલય દ્વારા જારી કરવામાં આવેલી જાણકારી અનુસાર થાણેના વિધાન સભ્ય શિંદેએ ટીએમસીને તાત્કાલિક તમામ ગેરકાયદે હોર્ડિંગ્સ દૂર કરવા અને શહેરનાં તમામ મોટાં જાહેરાત બિલબોર્ડનું માળખાકીય ઓડિટ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ નિર્દેશ બાદ ટીએમસીએ ગેરકાયદેસર હોર્ડિંગ્સ સામે ખાસ ઝુંબેશ શરૂ કરી હોવાનું જણાવાયું છે.

૧૩ જુલાઈએ ફૂટ ઓવરબ્રિજ પરથી એક વિશાળ બર્થડે બેનર તૂટી પડવાની ઘટનાની ગંભીર નોંધ લઈ નાયબ મુખ્ય પ્રધાનએ થાણે મ્યુનિસિપલ કમિશનર સાથે વાત કરી અને નાગરિક વહીવટીતંત્રને અનધિકૃત હોર્ડિંગ્સ સામે તાત્કાલિક ઝુંબેશ શરૂ કરવા સૂચના આપી હતી. હોર્ડિંગ અકસ્માતમાં વાહનચાલકો સહેજ માટે બચી ગયા હતા.

નાયબ મુખ્ય પ્રધાનએ એવો પણ આદેશ આપ્યો છે કે ચાલુ ચોમાસા દરમિયાન આવા અકસ્માતો ફરી ન થાય તે માટે તમામ મોટાં હોર્ડિંગ્સનું સ્ટ્રક્ચરલ ઓડિટ પ્રાથમિકતાના આધારે કરવામાં આવે, કારણ કે ભારે પવન અને ભારે વરસાદ આવાં હોર્ડિંગ્સને નબળા બનાવી શકે છે. (પીટીઆઈ) ■

# દૂધ પાઉડરના ગેરકાયદે વેચાણ બદલ ધારાશિવ ટ્રેડિંગ ફર્મ સામે કાર્યવાહી, આરોપીઓની સંખ્યા વધીને છ થઈ

ધારાશિવઃ મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)એ ધારાશિવ જિલ્લામાં એક ટ્રેડિંગ કંપની પર નિયમોનું ઉલ્લંઘન કરીને ડેરીઓને દૂધનો પાઉડર વેચવાના આરોપમાં દરોડા પાડ્યાના એક અઠવાડિયા પછી, આ કેસમાં આરોપીઓની સંખ્યા છ થઈ છે અને તેમાંથી કોઈની પણ હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી, એમ પોલીસે જણાવ્યું હતું.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું કે ટ્રેડિંગ કંપનીના માલિક, જે હજુ પણ ફરાર છે, તેણે ગત નાણાકીય વર્ષમાં રૂ. ૪.૬૯ કરોડનો દૂધ પાઉડર ખરીદ્યો હતો. ગયા અઠવાડિયે ધારાશિવના ભૂમ પોલીસ સ્ટેશનમાં મધુબન ટ્રેડિંગ કંપનીના માલિક બાળાસાહેબ ગોડગે વિરુદ્ધ ડેરીઓને ગેરકાયદેસર રીતે દૂધનો પાઉડર વેચવા બદલ ગુનો નોંધવામાં આવ્યો હતો. એફડીએ એ ૭ જુલાઈના રોજ પરિસરમાં દરોડા પાડ્યા હતા અને ટ્રેડિંગ કંપનીના બિલની તપાસ કરી હતી. ભૂમ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ શ્રીગણેશ કાનગુડેએ જણાવ્યું હતું કે, આ કેસમાં આરોપીઓની સંખ્યા હવે છ પર પહોંચી ગઈ છે અને અત્યાર સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. આ કેસમાં આરોપીઓને બિનજામીનપાત્ર કલમ સાથે પકડવા માટે ચાર સભ્યોની તપાસ ટીમની રચના કરવામાં આવી છે. ■

# ગઢચિરોલીમાં દર્દીને ખાટલા પર હૉસ્પિટલ લઈ જવાયો

ગઢચિરોલીઃ મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં ગ્રામજનો એક બીમાર માણસને હોસ્પિટલ પહોંચાડવા માટે ખાટલા પર લઈ જતા હોય તેવો એક વીડિયો સામે આવ્યો છે, જેને પગલે આરોગ્ય અધિકારીઓએ સ્પષ્ટતા કરવી પડી હતી કે દર્દીને સમયસર એમ્બ્યુલન્સની મદદ અને તબીબી સહાય પૂરી પાડવામાં આવી હતી.

આ વીડિયોમાં ગ્રામીણો રાતના સમયે હાથમાં ટોર્ચ લઈને રસ્તા પરથી તે માણસને ખાટલામાં લઈ જતા અને ત્યારબાદ સ્થાનિક નદી ઓળંગવા માટે તેને હોડીમાં બેસાડતા જોવા મળ્યા હતા.

કેટલાક અહેવાલોમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે ભામરાગઢ તાલુકાના બંગડી ગામના રહેવાસી સંતોષ જેટી (૩૦) ને તબીબી સારવાર અપાવવા માટે સ્થાનિક લોકો રવિવારે રાતે ત્રણ કિલોમીટર પગપાળા ચાલ્યા હતા અને પછી હોડીમાં નદી ઓળંગી હતી.

જો કે, ગઢચિરોલી જિલ્લા આરોગ્ય અધિકારી ડો. પ્રતાપ શિંદેએ સોમવારે જારી કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે માહિતી મળતાં જ આરોગ્ય વિભાગે તાત્કાલિક એમ્બ્યુલન્સ ઉપલબ્ધ કરાવી હતી અને દર્દીને સમયસર સારવાર મળે તેની ખાતરી કરી હતી.

તેમણે કહ્યું કે ૧૧ જુલાઈના રોજ જેટીને અચાનક પેશાબની તકલીફ અને પેટમાં તીવ્ર દુખાવો થયો હતો.

ગ્રામજનોએ ગ્રામ આરોગ્ય સેવિકાને આની જાણ કરી, જેમણે તાત્કાલિક ૧૦૨ સપોર્ટ સર્વિસનો સંપર્ક કર્યો અને દર્દીને હોસ્પિટલ લાવવા માટે લાહેરીથી એક એમ્બ્યુલન્સ વિલંબ કર્યા વિના રવાના થઈ હતી. દર્દીની સ્થિતિ જોતા, તેના સંબંધીઓએ તેને સ્ટ્રેચર પર બેસાડ્યો અને તેને મેન રોડ તરફ લઈ જવાનું શરૂ કર્યું. બાદમાં એમ્બ્યુલન્સ સ્ટાફે ગુંડેનૌર નાલા વિસ્તારમાંથી દર્દીને સુરક્ષિત રીતે એમ્બ્યુલન્સમાં લઇ તેને તાત્કાલિક લાહેરી સ્થિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર લઈ ગયા.

દર્દીને કેન્દ્રમાં તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી અને તેને હેમલકાસાની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે અને તેની હાલત સ્થિર છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# ખુલ્લામાં કચરો ફેંકવા બદલ હાઉસિંગ પ્રોજેક્ટ પર એક લાખ રૂપિયાનો દંડ

થાણેઃ મહારાષ્ટ્રમાં કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન (કેડીએમસી) એ એક હાઉસિંગ પ્રોજેક્ટ પર તેના ઘન કચરાનું પ્રક્રિયા કરવામાં નિષ્ફળ જવા અને ખુલ્લામાં કચરો ફેંકવા બદલ ૧ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.કેડીએમસીને ટિટવાલાસ્થિત આ હાઉસિંગ સોસાયટીની કચરો એકત્રિત કરવાની અને કચરા પર પ્રક્રિયા કરવાની સુવિધા વારંવાર બંધ રહેતી હોવાની ઘણી ફરિયાદો મળી હતી.

પાલિકાએ જણાવ્યું હતું કે, ઘન કચરા વ્યવસ્થાપન નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન થતું હોવાનું માલૂમ પડ્યા બાદ પ્રોજેક્ટ ડેવલપર કંપની સામે આ કાર્યવાહી કરવામાં આવી હતી. ■
















## છેલ્લા પાનાનું ચાલુ

### ઝાડ તૂટી પડવાના

રિતુ તાવડેએ પાલિકા પ્રશાસનના આંતરિક તપાસને 'અસ્વીકાર્ય' કહીને નકારી કાઢ્યો હતો. તો વિપક્ષના નેતા અને શિવસેના (યુબીટી)નાં નગરસેવિકા કિશોરી પેડણેકરે પ્રશાસન પર અહેવાલ દ્વારા 'સત્યને દબાવવા અને લોકોને ગેરમાર્ગે દોરવાનો' પ્રયાસ કરવામાં આવ્યો હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. મેયરે આ રિપોર્ટ બાબતે કહ્યું હતું કે ચેમ્બુર વૃક્ષ ધરાશાયી થવાની જવાબદારી સાઈટ એન્જિનિયર અને ગાર્ડન વિભાગની છે. તેઓએ સામૂહિક રીતે કામ કરવું જોઈતું હતું. છતાં તપાસમાં માત્ર કૉન્ટ્રાક્ટર અને કન્સલ્ટન્ટ સામે સાત લાખ રૂપિયાના દંડની ભલામણ કરવામાં આવી છે. શું સાત લાખ રૂપિયા ૧૧ વર્ષના બાળકને ન્યાય અપાવી શકે છે? બાળકે જીવ ગુમાવ્યો છે. જવાબદારો સામે ફોજદારી કાર્યવાહીની માગણી કરતા મેયરે કહ્યું હતું કે કૉન્ટ્રાક્ટર અને કન્સલ્ટન્ટને નાણાકીય દંડ સાથે છોડી દેવાને બદલે દોષિત માનવહત્યા માટે કેસ થવો જોઈએ. બાળકે પોતાનો જીવ ગુમાવ્યો હોય ત્યારે જવાબદારી ટોકન દંડ સાથે ખતમ થાય નહીં.

વિરોધપક્ષ નેતા કિશોરી પેડણેકરે તપાસ અહેવાલને દુર્ભાગ્યપૂર્ણ અને આક્રોશજનક ગણાવ્યો હતો અને કહ્યું હતું કે શિવસેના (યુબીટી) તેને સ્વીકારશે નહીં. અહેવાલને નકારી કાઢવો પૂરતો નથી અને મેયર જવાબદારો સામે કડક વલણ અપનાવે તેવી માગણી પણ તેમણે કરી હતી. શાસક ભાજપ અને પાલિકા પ્રશાસન વચ્ચે સંકલનનો અભાવ હોવાનો આક્ષેપ કરતાં પેડણેકરે પાલિકા પર ચૂંટાયેલા પ્રતિનિધિઓને નબળા પાડવાનો અને કડક પગલાં લેવાને બદલે અધિકારીઓને બચાવવા માટે તપાસ અહેવાલોનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો.

મુંબઈમાં ૩૦ જૂને ચેમ્બુરમાં વૃક્ષ ધરાશાયી થવાની પાલિકાની તપાસમાં રોડવર્ક કૉન્ટ્રાક્ટર અને સુપરવાઇઝિંગ કન્સલ્ટન્ટ પર દોષનો ટોપલો ઢોળવામાં આવ્યો છે, જેમાં ખોદકામ દરમ્યાન થયેલી ભૂલો માટે પાંચ લાખ રૂપિયા અને બે લાખ રૂપિયાના દંડની ભલામણ કરવામાં આવી છે. તે જ સમયે અહેવાલમાં પાલિકાના ગાર્ડન અને રોડ વિભાગોને દોષી ઠેરવવામાં આવ્યા છે, જેમાં તેમના તરફથી કોઈ પ્રાથમિક ક્ષતિ જોવા મળી નથી. સમિતિએ અવલોકન કર્યું કે કૉન્ટ્રાક્ટર ઝાડના મૂળની આસપાસ ખોદકામ કરતી વખતે પૂરતી સાવચેતી રાખવામાં નિષ્ફળ ગયો હતો. જોકે તે જ સમયગાળા દરમ્યાન સમગ્ર મુંબઈમાં મોટી સંખ્યામાં વૃક્ષો અને ડાળીઓ પડવાના અહેવાલ સહિત કેટલાંક ફાળો આપનારાં પરિબળોને ટાંકીને તેને સંપૂર્ણપણે જવાબદાર ઠેરવવાનું બંધ કર્યું હતું. પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ અધિકારીઓને શહેરી વૃક્ષોની સલામતી માટે પ્રમાણભૂત કાર્યપ્રણાલી (એસઓપી) દાખલ કરવા અને વૃક્ષની કાપણીની દેખરેખ માટે વૃક્ષ નિષ્ણાતોની નિયુક્તિ સહિતની ભલામણોને અમલમાં મૂકવા સૂચના આપી છે. ■

### મહિલા પર્યટક

દીકરા-દીકરી, દિયર અને બે ભત્રીજા સાથે ડેમ નજીકના વૉટરફોલ્સની મજા માણવા ગઈ હતી. તે સમયે બે યુવકે સીટી વગાડી તેમને ચીડવવાનું શરૂ કર્યું હતું. મહિલાના પરિવારના સભ્યોએ યુવકોના આવા વર્તનનો વિરોધ કર્યો હતો. રોષે ભરાયેલા તોફાનીઓએ મહિલાના પરિવાર પર હુમલો કર્યો હતો. મહિલાનાં કપડાં ફાડ્યાં હતાં અને તેનો મોબાઈલ ફોન આંચકી લીધો હતો. મહિલાના પતિએ મોબાઈલ ફોન પાછો લેવાનો પ્રયત્ન કરતાં આરોપીઓએ તેની મારપીટ કરી ૨૦ ગ્રામની સોનાની ચેન ઝૂંટવી લીધી હતી. ફરિયાદીનો પરિવાર ઘટનાસ્થળેથી રવાના થઈ જતાં આરોપીઓએ એક કાર અને બાઈક પર તેમની એસયુવીનો પીછો કર્યો હતો. એસયુવીને રસ્તામાં આંતરી આઠથી નવ જણે બામ્બુ, લોખંડના સળિયા અને બેઝબૉલ બૅટ્સથી એસયુવીની તોડફોડ કરી હતી. મહિલાને કારમાંથી ઊતરવાની ફરજ પાડી તેનો કથિત વિનયભંગ કરવામાં આવ્યો હતો. એક આરોપીએ તો બેઝબૉલ બૅટ મહિલાના માથા તરફ વીંઝી હતી, પણ સમયસર નીચે બેસી જતાં તે બચી ગઈ હતી.

ઘટનાસ્થળેથી હેમખેમ નીકળી ગયેલા પરિવારે ઈગતપુરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને એક વીડિયો પણ પોલીસને આપ્યો હતો. પોલીસે પ્રાથમિક તપાસ બાદ મંગળવારે નવ માથાભારેની ધરપકડ કરી હતી. આરોપીઓ વિરુદ્ધ વિનયભંગ, હત્યાનો પ્રયાસ અને લૂંટનો ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપી ગિરનારે, નંદગાંવ સાડો અને માણિકખાંબ ગામના રહેવાસી છે. અન્ય છથી સાત જણને વીડિયો ફૂટેજને આધારે ઓળખી કાઢવામાં આવ્યા હોઈ તેમની શોધ ચાલી રહી છે. એક આરોપી વિરુદ્ધ ૨૦૨૦-૨૧માં હત્યાનો ગુનો નોંધાયો હતો, એમ નાશિક ગ્રામીણના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. ડી. એસ. સ્વામીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

મહિલા પર્યટકનો વિનયભંગ કરી તેના પરિવાર પર હુમલો કરનારા માથાભારે રહેવાસીઓએ કારની તોડફોડ કરી હતી. (પીટીઆઈ) ■

### એકનાથ શિંદેના

બંગલામાં શિવસેનાના વરિષ્ઠ નેતાઓ અને કેબિનેટ પ્રધાનો સાથે તેમણે બેઠક કરી હતી, જેમાં કેન્દ્રીય પ્રધાનમંડળના વિસ્તરણ અને રાજ્યમાં નિગમોના અટકેલા વિસ્તરણ અંગે ચર્ચા થઇ. સાથે રાજ્ય પ્રધાનમંડળમાં કેટલાક પ્રધાનોના કામકાજ પ્રત્યે અસંતોષ હોવાથી તેમના સ્થાને નવા ચહેરાઓને તક આપવામાં આવી હોય, તેવી શક્યતા છે.

ઓપરેશન ટાઇગરની સફળતા પછી શિંદે પહેલી વાર દિલ્હી ગયા હતા. રાજ્યના કેટલાક અન્ય મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર પણ ચર્ચા થઇ હોવાની શક્યતા છે. કેન્દ્રીય પ્રધાનમંડળના વિસ્તરણ અંગે ચર્ચા ચાલી રહી છે ત્યારે એકનાથ શિંદેની દિલ્હી મુલાકાત મહત્ત્વપૂર્ણ બની છે. ■

### કૃષિ લોન

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મળેલી પ્રધાન મંડળની બેઠકમાં પાલઘર જિલ્લામાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું કૃષિ બજાર સ્થાપવા અને શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે સંપત્તિ મુદ્રીકરણ નીતિને મંજૂરી આપવામાં આવી હતી.

અહિલ્યાદેવી યોજનામાં મહત્ત્વપૂર્ણ ફેરફારોને મંજૂરી આપી પ્રધાનમંડળે ૨૦૧૯ ની કૃષિ લોન માફી યોજના હેઠળ લગભગ ૧૩ લાખ ખેડૂતોને લાગુ પડતી રૂ. ૫૦ હજારની અગાઉની ટોચ મર્યાદા દૂર કરવાનો નિર્ણય લેતા અગાઉની મર્યાદા વિના નિયમિત લોન ચુકવણી માટે પ્રોત્સાહન મેળવી શકશે.

અન્ય એક મહત્ત્વના નિર્ણયમાં પ્રધાન મંડળે પાલઘર જિલ્લાના દહાણુ તાલુકામાં દાપચારી ડેરી પ્રોજેક્ટની ૫૫૮.૪૩ હેક્ટર જમીન મહારાષ્ટ્ર રાજ્ય કૃષિ માર્કેટિંગ બોર્ડને આધુનિક કૃષિ માર્કેટિંગ માળખા સાથે આંતરરાષ્ટ્રીય કક્ષાનું કૃષિ બજાર સ્થાપવા માટે આપવાની મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટથી પાલઘર, થાણે અને આસપાસના વિસ્તારોના ખેડૂતોને ફાયદો થવાની અપેક્ષા છે.

અન્ય નિર્ણયોમાં પ્રધાનમંડળે બીડ જિલ્લા રમત ગમત સંકુલને અપગ્રેડ કરવા માટે રૂ. ૨૪.૯૫ કરોડને મંજૂરી આપી જેમાં સિન્થેટિક એથ્લેટિક્સ ટ્રેક, ફૂટબોલ અને હોકી ગ્રાઉન્ડ, ઇન્ડોર રમતગમત સુવિધાઓ, છાત્રાલય વિસ્તરણ અને વરસાદી પાણીના સંગ્રહના કામોનો સમાવેશ થાય છે.

કેબિનેટે પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ, ૧૯૫૮ હેઠળ મુક્ત અને પ્રોબેશનરી કેદીઓ માટે નાણાકીય સહાયને બમણી કરીને રૂ. ૨૫ હજારથી વધારીને રૂ. ૫૦ હજાર કરી અને કોર્ટ દ્વારા નિર્દોષ છૂટેલા વ્યક્તિઓ માટે આ યોજનાનો વિસ્તાર કર્યો હતો. (પીટીઆઈ) ■

### કલા, વારસો

રવિવારે ફક્ત રાહદારી માટે રસ્તા ખુલ્લા રહેશે

પ્રોજેક્ટના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય પ્રધાને કહ્યું હતું કે કાલાઘોડા આર્ટ એવન્યુ બ્યુટીફિકેશન અને લાઇટિંગ પ્રોજેક્ટને કારણે મુંબઈને એક નવો કલાત્મક વિભાગ મળ્યો છે. મુંબઈનું ગૌરવ ગણાતા કાલાઘોડા વિસ્તારના રસ્તાઓનું ખૂબ જ સારી રીતે સૌંદર્યીકરણ કરવામાં આવ્યું છે. સૌંદર્યીકરણ કાર્યમાં કલાત્મક અને સમકાલીન સ્થાપત્ય સાથે સુમેળ જળવાઈ રહ્યો છે. કલા, વારસો અને આધુનિક સુવિધાઓના સંગમ દ્વારા નાગરિકો આ વિસ્તારના નવા દેખાવનો અનુભવ કરી શકશે એવો વિશ્વાસ પણ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે વ્યક્ત કર્યો હતો.

દક્ષિણ મુંબઈમાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો ધરાવતો કાલાઘોડા વિસ્તાર મુંબઈના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને કલાત્મક વારસાનું પ્રતીક માનવામાં આવે છે. દેશ-વિદેશના નાગરિકો અને પ્રવાસીઓને સુરક્ષિત અને વિશ્વ કક્ષાનો ચાલવાનો અનુભવ પૂરો પાડવાના ઉદ્દેશ્યથી અને 'હેરિટેજ વોક'ને એક નવું પરિમાણ આપવાના ઉદ્દેશ્યથી મુંબઈ મહાનગરપાલિકાએ આ વિસ્તારના વિવિધ રસ્તાઓનું વ્યાપક સૌંદર્યીકરણ કર્યું છે.

#### ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ

આ પ્રોજેક્ટ હેઠળ ભારે વાહનોને આ વિસ્તારમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવશે અને ચારે બાજુ આધુનિક બેરિકેડ બનાવવામાં આવશે. ઇ. ભરૂચા રોડ પરના ચોકમાં એક આકર્ષક 'કાલાઘોડા પ્લાઝા' વિકસાવવામાં આવ્યો છે. પ્લાઝા માટે ગ્રે અને બ્લેક ગ્રેનાઈટ તેમજ બેસાલ્ટ ફ્લોરિંગનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સમગ્ર વિસ્તારમાં સુંદર, ગોળ અને રાહદારીઓ માટે અનુકૂળ વોકવે બનાવવામાં આવ્યા છે. આનાથી પ્રવાસીઓ એક જ જગ્યાએ આરામથી ફરવા, ખરીદી અને ખાદ્ય સંસ્કૃતિનો આનંદ માણી શકશે.

#### દર રવિવારે આ રસ્તા બંધ રહેશે

કાલા ઘોડા વિસ્તારના પાંચ રસ્તા, સાંઈબાબા માર્ગ, રોપ વોક લેન, ડો. વી. બી. ગાંધી માર્ગ (ફોર્બ્સ સ્ટ્રીટ), રૂધરફોર્ડ સ્ટ્રીટ અને બી. ભરૂચા માર્ગ, દર શનિવાર અને રવિવારે સાંજે ૬ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી વાહનો માટે બંધ રહેશે અને ફક્ત રાહદારીઓ માટે જ ખુલ્લા રહેશે. ■

### યુરોપનો

કરવામાં આવ્યું છે. પહેલા તબક્કામાં લગભગ ૩,૪૪૩ ચોરસ મીટર એટલે કે લગભગ ૫૦૦ મીટર લાંબા વિસ્તારની કાયાપલટ કરવામાં આવી છે. ખુલ્લી જગ્યામાં ટેબલ અને ખુરશીઓની આકર્ષક બેઠક વ્યવસ્થા, પ્રખ્યાત ખાવા-પીવાની દુકાનો, કૅફે, રેસ્ટોરાં, જ્વેલરી સ્ટોર્સ, આકર્ષક કપડાંના શોરૂમ, આર્ટ ગેલેરીઓ અને વારસાગત સ્થળોથી છવાયેલ આ વિસ્તાર હવે યુરોપના ખુલ્લા સાંસ્કૃતિક રસ્તાઓની યાદ અપાવે તેવો અનુભવ આપશે. કાલાઘોડા વિસ્તાર ફક્ત ફરવા માટે જ નહીં પરંતુ આરામ કરવા અને અનુભવ કરવા માટે પણ એક અનોખું પર્યટન સ્થળ બનશે. ■

### ડૉક્ટરોની મારપીટ

અરજી કરી હતી. કોર્ટે ફરિયાદી અને બચાવ પક્ષ બન્નેના વકીલોની દલીલ સાંભળ્યા પછી નગરસેવકના જામીન મંજૂર કર્યા હતા.

નવજાત બાળકને અન્ય હૉસ્પિટલમાં લઈ જવાની સલાહ તેના વડીલોને આપવામાં આવતાં છઠ્ઠી જુલાઈએ નગરસેવક ડોમ્બિવલીની શાસ્ત્રી નગર હૉસ્પિટલમાં પહોંચ્યા હતા. (પીટીઆઈ) ■

### કેબિનેટ બેઠકમાં

કર્જમુક્તિ યોજના - ૨૦૨૬ના માપદંડમાં સુધારો. ૨૦૨૯ ની લોન માફી યોજનામાં લગભગ ૧૩ લાખ ખેડૂતો માટે પચાસ હજાર રૂપિયાની મર્યાદા નાબૂદ કરીને નિયમિત લોન માફી. વર્ષ ૨૦૨૬-૨૭ માં નિયમિત ચુકવણીની શરત નાબૂદ કરીને, ૨૩ લાખ ખેડૂતોને પ્રોત્સાહન લાભ પણ મળશે.

રાજ્યમાં શહેરી સ્થાનિક સંસ્થાઓની સંપત્તિ માટે મુદ્રીકરણ નીતિને મંજૂરી આપવામાં આવી છે. આનાથી સંપત્તિના ઉપયોગથી આવકના પારદર્શક અને વધુ સારા સ્રોતો ઉત્પન્ન થશે. ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના આયોજન દ્વારા, મ્યુનિસિપલ કોર્પોરેશનો, નગરપાલિકાઓ, શહેર પરિષદો અને શહેર પંચાયતો આવક ઉત્પન્ન કરનારા ઉકેલો શોધી શકશે.

કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત શહેરી પડકાર ભંડોળ અભિયાન રાજ્યમાં અમલમાં મૂકવામાં આવશે. શહેરો ગુણવત્તાયુક્ત માળખાગત સુવિધાઓના નિર્માણ માટે બજાર-આધારિત સહાય મેળવી શકશે.

બીડ જિલ્લા રમતગમત સંકુલ માટે રૂ. ૨૪ કરોડ ૯૫ લાખના કામોને મંજૂરી. રમતગમત સંકુલમાં સિન્થેટિક એથ્લેટિક ટ્રેક, ફૂટબોલ, હોકી ગ્રાઉન્ડ, વોલીબોલ, કબડ્ડી, ખો ખો ગ્રાઉન્ડ, ઇન્ડોર હોલ બિલ્ડિંગનું નવીનીકરણ, છાત્રાલયના ત્રીજા માળનું બાંધકામ, વરસાદી પાણીનો સંગ્રહ, વિવિધ રમતગમતના મેદાનોનો સમાવેશ થાય છે.

પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ, ૧૯૫૮ હેઠળ મુક્ત કેદીઓ અને પ્રોબેશનરોને આપવામાં આવતી સબસિડિયરી ગ્રાન્ટ યોજનાની રકમ બમણી કરવામાં આવી છે. આ યોજનામાં નિર્દોષ કેદીઓનો સમાવેશ કરીને યોજના હેઠળ સબસિડિયરી ગ્રાન્ટ હવે રૂ. ૨૫,૦૦૦ થી વધારીને રૂ. ૫૦,૦૦૦ કરવામાં આવી છે.

મહારાષ્ટ્ર રાજ્ય પરિવહન નિગમ - રાજ્યભરમાં એસટી માટે વધારાની સાઇટ્સ વિકસાવવામાં આવશે. જિલ્લા, તાલુકા અને ગ્રામીણ વિસ્તારોમાં પીપીપી ધોરણે બસ સ્ટેન્ડ અને કોર્પોરેશન સાઇટ્સ વિકસાવવાની મંજૂરી

મહારાષ્ટ્ર ગૌણ ખનિજ ખાણકામ નિયમો, ૨૦૧૩માં સુધારો કરવા માટે મંજૂરી. ■

### કેતન અગરવાલની

પાઠવેલા ભાવુક પત્રમાં રાખી અગરવાલે જણાવ્યું છે કે તેણે ક્યારેય કલ્પના નહોતી કરી કે તેને પોતાના પુત્ર માટે ન્યાય મેળવવા પત્ર લખવો પડશે.

'દરેક માતાની જેમ પુત્રને જીવનમાં સફળતા હાંસલ કરતો અને લગ્ન કરતો જોવાનાં સપનાં જોયાં હતાં, પરંતુ નસીબે પોતાના પુત્રના અંતિમ સંસ્કાર કરવાની વેદના આપી. આજે પણ ઘરના દરેક ખૂણે કેતનની યાદો જીવંત છે. તેની રૂમ, તેનાં કપડાં અને તસવીરો જોઇને પરિવારની આંખો ભીની થઇ જાય છે,' એમ તેણે લખ્યું છે.

મારા પુત્રની ક્રૂરતાથી હત્યા કરવામાં આવી અને તેની સાથે મારી પૂરી દુનિયા જતી રહી. અમારા ઘરનો દરેક ખૂણો તેની યાદ અપાવે છે. તેના હાસ્યનું સ્થાન લેનાર મૌન મને દરરોજ યાદ અપાવે છે કે તે હવે ક્યારેય પાછો નહીં આવે,' એમ વ્યથિત માતાએ કહ્યું છે.

કેતનની માતાએ પરિવારમાં બનેલી બીજી દુઃખદ ઘટનાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે જેમાં પુત્ર કેતનના મૃત્યુના ૨૦ દિવસ બાદ તેના દાદાનું પણ દુઃખના આઘાતથી અવસાન થયું. એક જ કુટુંબે ટૂંકા સમયગાળામાં બે જણને ગુમાવવાનો આઘાત સહન કર્યો.

કેતન માત્ર એક કેસનો ભોગ બનનાર વ્યક્તિ નહોતો, પરંતુ કોઇનો પુત્ર, પૌત્ર અને ભાઇ હતો. તેથી આ કેસને માત્ર કાનૂની કાર્યવાહી સુધી મર્યાદિત ન રાખી તેને માનવીય સંવેદના સાથે જોવાની જરૂર છે, એમ પત્રમાં જણાવ્યું છે.

પત્રના અંતે માતાએ લખેલા શબ્દો દરેકને ભાવુક કરી દે તેવા છે. 'દરરોજ હું કેતનના ફોટા સામે ઊભી રહીને કહું છું, દીકરા, હું હજી પણ તારા માટે લડી રહી છું. મારી એક જ પ્રાર્થના છે કે એક દિવસ હું ગર્વથી કહી શકું કે દીકરા તને ન્યાય મળ્યો. આ પત્ર માત્ર એક માતાની પીડા જ નહીં, પણ સમયસર અને નિષ્પક્ષ ન્યાય માટેની અપીલ તરીકે પણ સામે આવ્યો છે.' (પીટીઆઇ)

### ખાનગી કંપનીના

પ્રા.લિ.ના પ્રોજેક્ટ હેડ અશોક ગુપ્તા અને પ્લાન્ટના સેફ્ટી ઓફિસર વિજય સપકાળ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫ (સદોષ મનુષ્યવધ), ૧૨૫ (માનવ જીવનને જોખમમાં મૂકતું બેદરકારીભર્યું કૃત્ય) તથા અન્ય સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. અશોક ગુપ્તાની બાદમાં ધરપકડ કરવામાં આવી હતી. પિંપરી-ચિંચવડ ઇન્ડસ્ટ્રિયલ ટાઉનશિપના મોશી ખાતે એન્ટોની લારા એન્વીરો સોલ્યુશન્સ કંપની પ્લાન્ટ ચલાવતી હતી, જ્યાં ૮ જુલાઇના રોજ આ ઘટના બની હતી. પિંપરી-ચિંચવડ પાલિકાના અધિકારીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ભારે વરસાદથી સ્થળ પર સેનિટરી લેન્ડફિલ (એસએલએફ) માટે જોખમ ઊભું થઇ શકે છે એ જાણતા હોવા છતાં સલામતીનાં પગલાં લેવામાં આવ્યાં નહોતાં.

પાલિકાએ સોમવારે જણાવ્યું હતું કે ઘટનાની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે કંપનીની વિનંતી પર ગ્રાઉન્ડ ફ્લોર માટે ઑક્યુપન્સી સર્ટિફિકેટ જારી કરવામાં આવ્યું હતું. પિંપરી-ચિંચવડ પાલિકાના કમિશનર ડો. વિજય સૂર્યવંશીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે આ ઘટનાની તપાસ માટે ઉચ્ચ-સ્તરીય ટેક્નિકલ તપાસ સમિતિની રચના કરી છે. શહેરી વિકાસ વિભાગે આ ઘટનાની 'નિષ્પક્ષ અને વ્યાપક ટેક્નિકલ તપાસ' કરવા અને ભવિષ્યમાં આવા અકસ્માતો અટકાવવા માટે પગલાં લેવાની ભલામણ કરવા સ્વતંત્ર સમિતિની નિમણૂક કરી છે. સમિતિનું નેતૃત્વ ડિવિઝનલ કમિશનર શીતલ તેલી-ઉગલે કરશે અને તેમાં મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડના રિજનલ ઓફિસર, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઇઆઇટી) બોમ્બેના ડી. એન. સિંહ તથા એન્વાયર્નમેન્ટલ એન્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ એક્સપર્ટ અનિલ કુમાર દીક્ષિતનો સમાવેશ હશે. (પીટીઆઇ) ■

## પારસી મરણ

પોલી જમશેદ કાવરાના તે મરહુમ જમશેદના ધનીયાની. તે માલકમના મમા. તે મરહુમો પેરીન ફ્રામરોઝના દીકરી. તે નાઝનીન એન્જિનિયર કાવરાનાના સાસુજી. તે મરહુમો દીન ને મનીના બહેન. તે દારાયસના બપઇ. (ઉં. વ. ૯૨) રે.ઠે. કાવરાના વીલા, ટર્નર રોડ, ચોથે માળે, ૧-૩, રોડ. ટી. પી. એસ. ૪ બાંદરા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦.ચાર ધામ બિલ્ડિંગ આગળ, અલમેદા પાર્ક. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૫-૭-૨૦૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે બાંદ્રા તાતા અગિયારીમાં છેજી.

ધન અસપી ડેબુ તે મરહુમ અસપી પીરોજશા ડેબુના ધનીયાની. તે મરહુમ નાજુ તથા મરહુમ સાવકશા ચીનદયાવાળાની દીકરી. તે પોરસ અને ઝશીનના માં. તે યશીઝાદ પોરસ ડેબુ તથા વીરાફ જાલ ગોદરેજના સાસુ. તે ઝોયસના બપય તથા યોહાન અને અરઝાનના મમય. તે તેલાશ જોયેશ દેબુના બપય સાસુ. (ઉં. વ. ૯૨) રે. ઠે. ૨૩, અંકુશ એપાર્ટમેન્ટ, બી-બ્લોક, ગન પાઉડર રોડ, પટેલ અગિયારી કમ્પાઉન્ડ મઝગાંવ, મુંબઇ-૪૦૦૦૧૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૬-૭-૨૬ના દીને બપોરે ૩.૪૫ વાગે ભાભા નંબર ૧ બંગલીમાં છે.

### છ દિવસમાં

જણાવ્યું હતું કે, એનડીઆરએફ, સેના અને સ્થાનિક ફાયર બ્રિગેડ સહિતની કટોકટી સેવાઓએ કાટમાળમાંથી નવ લોકોને બચાવ્યા હતા.

આ છ દિવસો દરમિયાન થાણે અને કોલ્હાપુરમાં દીવાલો ધરાશાયી થવાને કારણે તથા ધુળેમાં પૂરનાં પાણીમાં ડૂબી જવાથી લોકોનાં મૃત્યુ થયાં હોવાના અહેવાલ મળ્યા છે. આ સાથે, જાન્યુઆરી ૨૦૨૬થી રાજ્યમાં હવામાન સંબંધિત મૃત્યુઆંક વધીને ૧૦૫ પર પહોંચ્યો છે, તેમ તેમાં જણાવાયું છે.

ભારતીય હવામાન વિભાગ દ્વારા એકત્રિત કરવામાં આવેલા આંકડા મુજબ, પ્રદેશમાં વરસાદ અત્યંત અસમાન જોવા મળ્યો હતો. એસડીએમએના અહેવાલ મુજબ, પાલઘર, મુંબઈ અને પુણે જેવા જિલ્લાઓમાં ભારે વરસાદ નોંધાયો હતો, જ્યારે નંદુરબાર અને હિંગોલી જેવા વિસ્તારોમાં વરસાદની ભારે અછત જોવા મળી હતી.

#### મહારાષ્ટ્રમાં ૯૬ ટકા વરસાદ નોંધાયો

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ૧ જૂનથી ૧૩ જુલાઈ દરમિયાન ૩૩૪.૫ મિમી વરસાદ નોંધાયો છે, જે ૩૪૬.૪ મિમીની સામાન્ય સરેરાશના ૯૬.૨૮ ટકા છે; જોકે, સમગ્ર રાજ્યમાં વરસાદનું વિતરણ અસમાન રહ્યું છે.

મંગળવારે રાજ્યના પ્રધાનમંડળ સમક્ષ રજૂ કરવામાં આવેલી માહિતી અનુસાર, રાજ્યભરમાં વરસાદનું વિતરણ અસમાન રહ્યું હતું. થાણે, રાયગઢ, પાલઘર, રત્નાગિરી, અહિલ્યાનગર, પુણે, સાતારા, સાંગલી અને જાલના એમ નવ જિલ્લાઓમાં સામાન્ય કરતાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો હતો, જ્યારે નંદુરબારમાં સૌથી ઓછો સામાન્ય વરસાદના માત્ર ૨૯ ટકા જેટલો વરસાદ થયો હતો.

૧૨ જિલ્લાઓમાં સામાન્ય વરસાદના ૫૦ થી ૭૫ ટકા જેટલો વરસાદ નોંધાયો હતો, જ્યારે અન્ય ૧૨ જિલ્લાઓમાં સામાન્ય વરસાદના ૭૫ થી ૧૦૦ ટકા વરસાદ થયો હતો. (પીટીઆઈ) ■

### શહજાદ ભટ્ટી

ભટ્ટી મામલે એટીએસ તપાસ કરી રહી છે. મોટા ભાગે ગરીબ અને બેરોજગાર યુવાનોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા હોવાની માહિતી પરથી એટીએસે કાર્યવાહી કરી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ મંગળવારની સવારે સાત વાગ્યાની આસપાસ પુણે શહેર, પુણે ગ્રામીણ અને પિંપરી-ચિંચવડ પોલીસની મદદથી માહિતી ભેગી કરી ૬૬ ઘર પર એકસાથે રેઇડ કરવામાં આવી હતી. શહજાદ ભટ્ટી અને તેના સાથીઓ આબિદ જાટ ઉર્ફે આબિદ છલ, અજમલ ગુજર, હમ્માદ મેમણ, રાણા હુસેન અને અશરફ બશીર આલમના સંપર્કમાં રહેતા ૬૬ શકમંદને તાબામાં લેવાયા હતા.

પકડાયેલા શકમંદો ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટેલિગ્રામ અને વૉટ્સઍપના માધ્યમથી પાકિસ્તાની ગૅન્ગસ્ટરના સંપર્કમાં હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું. શકમંદોની સોશિયલ મીડિયા ઍક્ટિવિટી પર નજર રાખ્યા પછી તેમને તાબામાં લેવાયા હતા. ઉલ્લેખનીય છે કે શુક્રવારે એટીએસના ૧૪ યુનિટના અધિકારીઓની ૫૮ ટીમે રાજ્યના અલગ અલગ વિસ્તારોમાંથી ૧૦૨ શકમંદને તાબામાં લીધા હતા. આ શકમંદો પણ શહજાદ ભટ્ટીના સંપર્કમાં હતા. ■

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડાના શ્રી સુરેશ પેથાણી (દેઢિયા) (ઉં. વ. ૭૮) તા. ૧૦/૭/૨૬ ના અવસાન પામેલ છે. પાનબાઈ મુલજી વિજપારના સુપુત્ર. જસ્મીન ના પતિ. સોનિયા વિજય ગાલા, મોનિકા અમિત ગોયલ, શિલ્પા સમીર કક્કાના પિતા. સ્વ. રમણીકલાલ મુલજી પેથાણી, કાંતિલાલ મુલજી પેથાણીના ભાઈ. કોડાયના સ્વ. લક્ષ્મીબેન હરખચંદ મોતાના જમાઈ. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. નિ. જસ્મીન સુરેશ પેથાણી, અરિહંત વૈકુંઠ, બી બ્લોક ૧૧૬, બીકલીન રોડ, ચેન્નાઇ -૭.

ગોધરાના કેતન જેઠાલાલ હરીયા (ઉં. વ. ૫૭) તા. ૧૩-૭ ના અવસાન પામેલ છે. નવલબેન જેઠાલાલના પુત્ર. કલ્પનાના પતિ. શેફાલી, સલોની, નિરાલીના પિતા. તુષારના ભાઇ. પુષ્પાબેન કલ્યાણજીના જમાઇ. વિપુલ, મો. રતાડીયા ચંદન મહેશ, નરેડી સરોજ રાકેશના બનેવી. પ્રાર્થના રાખેલ નથી. નિ. કલ્પના હરિયા, એ/૩, ગ્રાઉન્ડ ફ્લોર, અર્જુન નગર, કોમ્પલેક્ષ, પાર્થલી રોડ, શેલાર નાકા ચોકની પાસે, ડોમ્બીવલી (ઇ). ૪૨૧૨૦૧.

**કચ્છી દશા શ્રીમાળી વણિક જ્ઞાતિ જૈન**

કચ્છ માંડવી નિવાસી હાલે ચેમ્બુર મુંબઈ, કોકિલાબેન ધીરજલાલ મહેતા (ઉં. વ.૮૭) તા. ૧૩/૦૭/૨૬ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ધીરજલાલ રતિલાલ ઉત્તમચંદ મહેતાના પત્ની. પ્રાગજીભાઈ હીરાચંદ મહેતાના સુપુત્રી, દીપ્તિ, સોનલના માતૃશ્રી. જીગરભાઈ (જયેશ), સરજુભાઈના સાસુ. નલિનીબેન, સ્વ. રમેશભાઈ, સ્વ. ગિરીશભાઈ, સ્વ. કિરણબેનના ભાભી. દેવાંશ, માહિર, જેહાનના નાની. નિવાસ સ્થળ : ૪૦૩/ઈ ૬૦૧ વણિક નિવાસ, ૭મી ક્રોસ લેન ચેમ્બુર મું.૭૧. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**માંગરોળ જૈન**

સુરેન્દ્ર શાંતિલાલ શાહ (ઉં. વ. ૮૮) હાલ વિલે પારલે વેસ્ટ, તા. ૧૩/૭/૨૬ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. સ્વ. શાંતાબેન તથા સ્વ. શાંતિલાલ શેઠના પુત્ર. નલિનીબેનના પતિ. ધીરજલાલ, સ્વ. વિરેન્દ્ર, સરોજ, જયશ્રી, સ્વ. રમીલાના ભાઈ. કૌશિક અને જીજ્ઞાના પિતા. મીના અને સૌરિનના સસરા. સ્મિત, પલક, સૌમ્ય, પ્રિયા, સનય, મિવાન, રિયાનના દાદા. સ્વ. દેવિદાસ જમનાદાસ શાહના જમાઈ. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૧૭/૦૭/૨૬ના સાંજે ૫ થી ૭. જલારામ હોલ, હટકેશ સોસાયટી, વિલે પારલે વેસ્ટ.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

દાઠા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. કેશવલાલ જીવણદાસ દોશીના સુપુત્ર રમણિકભાઈ (ઉં. વ. ૮૨) તા. ૧૨/૭/૨૬ના અવસાન પામેલ છે. તે લતાબેનના પતિ, રોહિત, હેમા જીતેશકુમાર વોરા, શિલ્પા પરાગકુમાર દોશીના પિતાજી, મીનલના સસરા, માહી, કરન, દેવાંશ, કવીશના દાદા-નાના, સ્વ. ચંપકલાલ, ભાનુબેન ચંદુલાલ શાહ, ચંદ્રાબેન ધીરજલાલ શાહના ભાઈ, સાસરાપક્ષે સ્વ. રમણિકલાલ દુર્લભદાસ શાહ તળાજાવાળા હાલ સુરતના જમાઈ, પિતૃ વંદના ગુરુવાર તા. ૧૬/૭/૨૦૨૬ના સમય ૧૦ થી ૧૨. લવંડર બાગ, પહેલે માળે ૯૦ ફીટ રોડ ઘાટકોપર (ઇ.).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાદ્રોડ નિવાસી હાલ બોરીવલી, સ્વ. ધનલક્ષ્મીબેન હરિલાલ ખોડીદાસ દોશીના સુપુત્ર ધીરજલાલ (ઉં. વ. ૮૪) તા. ૧૨/૦૭/૨૬ના રવિવારે અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. ધર્મેશ, મિતુલ, વૈભવના પિતાશ્રી. ચંપકલાલ, અંબાલાલ, સ્વ. અરુણભાઈ, ડો. સુમતિભાઈ, અનંતરાયભાઈ, હંસાબેન હિંમતલાલ મહેતા, દીનાબેન દીપકકુમાર પટેલના ભાઈ. સસરાપક્ષે રમણીકલાલ નાનચંદ મહેતા ચિત્તલવાળા હાલ મલાડના જમાઈ. શત્રુંજય ભાવયાત્રા ગુરુવારના તા. ૧૬/૭/૨૦૨૬ના સવારે ૧૦ થી ૧. સ્થળઃ વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ એલ ટી રોડ,ડાયમંડ ટૉકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ વિરાર, પ્રવીણચંદ્ર વૃજલાલ શાહ (ઉં. વ. ૭૩) ૧૨/૭/૨૦૨૬ને રવિવારે સ્વર્ગવાસ થયેલ છે. જે હર્ષાબેનના પતિ. મોના અને કૃપાના પિતાશ્રી. અંકિત અને અલકેન્દ્રના સસરા. દેવગાણાવાળા શાહ ચીમનલાલ ભીમજીભાઈના જમાઈ. સ્વ. હિંમતભાઈ, સ્વ. મંજુલાબેન કેશવલાલ, સ્વ. કોકિલાબેન દિલીપભાઈ સ્વ. હસુબેન છોટાલાલ, ઉષાબેન ભરતકુમારના ભાઈ. સાદડી તેમજ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

નવા ગામ નિવાસી હાલ બોરીવલી, સ્વ. ચુનીલાલ પોપટલાલ કોઠારી (ઉં. વ. ૯૭) તા. ૧૧.૦૭.૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પદમાબેનના પતિ. અ. સૌ. જયશ્રીબેન મુકુંદરાય ઝાટકિયા, મહેશભાઈ, બીપીનભાઈ, કૌશિકભાઈ તથા ગોંડલ સંપ્રદાય પ્રાણ પરિવારના પુ. શિલાબાઈ સ્વામીના સંસારી પિતાશ્રી. અ.સૌ. પ્રિતિબેન, હેમાક્ષીબેન તથા નિશાબેનના સસરા. મોહનલાલ ગોવિંદજી સંઘવીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ કાંદિવલી, ચંદ્રકાંત ચંપકલાલ નરસીદાસ શાહ (ઉં. વ. ૮૦) ૧૧/૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે જયશ્રીબેન (જાસુદબેન)ના પતિ. હાર્દિક-સૌમ્યા, વૈશાલી વિપુલકુમાર ગાલા તથા નિમેષના પિતા. સુરેશભાઈ, હર્ષદભાઈ, ઉષાબેન જીતેન્દ્રકુમાર શાહના મોટાભાઈ. સાસરાપક્ષે સ્વ. ચંદનબેન અમૃતલાલ મહેતા અમરેલીવાળાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નૂતન સાડત્રીસ વિશા શ્રીમાળી જૈન**

ઝીંઝુવાડા હાલ ભાયંદર, સ્વ. કમળાબેન શાંતિલાલ શાહના પુત્ર મનહરલાલ (મનુભાઈ) (ઉં. વ. ૭૩) ૧૧/૭/૨૬ના અવસાન પામેલ છે. તે સરોજબેનના પતિ. કલ્પેશ, પ્રજ્ઞા, સ્વ. ચેતના, નિપૂર્ણાના પિતા, તૃપ્તિ, ભાવેશ, પિન્કેશ તથા હેમાંશુના સસરા. ચંદ્રકાંત, હેમેન્દ્ર, પ. પૂ આભ રાજપુણ્ય સુરીશ્વર મ. સા તથા પ. પૂ સાધ્વીજી શ્રીતત્વરસા મ સા. ના સંસારીભાઈ, બાબુભાઇ દલસુખભાઈ શાહ કડીવાળાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ચક્ષુદાન કરેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ ભાંડુપ, સ્વ. રાજેન્દ્ર ધનસુખલાલ ગાંધીના ધર્મપત્ની નીતાબેન રાજેન્દ્ર ગાંધી (ઉં. વ. ૭૦) વિપુલભાઈ, જીજ્ઞાબેન, નમ્રતાબેનના માતૃશ્રી. મીનલબેન, કિર્તીભાઈ, હાર્દિકભાઈના સાસુ. સ્વ. ભુપેન્દ્રભાઈ અને સ્વ. હિતેન્દ્રભાઈ, નયનાબેન, પુનિબેન (પ્રીતિબેન)ના ભાભી. પિયરપક્ષે સ્વ. ડાયાલાલ ખુશાલચંદ શાહના સુપુત્રી. ક્રિશિવ અને મોક્ષના દાદી. જીશા, તીર્થાના નાની તા. ૧૩.૭.૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

જૂના ઘાંટીલા નિવાસી હાલ મુંબઇ સેન્ટ્રલ નગીનદાસ કિરચંદભાઇ લોદરિયાના સુપુત્ર મહેશભાઇ (ઉં. વ. ૬૯) તે અલકાબેનના પતિ. શ્રુતિના પિતાશ્રી. વસંતભાઇ, સ્વ. શૈલેષભાઇ, ચેતનભાઇ, ઇન્દુમતીબેન, ભોગીલાલ શેઠ, પ્રફુલાબેન ચંપકલાલ શાહ, જયોતિબેન રજનીકાંત શાહ, જાગૃતિબેન નલિનકુમાર મહેતા, ગીતાબેન સંદીપકુમાર મોદીના ભાઇ. રાકેશ, વિપુલ, કરન, સચિનના કાકા. સસુરપક્ષે સુરેન્દ્રનગર નિવાસી મહાસુખલાલ મોતીચંદ પારેખના જમાઇ. તા. ૧૩-૭-૨૬ સોમવારના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગુજરવદી નિવાસી હાલ મુંબઇ પ્રવીણચંદ્ર ભીખાલાલ શાહ (ઉં. વ. ૯૦) સોમવાર, તા. ૧૩ જુલાઇએ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રંજનબેનના પતિ. સ્વ. હિંમતભાઇ, સ્વ. શાંતાબેન, સ્વ. હસમુખભાઇ, કનુભાઇ ભીખાલાલ શાહના ભાઇ. ચેતનાબેન બીમલભાઇ વોરા, દીપાલીબેન જીજ્ઞેશભાઇ અજમેરા, જીજ્ઞેશભાઇ-હેમાલીબેન શાહ, પૂર્વીબેન ચિંતનભાઇ મણીયારના પિતા. આર્યનના દાદા. ઉષ્મા અનુજ સતિજા, પ્રિયાંશી પ્રતીક શાહ, મનન-એશના અજમેરા, દૃષ્ટિ, હર્ષ અને નમનના નાના. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ મુલુંડ અ. સૌ. મીતા હેમંતભાઇ ડગલી (ઉં. વ. ૫૪) તા. ૧૩-૭-૨૬ સોમવારના અરિહંતશરણ પામેલ છે. હેમંતભાઇ ચંદુલાલ ડગલીના ધર્મપત્ની. માતુશ્રી લીલાવંતી ચંદુલાલ લેહેરચંદ ડગલીના પુત્રવધૂ. માતુશ્રી સ્નેહલતા ચંદ્રકાંત શિવલાલ શાહની સુપુત્રી. રાજના માતુશ્રી, કિરણબેન, દીપકભાઇની બહેન. હિમાંશુભાઇ, રીટાબેન હિરેનભાઇ ટોલીયા, નીતાબેન દિલીપભાઇ શાહના ભાભી. પ્રાર્થનાસભા તા. ૧૬ જુલાઇ ૨૦૨૬ ગુરુવારના સવારે ૯.૩૦થી ૧૧. ઠે. હિંગવાલા ઉપાશ્રય, આનંદમંગલ હોલ, બીજે માળે, ઘાટકોપર (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

અમરેલી નિવાસી હાલ વસઇ (પાપડી) સ્વ. સરલાબેન રમણીકલાલ ઉદાણીના સુપુત્ર રાજેશભાઇ (ઉં.વ.૬૧) તે સ્વ. સંગીતાબેનના પતિ. રૂષભના પિતાશ્રી. છાયા દર્શકકુમાર મહેતા, વિપુલ રમણીકલાલ ઉદાણી, નીતા પરેશકુમાર દોશીના ભાઇ. શ્વસુર પક્ષે બગસરા નિવાસી વિનોદરાય (ભૈરુભાઇ) જેચંદ મગીયાના જમાઇ. મુકુંદરાય વિનોદરાય મગીયા (નાઇરોબી) નિલેષ વિનોદરાય મગીયા (કાંદીવલી)ના બનેવી.તા. ૧૧-૭-૨૬ શનિવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## હિન્દુ મરણ

રાજકોટ નિવાસી, સ્વ. સુરેશચંદ્ર અમૃતલાલ શાહ (ઉં. વ. ૮૪) જે રંજનબેન(રજોસબેન)ના પતિશ્રી. સ્વ. મનહરલાલ, જગદીશભાઈના ભાઈ. માધવીબેન કૃપાલભાઈ વાઘેલા, જલ્પાબેન જયદત્તભાઈ સંઘાણી, ફોરમબેન હિરેનભાઈ વોરાના પિતાશ્રી. સ્વ. મધુકાન્ત ચુનીલાલ મહેતાના બનેવી તા. ૧૩/૦૭/૨૬ના રોજ અવસાન થયેલ છે. એમનું ઉઠમણું તા. ૧૬/૦૭/૨૬ને ગુરુવારના રોજ સવારે ૧૦ વાગ્યે, પ્રહલાદ પ્લોટ દેરાસર, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

**કચ્છી ભાટિયા**

કિરણ વેદ (ઉં. વ. ૭૨) તે સ્વ. વસંત હંસરાજ ગોરધનદાસના પુત્ર. પ્રભાબેનના પતિ. કરણના પિતા. જયેશ, પલ્લવી, ભારતી અશ્વિનભાઇ સંપટના ભાઈ. બીનાના જેઠ. ૧૪/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૧૬/૭/૨૬ના રોજ ૫ થી ૭. બાલ્કનજી બારી, રાજાવાડી ઘાટકોપર ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હિન્દુ ક્ષત્રિય**

દમણ નિવાસી હાલ મુંબઈ, પ્રવિણકુમાર ભગવાનદાસ સોલંકી (ઉં. વ. ૮૬) ૧૧/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. દમયંતીબેનના પતિ. ભાવેશ, ધર્મેન્દ્ર, દર્શનાના પિતા. નિમીષા, દીપા, સુનિલ અરોરાના સસરા. ગ્રીવા, જીઆન, આદિત્ય, ઉદિત, આર્યન, અનાયાના દાદા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સુરતી દશા લાડ વણિક**

મુંબઈ નિવાસી, અશોક જયંતિલાલ વકીલ (ઉં. વ. ૮૩) તે રેખાબેનના પતિ. નેહાબેન, દર્શનભાઈના પિતા. રાજેશભાઈ શાહ, પાયલબેનના સસરા. શૈલીના નાના, જય, મહર્ષીના દાદા, ૮.૭.૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે.

**જંબુસર વિશા લાડ વણિક**

માટુંગા રોડ નિવાસી મધુકાંત ભોગીલાલ શાહ (ઉં. વ. ૯૫) તે સ્વ. વત્સલાબેનના પતિ. કૌશિક અને મનિષના પિતાશ્રી. અલકા અને અવનીના સસરા. મનન, મંથન, ઉન્નતિ પ્રશાંત પરીખના દાદા. સોનાલી અને સિમરના દાદા સસરા. તે અદ્વિકા, અંબિકા અને પાવનીના પરદાદા. તા. ૧૩-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટિયા**

વનરાજ (મનુભાઇ) હરિદાસ ગાજરિયા (ઉં. વ. ૯૩) તે સ્વ. માણેકબાઇ તથા સ્વ. હરિદાસ લાલજી ગજરિયા (કરાચીવાળા)ના પુત્ર. સ્વ.ગોદાવરીબેન, સ્વ. દમયંતીબેન, સ્વ. ગોરધનદાસભાઇ, સ્વ. મથુરભાઇ, સ્વ. સરલાબેન, સ્વ. કુસુમબેન, સ્વ.જયાબહેન, દીપકભાઇ તથા સ્વ. અશોકભાઇના ભાઇ. કુણાલબેનના કાકા. તા. ૧૨-૭-૨૬ રવિવારના શ્રીજીચરણ પામ્યા છે, લૌકિક વ્યવહાર બંધ છે.

**સૌરાષ્ટ્ર બાજ ખેડાવળ બ્રાહ્મણ**

સ્વ. નાનાલાલ મોહનલાલ દવે (ઉં. વ. ૯૨) ગામ વાંદરવડ હાલ મુંબઇ તે કુ. ભાવના, મહેશ અને અજિતના પિતાશ્રી. અ. સૌ. જાગૃતિ અને અ. સૌ. જયશ્રીના સસરા. કુંજ, કુંજલ અને દીપના દાદાજી તા. ૧૩-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. ટેલિફોનિક બેસણું તા. ૧૬-૭-૨૬ના સાંજે ૪થી ૬. લૌકિક વ્યવહાર બંધ છે.

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**




# ઈન્ટરવલ

**હોર્મુઝની ઝાળ કંપનીઓ સાથે ગ્રાહકોને પણ દઝાડશે**

feedback@bombaysamachar.com
કવર સ્ટોરી
નિલેશ વાઘેલા

## ગલ્ફમાં યુદ્ધના ઉકળાટ સાથે ભારતીય ઉદ્યોગોમાં ફરી ખળભળાટ

**પશ્ચિમ એશિયા ભારતને યુરોપ, આફ્રિકા અને અનેક આંતરરાષ્ટ્રીય બજારો સાથે જોડતા એક મહત્ત્વપૂર્ણ દરિયાઈ કોરિડોર તરીકે સેવા આપે છે. શિપિંગ માર્ગમાં કોઈપણ વિક્ષેપ નૂર ખર્ચ અને ડિલિવરી સમયરેખામાં વધારો કરે છે, જે તમામ ઉદ્યોગોને અસર કરે છે. હવે પ્રશ્ન એ નથી કે કંપનીઓને અસર થશે કે નહીં, સવાલ એ છે કે કંપનીઓ ગ્રાહકો ભાવ વધારો પસાર કરતા પહેલા કેટલા સમય સુધી અસરને શોષી શકે છે.**

**અમેરિકા-ઈરાન** વચ્ચે ફરી એકવખત મિસાઇલ અને ડ્રોનની આતશબાજી શરૂ થઇ ગઇ છે. હોર્મુઝની જળ સપાટીમાં ફરી તોફાન જામ્યું છે. આપણે હવે એ વાત જાણીને અને વાંચી વાંચીને થાકી ગયા કે આ બે પાડાની લડાઇને કારણે ક્રૂડ ઓઇલના પુરવઠામાં વિક્ષેપ પડતા દેશ અને વિશ્વના અર્થતંત્રને ફટકો પડે છે. મોંઘવારી પર આની કઇ રીતે સીધી અસર થાય છે એ આપણે અનેક લેખમાં જાણ્યું છે.

આ લેખમાં આપણે એફએમસીજી, એટલે કે સાબુ, ટૂથપેસ્ટ, બિસ્કિટ જેવી રોજિંદી ઉપયોગમાં લેવાતી સામગ્રી, વસ્ત્રો, ઇજનેરી અને કેમિકલ પ્રોડક્ટ્સ ઉત્પોદકો પર કેવી અસર થઇ શકે છે, તેનો તાગ મેળવવાનો પ્રયાસ કરીએ, કારણ કે આ વખતની લશ્કરી અથડામણમાં ઉપરોક્ત બંને દેશના પરસ્પરના હુમલા અત્યાર સુધીના એટેક કરતા વધુ વિનાશક રહ્યા છે અને જો વાત જલ્દી થાળે નહીં પડશે તો ક્રૂડ ઓઇલના ભાવ ફરી વધવાનો તેમ જ લાંબા સમય સુધી ઊંચા રહેવાનો ભય છે.

એક મહિના કરતાં પણ ઓછા સમયમાં યુએસ-ઈરાન શાંતિ કરાર તૂટી પડવાથી ભારતના કન્ઝ્યુમર સેગમેન્ટમાં ખળભળાટ મચી ગયો છે. લાંબા ગાળાની મંદી પછી દેશના કન્ઝ્યૂમર સેગમેન્ટમાં રિકવરીના સંકેત દેખાઈ રહ્યા હતા, એવા સમયે યુએસ-ઇરાન શાંતિ મંત્રણાના પતનથી ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો, ફુગાવો અને પુરવઠા શૃંખલામાં વિક્ષેપનો ભય ફરી જાગ્યો છે.

એક અર્થતંત્ર જે તેની ક્રૂડ ઓઇલની જરૂરિયાતોનો લગભગ ૮૫ ટકા આયાત કરે છે, તેના માટે પશ્ચિમ એશિયામાં અસ્થિરતા ફક્ત વિદેશ નીતિનો મુદ્દો નથી, તેની સીધી અસર વેપાર-ઉદ્યોગ, ગ્રાહકો અને આર્થિક દેશના અર્થતાંત્રિક વિકાસ પર પડે છે.

ક્રૂડ ઓઇલ કન્ઝ્યુમર્ ગુડ્સ ઇન્ડસ્ટ્રીઝના લગભગ દરેક પાસાને પ્રભાવિત કરે છે. પરિવહન અને લોજિસ્ટિક્સથી લઈને પ્લાસ્ટિક પેકેજિંગ, રસાયણો અને વ્યક્તિગત સંભાળ ઉત્પાદનો સુધી, પેટ્રોલિયમ આધારિત ઇનપુટ્સ ઉત્પાદન ખર્ચનો નોંધપાત્ર ભાગ બનાવે છે. ક્રૂડ ઓઇલના ભાવમાં સતત વધારો કંપનીઓને ઊંચા ખર્ચને શોષવા અથવા ભાવ વધારા દ્વારા ગ્રાહકો પર પહોંચાડવા વચ્ચે પસંદગી કરવાની ફરજ પાડે છે. ભારતના કન્ઝ્યુમર્ ગુડ્સ ક્ષેત્ર માટે વિકટ પરિસ્થિતિ ઊભી થઇ છે. માગમાં ઘટાડો થયાના ઘણા ક્વાર્ટર પછી, કંપનીઓ ધીમે ધીમે, ખાસ કરીને ગ્રામીણ બજારોમાં સુધારાને પંથે આગળ વધી રહી હતી ત્યાં આ વસમા સમાચાર આવી રહ્યા છે. તેમની વ્યૂહરચના કિંમતોમાં વધારો કરવાને બદલે વેચાણના ઊંચા જથ્થા દ્વારા વૃદ્ધિને આગળ વધારવાની હતી. જો કે, ફુગાવાના દબાણમાં વધારો આવી યોજનાઓને વિક્ષેપિત કરી શકે છે.

ભારતીય ગ્રાહકો સ્થિતિસ્થાપક, પરંતુ સાવચેત રહે છે. વર્ષોના ફુગાવાએ લોકોને ભાવતાલ બાબતે વધુ સંવેદનશીલ બનાવ્યા છે, જેના કારણે ઘણા લોકો બિનઆવશ્યક અથવા વિવેકાધીન ખરીદી પર કાપ મૂકીને આવશ્યક ખર્ચને પ્રાથમિકતા આપે છે. આ ક્ષેત્રના નિષ્ણાતો માને છે કે, જો કંપનીઓ માર્જિનનું રક્ષણ કરવા માટે ફરી એકવાર ભાવમાં વધારો કરશે, તો ગ્રાહકો નાના પેક તરફ ફંટાઇને, ખરીદીમાં વિલંબ કરીને અથવા ઓછી કિંમતના વિકલ્પો પસંદ કરીને પ્રતિક્રિયા આપી શકે છે. આ પ્રકારના કન્ઝ્યુમર ટ્રેન્ડના ફેરફારો વપરાશ-આધારિત સુધારણાની ગતિને ધીમી પાડી શકે છે.

ગ્રામીણ ભારતમાં પડકાર વધુ મોટો છે. કૃષિ આવકમાં સુધારો થવાના સંકેતો પછી ગ્રાહક કંપનીઓ ગામડાઓમાંથી મજબૂત માગની આશા રાખતી હતી. જોકે, કેટલાક પ્રદેશોમાં ભારે વરસાદ અને અન્ય વિસ્તારોમાં ખાધને કારણે ચોમાસાની અનિયમિત સ્થિતિએ કૃષિ ઉત્પાદન અંગે અનિશ્ચિતતા ઊભી કરી છે. બળતણ ખર્ચમાં વધારો ખેતી અને પરિવહન ખર્ચમાં વધુ વધારો કરી શકે છે, જેનાથી ગ્રામીણ આવક પર વધારાનું દબાણ આવી શકે છે.

જોકે, મોટા બિઝનેસ હાઉસ રાતોરાત તેમની વ્યૂહરચના બદલી શકતા નથી. કિંમત નિર્ધારણના નિર્ણયો, પ્રાપ્તિ કરારો અને ઉત્પાદન યોજનાઓ સામાન્ય રીતે મહિનાઓ અગાઉથી લેવામાં આવે છે. તેથી કંપનીઓ નોંધપાત્ર ફેરફારો કરતા પહેલા ક્રૂડ તેલના ભાવ, ફુગાવાનાં વલણો અને ગ્રાહક માગ પર નજર રાખે તેવી શક્યતા છે.

જો ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો કામચલાઉ સાબિત થાય, તો કંપનીઓ વધારાના ખર્ચનો એક ભાગ શોષી શકે, એટલે કે જાતે સહન કરી શકે છે. પરંતુ જો ભૂરાજકીય તણાવ લાંબો સમય સુધી ચાલુ રહે અને ક્રૂડ ઊંચા મથાળે ટકી રહે, તો ધીમે ધીમે ભાવમાં વધારો અનિવાર્ય બની શકે છે.

સ્થાનિક વપરાશ ઉપરાંત, પશ્ચિમ એશિયામાં નવેસરથી તણાવ વૈશ્વિક પુરવઠા શૃંખલાઓ વિશે પણ ચિંતાઓ ઊભી કરે છે. આ પ્રદેશ આંતરરાષ્ટ્રીય વેપાર માટે એક મહત્ત્વપૂર્ણ દરિયાઈ કોરિડોર છે અને શિપિંગ માર્ગોમાં કોઈપણ વિક્ષેપ નૂર ખર્ચમાં વધારો કરી શકે છે અને ડિલિવરીમાં વિલંબ કરી શકે છે. વસ્ત્રો, કાપડ અને એન્જિનિયરિંગ માલ જેવા નિકાસલક્ષી ક્ષેત્રો વધારાના પડકારોનો સામનો કરી શકે છે, જોકે તાજેતરના વૈશ્વિક પુરવઠા શૃંખલા વિક્ષેપો પછી ઘણી કંપનીઓ અડીખમ ઊભી રહી શકી છે.

નીતિ નિર્માતાઓ માટે, બદલાતી પરિસ્થિતિ તકેદારીની માગ કરે છે. આર્થિક વિકાસ સાથે સમાધાન કર્યા વિના ફુગાવાનું સંચાલન કરવું એ એક નાજુક સંતુલન કાર્ય હશે. સરકારે ઇંધણ કિંમત નીતિઓનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવાની જરૂર પડી શકે છે, જ્યારે ભારતીય રિઝર્વ બેંક કોઈપણ નાણાકીય નીતિના નિર્ણયો લેતા પહેલા ફુગાવાનાં વલણોનું નજીકથી નિરીક્ષણ કરશે.

નવીનતમ ભૂરાજકીય કટોકટી આયાતી ઇંધણ પર ભારતની લાંબા ગાળાની નિર્ભરતા ઘટાડવાના મહત્ત્વને પણ મજબૂત બનાવે છે. નવીનીકરણીય ઊર્જામાં વધુ રોકાણ, ક્રૂડ આયાતના વૈવિધ્યસભર સ્રોતો અને મજબૂત સ્થાનિક પુરવઠા શૃંખલાઓ અર્થતંત્રને બાહ્ય આંચકાઓ સામે રક્ષણ આપવામાં મદદ કરી શકે છે.

યુએસ-ઈરાન તણાવ એ યાદ અપાવે છે કે વૈશ્વિક સંઘર્ષો ભારતમાં રોજિંદા જીવનને ઝડપથી પ્રભાવિત કરી શકે છે, ઇંધણના ભાવ અને ઘરગથ્થુ બજેટથી લઈને વ્યવસાયિક નફાકારકતા અને ગ્રાહક વિશ્વાસ સુધી તેની અસર પહોંચે છે. જ્યારે ભારતની અર્થવ્યવસ્થાએ અનેક વૈશ્વિક વિક્ષેપો સામે સ્થિતિસ્થાપકતા દર્શાવી છે, ત્યારે ઇંધણના સતત ઊંચા ભાવ ફરી એકવાર તે સ્થિતિસ્થાપકતાની કસોટી કરી શકે છે. ■

feedback@bombaysamachar.com
પ્રાસંગિક
અમૂલ દવે

## ઈરાન-અમેરિકા વચ્ચે હોર્મુઝ સામુદ્રધુની પર તીવ્ર યુદ્ધ

### આ સંઘર્ષ તો વધતો જ જાય છે...

ઇરાન અને અમેરિકા વચ્ચે મધ્ય પૂર્વના વિસ્તારમાં તાજેતરમાં ફરીથી તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. હોર્મુઝ સ્ટ્રેટ પરના નિયંત્રણને લઈને બંને દેશ વચ્ચેનો સંઘર્ષ હવે અત્યંત ગંભીર વળાંક લઈ ચૂક્યો છે. ‘સ્ટ્રેટ ઓફ હોર્મુઝ’ આંતરરાષ્ટ્રીય સ્તરે ઊર્જા સુરક્ષા માટે સૌથી મહત્ત્વનો જળમાર્ગ છે, કારણ કે વિશ્વના કુલ તેલ પુરવઠાનો આશરે ૨૦ ટકા હિસ્સો દરરોજ આ સાંકડી પટ્ટીમાંથી પસાર થાય છે. તેથી આ વિસ્તારમાં થતી કોઈપણ સૈન્ય હિલચાલ વૈશ્વિક અર્થતંત્રને હચમચાવી મૂકવાની ક્ષમતા ધરાવે છે. વર્તમાન કટોકટીમાં અમેરિકા દ્વારા ઈરાનના વ્યૂહાત્મક સ્થાનોને નિશાન બનાવવામાં આવ્યા હોવાના અહેવાલ છે, જેમાં ચાબહાર પોર્ટ નજીકના વિસ્તારો અને અન્ય સિવિલિયન ટાર્ગેટ્સનો સમાવેશ થાય છે. ચાબહાર પોર્ટ ઈરાન માટે આર્થિક દ્રષ્ટિએ અત્યંત મહત્ત્વપૂર્ણ છે અને તે માત્ર ચીન જ નહીં, પરંતુ ભારત અને મધ્ય એશિયા સાથેના વેપાર માટે પણ એક મુખ્ય કેન્દ્ર સમાન છે. આ હુમલાને કારણે ઈરાનની સાર્વભૌમત્વ અને તેની આર્થિક જીવનરેખા પર સીધો પ્રહાર થયો હોવાથી સમગ્ર ઈરાની વહીવટીતંત્ર અને પ્રજામાં ભારે રોષ અને ગુસ્સાની લાગણી ફેલાઈ ગઈ છે.

આ લશ્કરી કાર્યવાહીના પ્રત્યાઘાત રૂપે ઈરાને પ્રાદેશિક સ્તરે વળતા પ્રહારો શરૂ કર્યા છે. ઈરાન દ્વારા બહેરીન, જોર્ડન અને કુવૈત જેવા પાડોશી અરબ દેશોમાં સ્થિત અમેરિકી સૈન્ય મથકો અને તેમની સ્થાપનાઓને નિશાન બનાવીને મિસાઈલ અને ડ્રોન હુમલા કરવામાં આવ્યા હોવાના અહેવાલો છે. આ દેશોમાં અમેરિકાની મોટી સૈન્ય હાજરી હોવાથી તેઓ લાંબા સમયથી ઈરાનની નજરમાં ખટકતા રહ્યા છે. સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે સંઘર્ષ દરમિયાન ઈરાનના ન્યુક્લિયર પ્લાન્ટ્સ અથવા તેની આસપાસના સંવેદનશીલ વિસ્તારોની નજીક પણ હુમલા થયા છે. અણુ સુવિધાઓની આસપાસ થતી કોઈપણ નાની અમથી સૈન્ય કાર્યવાહી પણ અત્યંત જોખમી સાબિત થઈ શકે છે.

આ દરમિયાન ઈરાનના સુપ્રીમ લીડર આયતોલ્લાહ અલી ખામેનેઈએ ટેલિવિઝન પર આપેલા સંદેશમાં અત્યંત કડક વલણ અપનાવ્યું છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે ઈરાન હવે અમેરિકા સાથે કોઈ પણ પ્રકારની વાટાઘાટો કે ડિપ્લોમેટિક ચર્ચા કરવા માગતું નથી. તેમણે અમેરિકાને સહયોગ આપી રહેલા અરબ દેશોને ખુલ્લી ચેતવણી આપતા જણાવ્યું છે કે જે શાસકો અમેરિકી પાવર અને સામ્રાજ્યવાદના પૂતળા બનીને કામ કરી રહ્યા છે, તેમણે ગંભીર પરિણામો ભોગવવા પડશે. ખામેનેઈએ ભારપૂર્વક કહ્યું કે ઈરાન પોતાના સૈન્ય અને વ્યૂહાત્મક ફાયદા માટે ભવિષ્યમાં આ અરબ દેશોના અન્ય મહત્ત્વનાં લક્ષ્યો પર પણ હુમલા કરી શકે છે. તેમના નિવેદનોમાં સ્પષ્ટપણે જોવા મળતી રિવેન્જ એટલે કે બદલાની ભાવના એ બાબતનો સંકેત આપે છે કે ઈરાની નેતાગીરી અને ત્યાંના લોકો પોતાના અધિકારો અને આત્મસન્માન માટે કોઈપણ હદ સુધી લડવા તૈયાર છે.

બીજી તરફ, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે પણ આ મામલે સહેજ પણ નરમ પડવાનો ઇનકાર કરીને અત્યંત આક્રમક વલણ અખત્યાર કર્યું છે. પ્રમુખ ટ્રમ્પે વૉશિંગ્ટનથી સીધી ચેતવણી આપતા જણાવ્યું છે કે જો ઈરાન અથવા તેના સમર્થિત જૂથો દ્વારા અમેરિકી સૈનિકો, દૂતાવાસો કે અમેરિકાની મુખ્ય ભૂમિ પર કોઈ પણ પ્રકારનો હુમલો કરવામાં આવશે તો તેનો એવો જડબાતોડ જવાબ આપવામાં આવશે, જે ઈરાને ક્યારેય વિચાર્યો નહીં હોય. તેમણે સ્પષ્ટ કર્યું છે કે અમેરિકી સેના ઈરાન પર એકસાથે ૧૦૦૦ મિસાઈલો છોડવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. બંને દેશોના સર્વોચ્ચ નેતાઓના આવાં આકરાં અને બિન-સમજોતાવાદી નિવેદનોથી સ્પષ્ટ થાય છે કે આ વિવાદ હવે રાજદ્વારી મડાગાંઠમાંથી બહાર નીકળીને ફુલ સ્કેલ યુદ્ધ એટલે કે પૂર્ણ કક્ષાના સૈન્ય સંગ્રામ તરફ વળી રહ્યો છે.

આ સંઘર્ષની સૌથી તાત્કાલિક અને ઘાતક અસર વૈશ્વિક વેપાર અને ખાસ કરીને ક્રૂડ ઓઈલની સપ્લાય ચેઈન પર પડી રહી છે. હોર્મુઝ સ્ટ્રેટમાં વેપારી જહાજો અને ઓઈલ ટેન્કરો પર ઈરાન અને તેના સહયોગીઓ દ્વારા કરવામાં આવી રહેલા હુમલાઓને કારણે આંતરરાષ્ટ્રીય શિપિંગ કંપનીઓએ આ માર્ગનો ઉપયોગ કરવાનું બંધ કરી દીધું છે અથવા તો તેઓ લાંબા અને ખર્ચાળ વૈકલ્પિક માર્ગો પસંદ કરી રહ્યા છે. આના પરિણામે વૈશ્વિક બજારમાં તેલના ભાવો આસમાને પહોંચવાની આશંકા ઊભી થઈ છે.

આનાથી વિપરીત, અમેરિકા પણ પોતાની સૈન્ય તાકાત અને બહેરીન, કુવૈત તથા જોર્ડન જેવા દેશોમાં આવેલા પોતાના વિશાળ નેવલ અને એરબેઝના દમ પર ઈરાનને ઘેરવાની મજબૂત તૈયારીઓ કરી રહ્યું છે. પરિણામે આખો મધ્ય પૂર્વ વિસ્તાર એક ટાઈમ બૉમ્બ પર આવીને ઊભો રહી ગયો છે. આ ભયાનક સ્થિતિને જોતાં સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય આંતરરાષ્ટ્રીય શાંતિ સંસ્થાઓ બંને પક્ષો વચ્ચે મધ્યસ્થી કરાવવા અને તાત્કાલિક યુદ્ધવિરામ લાવવા માટે રાત-દિવસ પ્રયાસો કરી રહી છે. જો કે, અમેરિકા અને ઈરાન બંને પક્ષ જે રીતે પોતાની શરતો પર મક્કમ છે અને કોઈ પણ નમતું જોખવા તૈયાર નથી, તે જોતાં આ શાંતિ વાટાઘાટો સફળ થાય તેવી શક્યતાઓ હાલના તબક્કે અત્યંત ધૂંધળી જણાય છે. આ વૈશ્વિક સંઘર્ષ જો વધુ વણસશે તો તેની અસરો માત્ર મધ્ય પૂર્વ પૂરતી સીમિત નહીં રહે, પરંતુ આખી દુનિયાને એક અભૂતપૂર્વ રાજકીય અને આર્થિક કટોકટી તરફ ધકેલી દેશે જેમાંથી બહાર નીકળવું માનવજાત માટે અત્યંત મુશ્કેલ સાબિત થશે. ■

## આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

feedback@bombaysamachar.com
પ્રફુલ શાહ

## તેલગીને આકરી સજા, પણ જેલમાં વીઆઈપી ટ્રીટમેન્ટ

ગતાંકથી શરૂ.

અબ્દુલ કરીમ તેલગી દેશભરમાં નકલી સ્ટૅમ્પ પેપરના વિશાળ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર બન્યો એ હવે કહેવાની જરૂર નથી. આ કૌભાંડ પર્દાફાશ થયા બાદ ૨૦૦૧માં તેની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ તપાસમાં એક પછી એક સનસનાટી મચાવતાં તથ્યો બહાર આવ્યાં હતાં. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે કેટલાક પોલીસ અધિકારીઓ અને સરકારી કર્મચારીઓની મદદ વગર આટલા મોટા પાયે કૌભાંડ ચલાવવું લગભગ અશક્ય હતું. આમાં સહાયક પોલીસ તપાસકર્તા નિખિલ કોઠારીનો પણ સમાવેશ થતો હતો, જેમની માસિક આવક માત્ર ₹ ૯૦૦૦ હોવા છતાં કુલ સંપત્તિ ₹ એક અબજથી વધુ હોવાનું બહાર આવ્યું હતું.

આ કેસમાં અન્ય પોલીસ અધિકારીઓનાં નામ પણ સામે આવ્યાં હતાં. તે સમયે મુંબઈ સ્પેશ્યલ બ્રાંચના ડેપ્યુટી કમિશનર ઑફ પોલીસ પ્રદીપ સાવંતને શરૂઆતમાં કેસમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા, પરંતુ બાદમાં નિર્દોષ સાબિત થતાં તેમની પુનઃનિયુક્તિ કરવામાં આવી હતી. પોલીસ અધિકારી એસ. એમ. મુશ્રિફે પણ આ કેસમાં નિર્ણાયક પગલાં લીધાં હતાં. આવા કારણે કેસ ખૂબ ચર્ચાસ્પદ બન્યો હતો.

તેલગી પર ભારતમાં સૌથી વધુ ચર્ચિત ગણાતા નાર્કો-એનાલિસિસ પરીક્ષણોમાંનું એક કરવામાં આવ્યું હતું. આ પરીક્ષણના



અબ્દુલ કરીમ તેલગી

વિડિયો અને વિગતો વર્ષો સુધી સમાચાર અને જાહેર ચર્ચાનો વિષય રહ્યાં હતાં. તેણે ખુદ કોર્ટમાં કેટલાક આરોપો સ્વીકાર્યા પણ હતા.

૨૦૦૬ની ૧૭ જાન્યુઆરીએ અબ્દુલ કરીમ અને તેમના કેટલાક સાથીદારોને ૩૦ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી. ત્યાર બાદ ૨૦૦૭ની ૨૮મીના રોજ તેલગીને આ કૌભાંડના અન્ય એક પાસા માટે ૧૩ વર્ષની સખત કેદની સજા આપવામાં આવી હતી. ઉપરાંત તેમને ₹ ૧૦ અબજનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. આવકવેરા વિભાગે તો દંડની રકમ વસૂલ કરવા માટે તેલગીની મિલકતો જપ્ત કરવાની માગણી કરી હતી.

મીડિયા અહેવાલો મુજબ, જેલમાં હોવા છતાં તેને કેટલીક વિશેષ સુવિધાઓ મળતી હોવાના આરોપો લાગ્યા હતા, જેના કારણે જેલ વ્યવસ્થા અંગે પણ પ્રશ્નો ઊભા થયા હતા. આમેય અઢળક પૈસા હતા, રાજકીય સંપર્ક હતા અને ઘણા પોલીસવાળા સાથે ઘરોબો હોવાથી તેલગીએ જેલમાં વીઆઇપી ટ્રીટમેન્ટ ન મળી હોત તો જ નવાઈની વાત હોત. આ ભારત છે અને પૈસો બધે બોલે છે.

જ્યારે વ્યવસ્થાની અંદર ભ્રષ્ટાચાર, બેદરકારી અને રાજકીય-પ્રશાસકીય સાંઠગાંઠ હોય ત્યારે એક વ્યક્તિ કેટલા મોટા પાયે છેતરપિંડી કરી શકે છે એનો જીવતોજાગતો પુરાવો બની ગયો હતો તેલગી.

અબ્દુલ કરીમ મેનિન્જાઇટિસથી પીડાતા હતો. તે ૨૦ વર્ષથી વધુ સમયથી ડાયાબિટીસ અને ઉચ્ચ રક્તચાપ (હાઇપરટેન્શન)થી પણ પીડાતો હતો. અંતે ૧૩ વર્ષના જેલવાસ બાદ ૨૦૧૭ની ૨૩ઑક્ટોબરે બેંગલુરુની વિક્ટોરિયા હૉસ્પિટલમાં તેલગીએ અંતિમ શ્વાસ લીધા હતા.

પરંતુ ભારતના સૌથી કુખ્યાત આર્થિક ગુનેગારોમાંના એક એવા અબ્દુલ કરીમ તેલગીના કૌભાંડ અને ખટલા સંબંધી ઘણી સનસનીખેજ માહિતી હજી બાકી છે.

(ક્રમશઃ)■



feedback@bombaysamachar.com
ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી

# શૅરબજારની જાળ: નુકસાન છતાં કેમ છોડી શકતા નથી?



ક્યારેય તમારી સાથે એવું બન્યું છે કે શેરબજારમાં કોઈ શેરમાં મોટું નુકસાન થઈ રહ્યું હોય, સ્ક્રીન પર લાલ આંકડા તમારી આંખોને દઝાડતા હોય, દિલ કહેતું હોય કે આમાંથી બહાર નીકળી જાઓ... છતાં તમારો અંગૂઠો 'એક્ઝિટ'નું બટન દબાવવાની સાફ-સાફ ના પાડી દે? અંદરથી એક જ બહાનું નીકળે થોડા દિવસ રાખું, કદાચ ચમત્કાર થશે ને ભાવ પાછો આવી જશે! આ કોઈ આકસ્મિક વર્તણૂક નથી પણ આપણા મનની અંદર ચાલતી મનોવૈજ્ઞાનિક જાળ છે.

'બિહેવિયરલ ફાઇનાન્સ' નામનો શૅરબજારના ખેલાડીઓ માટે થયેલો અભ્યાસ છે. આ અભ્યાસ મુજબ શા માટે માણસ બજારમાં તર્ક અને ગણિત બાજુ પર મૂકીને, માત્ર લાગણીઓના આધારે નિર્ણયો લે છે અને પોતાના જ હાથે ઘણીવાર નુકસાનના ખાડાને ઊંડો કરતો જાય છે.

ઈશ્વરે આપણા મગજની રચના અદ્ભુત બનાવી છે. આપણને નફાના આનંદ કરતાં નુકસાનનો આંચકો બમણો લાગે છે. વિજ્ઞાન આને 'લૉસ અવેરઝન' કહે છે. જ્યારે કોઈ શૅરની કિંમત નીચે જવા લાગે ત્યારે મગજ આપણને ડરાવતા કહે છે, જો આજે વેચી દઈશ તો નુકસાન પાકું થઈ જશે, એના કરતાં પકડી રાખ, કદાચ પાછું આવી જશે. પરિણામે સામાન્ય માણસ નફાવાળા શૅર સામાન્ય પ્રૉફિટ લઈને વહેલા વેચી દે છે. જે શૅર આપણું લોહી વહાવી રહ્યા છે એને આશાના નામે જિંદગીભર પકડી રાખે છે! મનોવિજ્ઞાનના ગણિતમાં અભ્યાસ કરાયેલા આ ભ્રમને 'ડિસ્પોઝિશન ઇફેક્ટ' કહેવાય છે, જ્યાં માણસ પોતાના જ હાથે સારા ઘોડા વેચી નાખે છે અને લંગડા ઘોડા પર દાવ લગાવતો રહે છે.

આપણું મગજ ડૂબેલા પૈસાના મોહમાં એવું ફસાય છે કે રોકાણકાર એક જ રાગ આલાપતો હોય છે કે હું તો આ કંપનીમાં પહેલેથી જ લાખો રૂપિયા રોકી ચૂક્યો છું, હવે જો અધવચ્ચેથી નીકળી જઈશ તો મારું બધું જ ઇન્વેસ્ટમેન્ટ વેડફાઈ જશે. પણ ભાઈ, જે પૈસા ડૂબી ગયા છે તે તો ભૂતકાળ છે. બજારમાં તમારો નિર્ણય આજના ભાવ અને ભવિષ્યની દેખીતી સંભાવના પર જ આધારિત હોવો જોઈએ ને? પણ મગજ જૂના નુકસાનની લાશને વર્તમાનના નિર્ણયની પીઠ પર લાદી દે છે અને માણસને ખરાબ પોઝિશનમાંથી બહાર નીકળવા દેતો નથી.

કાલે તો માર્કેટ ચોક્કસ ઉપર જશે... આવી આશાઓ માણસની આંખે એવી પટ્ટી બાંધી દે છે કે એને સામે દેખાતી વાસ્તવિકતા પણ દેખાતી બંધ થઈ જાય છે. માણસ નફામાં સલામતી શોધે છે, પણ જેવો એ નુકસાનમાં આવે કે તરત જ એ આંધળું જોખમ લેવા તૈયાર થઈ જાય છે! આ જ જિદ્દી આશાવાદનો જીવંત દાખલો આપણને ૧૯૯૨ના ફેમસ હર્ષદ મહેતા કૌભાંડમાં જોવા મળ્યો હતો, જેના પર વેબ સિરીઝ અને ફિલ્મ પણ બની છે. એ કૌભાંડમાં જ્યારે આખું માર્કેટ પત્તાના મહેલની જેમ તૂટી રહ્યું હતું ત્યારે કેટલાય મધ્યમવર્ગીય રોકાણકારો માત્ર એ આશામાં શૅર પકડીને બેસી રહ્યા કે હર્ષદભાઈ કંઈક જાદુ કરશે ને માર્કેટ પાછું ઉપર આવશે! તર્ક કહેતો હતો કે શૅર વેચીને જે બચે તે બચાવી લો, પણ અહંકાર અને અતિ-આશાવાદના ભ્રમે હજારો પરિવારોને રાતોરાત રોડ પર લાવી દીધા હતા.

મોબાઇલમાં અસંખ્ય ઍપ્લિકેશન આવી ગઈ છે અને પોતાની આસપાસના લોકોને પ્રૉફિટ કરતા જુએ છે પણ એ ખબર હોતી નથી કે સામેની વ્યક્તિ સાચું કહે છે કે ખોટું એને તો પૈસા કમાવવાનો શૉર્ટકટ રસ્તો મળી ગયો છે જેમાં મહેનત કરવાની નથી. સામાન્ય માણસ પાસે કંપનીનો અભ્યાસ પણ હોતો નથી, એને રાતોરાત લખપતિ બનવું છે. રોજ સવારે નવ વાગ્યે શૅરબજાર જોવું, સ્ક્રીન પર લાલ-લીલા ચાર્ટના ચકરાવા નિહાળવા; આ બધું સામાન્ય માણસના મગજની અંદર 'ડોપામિન'નો મોટો વિસ્ફોટ કરે છે.

જ્યારે સહેજ જીત થાય ત્યારે ડોપામિનનું સ્તર આકાશને આંબે છે અને જો મોટું નુકસાન થાય તો મગજ કાનમાં આવીને પંપાળતા કહે છે, હજુ એક છેલ્લી તક મળવી જોઈએ, આ વખતે બધું સરભર કરીને જીતી જઈશું. મહાભારતના યુધિષ્ઠિરની આ જ કથા હતી.

આ જ વળાંક પર શૅરબજાર રોકાણમાંથી જીવલેણ જુગાર અને વ્યસન બની જાય છે. બિહેવિયરલ ફાઇનાન્સ આને 'ટ્રેડિંગ એડિક્શન' તરીકે ઓળખે છે, જેમાં પરિણામ ગમે તે આવે, પણ એ રમવાનો નશો માણસને છોડવા નથી દેતો.

હું ખોટો હોઈ જ ના શકું. મારું વિશ્લેષણ અને અભ્યાસ પાક્કો છે. પેઢીઓથી શૅરબજારનો વ્યવસાય કરતા લોકો પણ ગોથું ખાઈ જતા હોય છે. હાથમાં બે-પાંચ લાખની બચતને બજારમાં રમતા લોકો માટે શૅરબજારમાં ટ્રેડ કરવો એટલે પોતાની બુદ્ધિ અને અહંકારનું પ્રદર્શન કરવું! બજારમાં લૉસ બુક કરવો એટલે પોતાની ભૂલનો જાહેર સ્વીકાર કરવો, આ કરે કોણ? દુનિયામાં પોતાના અહંકારને ઓગાળવો એ માણસ માટે સૌથી અઘરું કામ છે.

પ્રશ્નએ છે કે, શૅરબજારની જાળમાંથી સમયસર બહાર નીકળવું મુશ્કેલ કેમ છે?

આપણું ગણિત જ ઇમોશનલ છે. તર્ક બૂમો પાડીને કહે છે કે વેચી દો અને આ ખોટ ખતમ કરો. મનમાં રહેલી લાગણીઓ સમજાવે છે કે થોડું થોભી જા. આ માનસિક યુદ્ધમાં હંમેશાં લાગણીઓ જીતી જાય છે અને તર્ક હારી જાય છે. આ વર્તણૂક માણસના મનની કુદરતી પ્રક્રિયા છે, પણ જો સમયસર એને અંકુશમાં ન લેવામાં આવે તો એ નાણાકીય રીતે આખા ઘરને વિનાશના આરે લાવી દે છે.

આ ભયાનક જાળમાંથી બહાર નીકળવાનો રસ્તો કયો?

સ્ટૉપ લૉસ, પોઝિશન સાઇઝિંગ અને રિસ્ક મૅનેજમેન્ટના કડક નિયમો બનાવો અને તેનું પાલન કરો. બજારમાં સ્ક્રીન સામે બેસતી વખતે દરેક ટ્રેડને કેવળ વ્યવસાય તરીકે જુઓ, તેને મનોરંજન કે જુગાર ન બનાવો. શૅરબજારની મુસાફરીમાં નાનું-મોટું નુકસાન થવું એ સામાન્ય પ્રક્રિયા છે. એ નુકસાનને અહંકારના નામે મોટું થવા દેવું અને આખા ઘરની શાંતિ વેડફી નાખવી એ મૂર્ખામી છે. ■

**ધ એન્ડ**

***શૅરબજારની સફળતાનું રહસ્ય ક્યારેય બજારને હરાવવામાં કે એની સામે જીદ કરવામાં નથી, પણ પોતાના મનને સમજવામાં અને તેને કંટ્રોલ કરવામાં છે.***

feedback@bombaysamachar.com
મગજ મંથન
વિઠ્ઠલ વઘાસિયા

# જીવન વત્તા જિજ્ઞાસા એક સિક્કાની બે બાજુ છે

## જિજ્ઞાસા જ જ્ઞાનની જનની છે



જીવન અને જિજ્ઞાસા એકબીજાના પૂરક છે. જિજ્ઞાસા વિના જીવન નિર્જીવ અને નિરસ બની જાય છે, જ્યારે જિજ્ઞાસા જીવનને નવી દિશા, નવી ઊર્જા અને નવા અનુભવો પ્રદાન કરે છે. મનુષ્યને અન્ય પ્રાણીઓથી અલગ પાડતી સૌથી મહત્ત્વપૂર્ણ વિશેષતા તેની જિજ્ઞાસુ વૃત્તિ છે. આ જિજ્ઞાસાએ જ માનવજાતને અજ્ઞાનતામાંથી જ્ઞાન તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ અને પછાત અવસ્થામાંથી વિકાસના શિખરો સુધી પહોંચાડી છે.

જિજ્ઞાસા એટલે કંઈક નવું જાણવા, સમજવા અને શોધવાની આંતરિક ઈચ્છા. બાળક જ્યારે જન્મે છે ત્યારે તે સ્વભાવથી જ જિજ્ઞાસુ હોય છે. તે આસપાસની દરેક વસ્તુને સ્પર્શીને, જોઈને અને અનુભવીને સમજવાનો પ્રયત્ન કરે છે. 'આ શું છે?', 'આ કેમ થાય છે?' અને 'આવું શા માટે?' જેવા પ્રશ્નો તેના મનમાં સતત ઉદ્ભવે છે. આ પ્રશ્નો જ જ્ઞાનના દ્વાર ખોલે છે. જો મનુષ્યમાં જિજ્ઞાસા ન હોત તો કદાચ વિજ્ઞાન, ટેક્નોલોજી, સાહિત્ય, કલા અને સંસ્કૃતિનો વિકાસ શક્ય બન્યો ન હોત.


જીવન એક સતત યાત્રા છે. આ યાત્રામાં અનેક પડકારો, અનુભવો અને સંજોગો આવે છે. જિજ્ઞાસા માણસને દરેક પરિસ્થિતિમાંથી શીખવાની પ્રેરણા આપે છે. જિજ્ઞાસુ વ્યક્તિ મુશ્કેલીઓને અંત નહીં, પરંતુ નવા જ્ઞાન અને અનુભવની શરૂઆત માને છે. તે હંમેશાં કંઈક નવું શીખવા માટે તૈયાર રહે છે. તેથી જ તેનું જીવન ગતિશીલ અને અર્થપૂર્ણ બને છે. ઈતિહાસ સાક્ષી છે કે મહાન શોધો અને આવિષ્કારો પાછળ જિજ્ઞાસાનો જ ફાળો રહ્યો છે. જ્યારે આઈઝેક ન્યૂટને સફરજન જમીન પર પડતું જોયું, ત્યારે તેના મનમાં પ્રશ્ન ઉદ્ભવ્યો કે વસ્તુઓ નીચે જ કેમ પડે છે? આ જિજ્ઞાસાએ ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતને જન્મ આપ્યો. તેવી જ રીતે થોમસ એડિસનની જિજ્ઞાસાએ અનેક શોધો શક્ય બનાવી. વિશ્વના લગભગ દરેક મહાન વિચારક, વૈજ્ઞાનિક અને તત્ત્વચિંતકના જીવનમાં જિજ્ઞાસા એક પ્રેરકબળ તરીકે કાર્યરત રહી છે.

જિજ્ઞાસા માત્ર વૈજ્ઞાનિક ક્ષેત્ર પૂરતી મર્યાદિત નથી. આધ્યાત્મિક જીવનમાં પણ તેનું વિશેષ મહત્ત્વ છે. આત્મા શું છે? જીવનનો હેતુ શું છે? સુખ અને શાંતિ ક્યાંથી મળે છે? આવા પ્રશ્નો મનુષ્યને આધ્યાત્મિક શોધ તરફ દોરી જાય છે. ભારતીય ઋષિમુનિઓની તપસ્યા અને જ્ઞાન સાધનાનાં મૂળમાં પણ જિજ્ઞાસા જ હતી. સત્યની શોધ માટેની આ તીવ્ર તલપે જ તેમને આધ્યાત્મિક ઊંચાઈઓ સુધી પહોંચાડ્યા.

શિક્ષણનો સાચો હેતુ પણ વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા જગાડવાનો છે. માત્ર પુસ્તકીય જ્ઞાન પૂરતું નથી, પરંતુ પ્રશ્ન પૂછવાની અને જવાબ શોધવાની વૃત્તિ વધુ જરૂરી છે.

જિજ્ઞાસા અને વિનમ્રતા વચ્ચે પણ ગાઢ સંબંધ છે. જિજ્ઞાસુ વ્યક્તિ એ સ્વીકારે છે કે તેને બધું જ આવડતું નથી અને હજુ ઘણું જાણવાનું બાકી છે. આ ભાવના તેને સતત શીખવા પ્રેરિત કરે છે. જ્યારે અહંકાર માણસને જ્ઞાનથી દૂર લઈ જાય છે, ત્યારે જિજ્ઞાસા તેને જ્ઞાનના નવા દ્વારો સુધી પહોંચાડે છે. સકારાત્મક જિજ્ઞાસા વ્યક્તિને વિકાસ તરફ દોરી જાય છે, જ્યારે અનાવશ્યક અથવા નકારાત્મક જિજ્ઞાસા મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તેથી જિજ્ઞાસા સાથે વિવેક અને મૂલ્ય બોધ પણ જરૂરી છે.

ટૂંકમાં એમ કહી શકાય કે જીવન અને જિજ્ઞાસા એક જ સિક્કાની બે બાજુ છે. જિજ્ઞાસા જીવનને અર્થ, આનંદ અને પ્રગતિ આપે છે. જે વ્યક્તિ પોતાના મનમાં પ્રશ્નો જીવંત રાખે છે અને સતત શીખવાની ભાવના જાળવી રાખે છે, તેનું જીવન હંમેશાં તાજગીભર્યું અને પ્રેરણાદાયક રહે છે. જીવનનો સાચો વિકાસ ત્યારે જ શક્ય બને છે જ્યારે આપણે જિજ્ઞાસાની જ્યોતને ક્યારેય બુઝાવા ન દઈએ. જિજ્ઞાસા જ જ્ઞાનની જનની છે અને જ્ઞાન જ જીવનને ઉજ્જવળ બનાવે છે. તેથી દરેક મનુષ્યે પોતાના જીવનમાં જિજ્ઞાસાને સ્થાન આપવું જોઈએ, કારણ કે જિજ્ઞાસા વિના જીવન માત્ર અસ્તિત્વ છે, જ્યારે જિજ્ઞાસા સાથેનું જીવન સાચા અર્થમાં વિકાસ અને પ્રગતિની યાત્રા છે. ■




**મિસ્ટર એન્જિનિયર, આ બધા કિસ્મતના ખેલ છે. જો મારી મમ્મી સમજી ગઈ હોત તો આજે આપણે મળ્યા જ ન હોત. સાંભળો, વળાંક તો હજુ આવે છે. મારા નાના માટે મોટી મુસીબત આવી. તે સમયમાં કુંવારી છોકરી ગર્ભવતી થઈ જાય એ મરવા કે મારી નાખવાની જેવી બાબત હતી.**

'પણ તમારા પપ્પાના તો પરણેલા હતા ને?'

'બિલકુલ પરણેલા હતા. એટલું જ નહીં, એમને બે છોકરા હતા. એમણે એ વાત મારી માથી છુપાવી હતી.'

'તમારા નાના એ વાતની ખબર નહોતી?'

'ખબર હશે તોય મારા નાનાએ લાભ લઈ લેવાનું વિચાર્યું. તેમને થયું શેઠ ફસાયો છે. પોતે એના ઉપર દબાણ કરીને કહેશે એટલા નાણાં કઢાવી લેશે. પણ થયું ઊલટું. મારા પપ્પાએ લગ્ન કરી લેવાની હા કહી દીધી. એટલે મારા નાનાના ઈરાદાઓ પર પાણી ફરી વળ્યું. એ મૂંઝાયા. બે ચાર દિવસ ધૂંધવાતા રહ્યા આખરે તેમણે મારી નાનીને વાત કરી. મારી નાની ચતુર સ્ત્રી હતી. તેણે મારા નાનાને બહાર રાખી મારા પપ્પા સાથે જ વાત કરી. પપ્પા તો ખેલાડી માણસ હતા. તેમણે રાજીથઈને લગ્નની હા પાડી દીધી. બધું નક્કી થઈ ગયું. મારા નાનાએ મન મનાવ્યું કે, જો પોતાની દીકરી જ આ ખાણની માલિક હશે પછી ખાણ પોતાની જ ગણાશે. બીજી તરફ મારા પપ્પા આવી પડેલી મુશ્કેલીમાંથી માર્ગ કેવી રીતે કાઢવો તેના વિચાર કરતા રહ્યા. તેમણે બધું જ ઝડપથી વિચારી લીધું. એક દિવસ સાંજે નાનીની રજા લઈ મારા પપ્પા ફરવાને બહાને મમ્મીને જયપુર લઈ ગયા. મારી મમ્મી એ દિવસે બહુ જ ખુશ હતી. સાતેક ચોપડી ભણેલી એ સ્ત્રીને એ વાતનો આનંદ હતો કે જેને કુંવારી કાયા સોંપી દીધી એ માણસ માટીપગો નથી. સનત, સ્ત્રીના શોખીન પુરુષો બોલવામાં બહુ જ પાવરધા હોય છે. મારા પપ્પાએ મારી મમ્મી પાસે બરાબરનો અભિનય કર્યો. તે રીતસર રડ્યા. તમે વિચાર કરો એક સામાન્ય ઘરની છોકરી, તેય કુંવારી ગર્ભવતી. એ પોતાના પ્રેમીને રડતો જોઈ કેટલી ઈમોશનલ થઈ ગઈ હશે. મારી મમ્મીની ભાવુકતાનો પપ્પાએ ભરપૂર લાભ લીધો. તેમણે રડતા રડતાં જ કહ્યું કે, 'તે પરણેલો છે અને તેને બે બાળકો પણ છે. તે લગ્ન કરવા તૈયાર છે પણ મુંબઈ લઈ નહીં જઈ શકે. સનત, ખબર નહીં કુદરતે સ્ત્રીના મગજમાં એવી કઈ ચીજ મૂકી છે કે, તે પોતાની સામે દેખાતી આફતને અવગણીને પણ પુરુષને માફ કરવા તૈયાર થઈ જાય છે. મારા પપ્પાનો અભિનય બરાબરનો કામ આવ્યો. મારી માને મારા પપ્પાનો કોઈ જ વાંક દેખાયો નહીં. તેણે પપ્પાને માફ કરી દીધા. પપ્પાના મનમાં પાપ હતું. તેમણે મારી માને એવું સમજાવ્યું કે, તારે જ તારા મા-બાપને કહેવાનું છે કે તું મુંબઈ નહીં જાય. અહીં જ બાળકને જન્મ આપશે.'

'કુંવારી પ્રેગનેન્ટ થયેલી છોકરી એવું કેવી રીતે કરી શકે? તારી મમ્મીને પોતાનો જરાય વિચાર ન આવ્યો?' સનતે નવાઈ પામીને કહ્યું.

'સનત ભાવિમાં શું લખાયું છે એની કોને ખબર પડી હતી તે મારી માને પડવાની હતી? એ તો રાજી હતી. સાંજે બેય પાછા આવ્યાં ત્યારે મારા પપ્પાએ મમ્મીને એકલી ઘેર જવા દીધી. પોતે ઓફીસમાં બેસી રહ્યા. એમણે જાળ પાથરી હતી તેમાં બધા પંખી ફસાતાં જતાં હતાં. એ દિવસે મોડી રાતે મારી મમ્મી, નાના અને નાની ઓફીસે આવ્યાં. એ રાતે જ મારી કિસ્મત લખાતી હતી. ત્યારે હું મારી મમ્મીના પેટમાં હતી. મારા પપ્પા નચિંત હતા. એને ખબર હતી કે એમના પ્રેમમાં અંધ બની ગયેલી ગંગા પોતે કહ્યું છે એમ જ કરશે. વળી ગમે તેમ તોય મારા પપ્પા માલિક હતા અને મારા નાના એમના નોકર. મારા પપ્પાએ બેધડક કહી દીધું. 'હું તમારી દીકરી સાથે કાલે જ લગ્ન કરવા તૈયાર છું. પણ તમારી દીકરી મારી સાથે મુંબઈ આવવાની ના પાડે છે.' પપ્પાએ નાના નાનીની સામે જ મારી મમ્મીને પુછ્યું, 'તું મારી સાથે મુંબઈ આવીશ?' મારી મમ્મી પઢાવેલા પોપટની જેમ બોલી ગઈ, 'તે લગ્ન કરશે પણ કદી મુંબઈ નહીં જાય. શરત એટલી કે, મારા પપ્પાએ પંદર દિવસે એકવાર આવવું' હું મારી મમ્મીનો એનો વાંક ગણતી નથી. કેટલીક ઘટનાઓ સાથે અનેકના નસીબ જોડાયેલા હોય છે. માટે તે ઘટતી હોય છે.'

'તારા નાના કે નાનીએ તારી મમ્મીને સમજાવ્યું નહીં?'

'મિસ્ટર ઈન્જીનીયર આ બધા કિસ્મતના ખેલ છે. જો મારી મમ્મી સમજી ગઈ હોત તો આજે આપણે મળ્યા જ ન હોત. સાંભળો, વળાંક તો હજુ આવે છે. મારા નાના માટે મોટી મુસીબત આવી. તે સમયમાં કુંવારી છોકરી ગર્ભવતી થઈ જાય એ મરવા કે મારી નાખવાની જેવી બાબત હતી. વળી નાના કોઈને કહી શકે એમ નહોતા કે મારી દીકરીના લગ્ન મારા શેઠ સાથે થયેલા છે. આવા સંજોગોમાં ગર્ભવતી છોકરી બાબતે લોકોને શું કહેવું? ચોર તો એમના મનમાં પણ હતો. તેમણે પોતાની આ મુશ્કેલી મારા પપ્પાને કહી. મારા પપ્પાએ ઠંડા કલેજે બધું વિચારી લીધું હતું. તેમની પાસે ઉપાય હાજર જ હતો. તેમણે કહી દીધું, 'હું તમને જયપુરમાં અથવા તમે કહો ત્યાં મકાન લઈ દઉં. અજાણ્યા વિસ્તારમાં તમને કોઈ ઓળખશે નહીં. ગંગાને જ્યાં સુધી બાળક ન આવે ત્યાં સુધી ત્યાં રહેવું.' ગરીબીમાં જીવતા મારા નાના માટે એ સિવાય કોઈ રસ્તો ન હતો. એ રાતે મારા પપ્પાએ ઓફીસમાં જ મારા નાના નાનીની હાજરીમાં મારી મમ્મીના સેંથામાં સિંદૂર પૂર્યું. એમને પૈસાની કોઈ કમી નહોતી. તેમણે મારા નાનાને કોટામાં એક સરસ મકાન લઈ આપ્યું. નાનાને રસકસની દુકાન કરી આપી. નાનાના દિવસ બદલાઈ ગયા. સનત મારો જન્મ કોટામાં થયો. મને ક્યાં ખબર હતી કે મારા જીવનમાં કેટલાય આટાપાટા ખેલાવાના છે. મારા પપ્પાની એક દિલેરી પર હું એમને માફ કરવા તૈયાર થઈ જાઉં છું કે, એમણે મારા નામ પાછળ પોતાનું નામ લખાવવાનો આગ્રહ રાખેલો.'

'પણ આ બધી વાતોની તમને કેવી રીતે ખબર પડી? ત્યારે તમે તો હતા જ નહીં.'

'કહીશ. બધું જ કહીશ. મારી જિંદગી કોઈ ભેદભરમ ભરેલી નોવેલ જેવી છે. એમાં જાત જાતના વળાંકો છે. પ્લીઝ ગીવ મી વોટર.'

સનત પાણી પી રહેલી સોનલના સુરાહીદાર ગળાને જોઈ રહ્યો. એને થયું પોતે જેને આતંકવાદી ગણીને ભાંડી રહ્યો હતો એ છોકરીએ કેવી કેવી પીડા વેઠી છે. યાદ કરતી હોય તેમ સોનલ બંધ બારણા સામે જોઈ રહી હતી. સનતથી રહેવાયું નહીં. તેણે ઉતાવળે પૂછી નાખ્યું, 'પછી શું થયું?'

'બરાબર નવ મહિને મારો જન્મ કોટાની હોસ્પિટલમાં થયો. મારા નાના મૂંઝાયા. મારા પપ્પા મુંબઈ હતા. એ વખતે સેલ ફોન નહોતા. મૂંઝાયેલા નાનાએ ન છૂટકે અમારા ઘેર ફોન કર્યો. એક યોગાનુયોગ કહો કે જે ગણો તે મારા પપ્પા અને દાદાના અવાજમાં ઘણું જ સામ્ય હતું. બેયના બોલવાની સ્ટાઈલ પણ એકબીજાને મળતી આવતી હતી. મારા નાનાએ ફોન કર્યો અને દાદાએ ઉપાડ્યો. અવાજને કારણે નાના થાપ ખાઈ ગયા. તેમણે સીધું જ કહ્યું, 'જમાઈરાજ વધાઈ હો. આપણાં ઘેર લક્ષ્મી પધાર્યા છે. ગંગાએ બાળકીને જન્મ આપ્યો છે. મા દીકરી બેય બરાબર છે. તમે જલ્દી પહોંચો. જયપુર ખાણ પર જવાના બદલે સીધા અહીં આવો.'

પહેલા તો મારા દાદાને લાગ્યું કે કોઈકથી રોંગ નંબર ડાયલ થઈ ગયો છે. પણ ખાણ શબ્દ સાંભળી એમના કાન ચમક્યા. એમનું માથું સણકવા લાગ્યું. એમને ખબર તો હતી કે દીકરો લાલ કપડાંનો શોખીન છે. પણ સામેથી કોણ બોલે છે તેની તેમને ખબર નહોતી. મારા દાદાનું સેન્સ ઓફ હ્યુમર હાઈ હતું. તેઓ પળવારમાં પામી ગયા કે પોતાના દીકરાએ કંઈક પરાક્રમ કર્યું છે. જો અત્યારે પોતે વધારે પૂછપરછ કરશે તો સામેવાળો ફોન મૂકી દેશે. મારા દાદાએ અવાજ પરખાઈ ન જાય તેનું ધ્યાન રાખીને કહ્યું, 'જુઓ હું અત્યારે મુંબઈમાં નથી. એક સોદા માટે બેંગલોર ગયો છું. મને આવતા હજુ બે બે દિવસ લાગી જશે. છોકરીનો જન્મ ક્યાં થયો છે? મતલબ ઘેર કે હોસ્પિટલમાં?'

હરખ અને ઉચાટમાં મારા નાનાને એય ખબર ન રહી કે, સામે મોહનલાલ નહીં પણ કોઈ બીજો જ માણસ બોલે છે. તેમણે ઉતાવળે કહી દીધું, 'માલિક કોટાની સરકારી હોસ્પિટલમાં છીએ. ગંગા તમને બહુ જ યાદ કરે છે. અમે બધા તમારી વાટ જોઈએ છીએ.'

દાદા એટલું તો સમજી જ ગયા કે, જે કોઈએ ફોન કર્યો છે તેને હજુ ખ્યાલ નથી આવ્યો કે હું મોહન છું કે નહીં. તેમના મગજમાં ફટાકડા ફૂટતા હતા. જો પોતાના દીકરાએ જ કશું કર્યું હોય અને તેનાથી જ છોકરી થઈ હોય તો બહુ મોટી ઉપાધી આવવાની છે. પણ એ બધી વાતો ત્યારે થાય તેમ નહોતી. તેમણેય ઝીંકી દીધું, 'જુઓ મીઠાઈ વહેંચો. પૈસાની કોઈ ચિંતા કરતા નહીં. મા-દીકરીને કોઈ તકલીફ પડવી ન જોઈએ.'

મારા નાનાની અધિરાઈ હવે તેમની જીભ ઉપર આવી ગઈ. તેમણે સામેથી ફોન કટ ન થઈ જાય તેની ચિંતા સાથે કહી દીધું. 'જમાઈરાજ હોસ્પિટલમાં બચ્ચીના નામની સાથે મા-બાપનું નામ લખાવવાનું છે. ગંગાની મા કહે છે કે મોહનકુમાર જલદી આવે તો હોસ્પિટલના રજિસ્ટરમાં નામ નોંધાઈ જાય.'

હવે મારા દાદા ચોંક્યા. તેમણે મુંબઈમાં જિંદગી વિતાવી હતી. તે જાણતા કે જે ઘોડો પાડી દે તેના પર સવારી કરવી નહીં. તેમને મારા પપ્પાના સ્વભાવની તો ખબર હતી, પણ પોતાના દીકરાએ કોઈક સાથે લગ્ન કરી લીધાં છે, એનાથી છોકરી પણ થઈ છે અને પેલા માણસની એટલી હિંમત કે તેણે અહીં ફોન કર્યો છે. મારા દાદાનું વેપારી મગજ દોડવા લાગ્યું. સવાલ પૈસાનો નહોતો, કાયદાનો હતો. મારા પપ્પા પરણેલા હતા. જો પેલી સ્ત્રી અહીં આવીને ઉભી રહે તો શું થાય તે મારા દાદા બરોબર સમજતા હતા. સમાજમાં બદનામી તો થાય જ, પણ કમલા વિફરી બેસે તો?

'કમલા કોણ?' સનતે ઉતાવળમાં પૂછી નાખ્યું. (ક્રમશઃ)■

# હરિશંકર પરસાઈની વ્યંગ-મસ્તી

નવી કૉલમ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# ભ્રષ્ટાચાર ભગાયેંગે... ખંભા ઉખાડ કે!

એક દિવસ એક રાજાએ ગુસ્સામાં આવીને ઘોષણા કરી કે રાજ્યમાં જેટલા નફાખોરો છે એમને કાલે વીજળીના થાંભલા પર ફાંસી આપવામાં આવશે.

સવાર પડતાં જ લોકો થાંભલાઓ પાસે ભેગા થઈ ગયા. લોકોએ થાંભલાઓની પૂજા કરી, આરતી ઉતારી અને તિલક કર્યા.

તે બધા સાંજ સુધી રાહ જોતા રહ્યા કે હવે નફાખોરોને ફાંસી આપશે, પણ કોઈને ફાંસી આપવામાં આવી નહીં.

લોકો મોરચો કાઢીને રાજા પાસે ગયા અને કહ્યું, 'મહારાજ, તમે તો કહ્યું હતું કે નફાખોરોને વીજળીના થાંભલા પર લટકાવવામાં આવશે, પણ થાંભલા તો એમને એમ જ ઊભા છે અને નફાખોરો તો જલસા કરે છે.

રાજાએ કહ્યું, 'ધીરજ રાખો, નફાખોરોને થાંભલા પર નક્કી ફાંસી આપવામાં આવશે. બસ, થોડો સમય લાગશે. એ લોકોને લટકાવવા માટે રસ્સીના ફંદાઓ જોઈએને? એ રસ્સીના ફંદાઓ બનાવવાનો ઓર્ડર આપી દીધો છે. રસ્સી મળતાં જ, બધા નફાખોરોને નગરચોકના થાંભલા પર લટકાવી દઈશું.'

ટોળામાંના એક માણસે કહ્યું, 'પણ રસ્સીના ફંદા બનાવવાનો કોન્ટ્રાક્ટ પેલા નફાખોરોમાંથી જ કોઇકે લીધો છે!'

રાજાએ કહ્યું, 'તો શું થયું? એને એની જ બનાવેલી રસ્સીનાં ફંદાથી લટકાવવામાં આવશે.'

એટલામાં ભીડમાં ઊભેલો બીજો માણસ બોલ્યો, 'પણ એ તો કહી રહ્યો હતો કે ફાંસીએ લટકાવવાનો કોન્ટ્રેક્ટ પણ હું જ લઈ લઈશ.'

રાજાએ જવાબ આપ્યો, 'ના, ના, એવું નહીં થાય. ફાંસી આપવી એ હજી ખાનગી ક્ષેત્રનો ઉદ્યોગ નથી બન્યો... એ હજુ સરકારી જ ધંધો છે.'

લોકોએ પૂછ્યું, 'તો કેટલા દિવસ પછી એમને લટકાવવામાં આવશે?'

રાજાએ કહ્યું, : 'આજથી બરાબર ૧૬મા દિવસે એ નફાખોરો તમને વીજળીના થાંભલાઓ પર લટકેલા દેખાશે.'

લોકો દિવસો ગણવા લાગ્યા. ૧૬મા દિવસે સવારે ઊઠીને લોકોએ જોયું કે બધા જ વીજળીના થાંભલા ઉખડી ગયા હતા. બધા આશ્ચર્યચકિત થઈ ગયા કે રાત્રે ના તો વાવાઝોડું આવ્યું કે ના તો ભૂકંપ, તો પછી આ થાંભલા કેવી રીતે ઉખડી ગયા?

એમને એક થાંભલા પાસે એક મજૂર ઊભેલો જોવા મળ્યો. એણે કહ્યું કે મજૂરો પાસે રાત્રે જ આ થાંભલા ઉખેડવામાં આવ્યા છે. લોકો એ મજૂરને પકડીને રાજા પાસે લઈ ગયા. લોકોએ રાજાને ફરિયાદ કરી,'મહારાજ, તમે આજે નફાખોરોને થાંભલાઓ પર લટકાવવાના હતા, પણ બધા જ થાંભલા રાત્રે ઉખાડી નાખવામાં આવ્યા છે. અમે આ મજૂરને પકડી લાવ્યા છીએ. એ કહે છે કે રાત્રે બધા થાંભલા ઉખડાવવામાં આવ્યા છે.'

રાજાએ મજૂરને પૂછ્યું, 'કેમ રે, કોના હુકમથી તમે લોકોએ થાંભલા ઉખાડ્યા?'

એણે કહ્યું, 'સરકાર, ઓવરસિયર સાહેબે હુકમ આપ્યો હતો.'

ત્યારે ઓવરસિયરને બોલાવવામાં આવ્યો.

રાજાએ એને પૂછ્યું 'તમને ખબર છે, મેં આજે નફાખોરોને વીજળીના થાંભલા પર લટકાવવાની ઘોષણા કરી હતી?'

'જી સરકાર!' એણે જવાબ આપ્યો.




'તો પછી તેં રાતોરાત થાંભલા કેમ ઉખડાવી નાખ્યા?'

'સરકાર, એન્જિનિયર સાહેબે ગઈકાલે સાંજે હુકમ આપ્યો હતો કે રાત્રે થાંભલા ઉખાડી દેવામાં આવે.'

હવે એન્જિનિયરને બોલાવવામાં આવ્યો. એણે કહ્યું, 'વીજળી એન્જિનિયરે મને બધા થાંભલા રાત્રે ઉખાડી નાખવાનો આદેશ આપ્યો હતો.'

વીજળી એન્જિનિયર પાસે ખુલાસો માંગવામાં આવ્યો, તો એણે હાથ જોડીને કહ્યું, 'મને સચિવ તરફથી આદેશ મળ્યો હતો.

રાજાએ વિભાગીય સચિવને પૂછ્યું, 'થાંભલા ઉખાડવાનો હુકમ તેં આપ્યો હતો?'

'જી, સરકાર!' સચિવે કહ્યું.

રાજાએ કહ્યું, 'હું આજે આ થાંભલાઓનો ઉપયોગ નફાખોરોને ફાંસી આપવા માટે કરવાનો છું, આ જાણતો હોવા છતાં તે આવું કરવાની હિંમત કેમ કરી?'

સેક્રેટરીએ કહ્યું, 'સાહેબ, આખા શહેરની સુરક્ષાનો સવાલ હતો. જો રાત્રે થાંભલા હટાવી ન લેવામાં આવ્યા હોત, તો આજે આખું શહેર નાશ પામ્યું હોત.'

રાજાએ પૂછ્યું, 'તને આ કેવી રીતે ખબર પડી? કોણે કહ્યું તને?'

સેક્રેટરીએ કહ્યું, 'મને મારા નિષ્ણાતે સલાહ આપી હતી કે જો શહેરને બચાવવા માંગતા હોવ તો સવાર થાય એ પહેલાં થાંભલા ઉખાડાવી દો.'

રાજાએ પૂછ્યું, 'કોણ છે આ નિષ્ણાત? ભરોસાપાત્ર માણસ છે?'

સચિવે કહ્યું, 'બિલકુલ ભરોસાપાત્ર માણસ છે સરકાર! ઘરનો જ માણસ છે. મારો સાળો થાય છે. આજ્ઞા આપો તો હું એને આપની સમક્ષ રજૂ કરું.'

નિષ્ણાતે આવીને વિનંતી કરી, 'સરકાર, હું નિષ્ણાત છું અને જમીન તેમ જ વાતાવરણની હલચલનો અભ્યાસ કરું છું. મેં પરીક્ષણ દ્વારા શોધી કાઢ્યું કે જમીનની નીચે એક ભયંકર વીજ પ્રવાહ ઘૂમી રહ્યો છે. મને એ પણ ખબર પડી કે આજે એ વીજળી આપણા શહેરની નીચેથી પસાર થશે તમને કદાચ ખબર નહીં હોય, પણ હું જાણું છું કે આ સમયે આપણી નીચેથી એક ભયંકર વિદ્યુતપ્રવાહ થઈ રહ્યો છે. જો આપણા વીજળીના થાંભલા જમીનમાં દટાયેલાં રહ્યાં હોત તો એ વીજળી થાંભલાઓ દ્વારા ઉપર આવતે અને એની ટક્કર આપણા પાવર હાઉસની વીજળી સાથે થાત. ત્યારે ભયંકર વિસ્ફોટ થાત. શહેર પર એક સાથે હજારો વીજળીના ગોળા પડ્યા હોત. ત્યારે ના તો એક પણ માણસ કે પ્રાણી જીવતા બચી રહેત કે ના તો એક પણ મકાન ઊભું રહેત. મેં તરત જ સચિવને આ વાત જણાવી અને એમણે યોગ્ય સમયે યોગ્ય પગલાં લીધા ને શહેરને બચાવી લીધું.'

લોકો ઘણીવાર સુધી સ્તબ્ધ થઈને ચૂપચાપ ઊભા રહ્યા. હવે બધાં નફાખોરોને સાવ ભૂલી જ ગયા હતા. એ બધા વીજળીનાં ખોફની કલ્પના કરીને જ અવાક્ હતા. લોકો, રાજાના તંત્રએ કઇ રીતે સૌના જીવ બચાવી લીધા, એ લાગણીથી અભિભૂત થઈ ગયેલા. વિફરેલી પ્રજા હવે શાંતિથી ઘરે પાછા ફરી.

અને પછી એ જ અઠવાડિયે નીચે મુજબની રકમ બેંકોમાં અલગ અલગ નામો હેઠળ જમા કરવામાં આવી:

સચિવની પત્નીનાં નામે: ૨ લાખ રૂપિયા
શ્રીમતી વીજળી એન્જિનિયર: ૧ લાખ રૂપિયા
શ્રીમતી એન્જિનિયર: ૧ લાખ રૂપિયા
શ્રીમતી નિષ્ણાત: ૨૫ હજાર રૂપિયા
શ્રીમતી ઓવરસિયર: ૫ હજાર રૂપિયા

એ જ અઠવાડિયે 'નફાખોર સંઘ'ના હિસાબમાં નીચે લખેલી રકમો 'ધર્માદા' ખાતે આપવામાં આવી:

રક્તપીતિયાઓની સહાય માટે દાન: ૨ લાખ રૂપિયા
વિધવાશ્રમને: ૧ લાખ રૂપિયા
ટીબીની હોસ્પિટલને: ૧ લાખ રૂપિયા
પાગલખાનાને: ૨૫ હજાર રૂપિયા
અનાથાશ્રમને: ૫ હજાર રૂપિયા. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી feedback@bombaysamachar.com

## વાડ જ્યારે ચીભડાં ગળે



ખેતરમાં ચીભડાંના પાકનું જાનવરોથી રક્ષણ કરવા માટે આજુબાજુ કાંટાળી વાડ બનાવવામાં આવે છે, પરંતુ જો એ વાડ પોતે જ ચીભડાં ખાવા (ગળવા) લાગે તો? તો પાક બચી શકે નહીં. કોઈ જવાબદાર વ્યક્તિ, ચોકીદાર અથવા અધિકારી પોતાની ફરજ ભૂલીને ભ્રષ્ટાચાર કરે કે નિર્દોષ લોકોને લૂંટે ત્યારે આ કહેવત સામાન્યપણે વાપરવામાં આવતી હોય છે. રક્ષક જ ભક્ષક બને એવી પણ કહેવત છે. ગુજરાતી સહેલાણીઓએ જેને ખૂંદી કાઢ્યું છે એ બાલીના પ્રવેશદ્વાર અને ૧૭ હજાર ટાપુના સમૂહ તરીકે પ્રખ્યાત ઇન્ડોનેશિયામાં આ કહેવતનું જીવતુંજાગતું ઉદાહરણ તાજેતરમાં જોવા મળ્યું છે. ભ્રષ્ટાચાર સહિત અન્ય ગેરરીતિઓ વિરુદ્ધ કાયદાનો કડક હાથ ઉગામવા સરકારી વકીલની જવાબદારી કુનેહપૂર્વક અદા કરતા મિસ્ટર ફેબ્રી આદ્રીઆન્યાએ અચાનક પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. ખંડણી, લાંચ, હવાલો જેવાં દુષણો સામે વકીલાત કરતા વકીલનો પોતાનો પગ એ દૂષણોના કુંડાળામાં પડ્યો હોવાની જાણકારી મળતાં પોલીસે એમના નિવાસસ્થાને અને અન્ય કેટલેક ઠેકાણે છાપા મારતાં વિવિધ ચલણી નોટોમાં બે કરોડ ડૉલરની રોકડ રકમ અને ૭૪ કિલોગ્રામ સોનું મળી આવ્યાં છે. પોલીસે રેઇડ પાડી એ સમયે આદ્રીઆન્યા ભ્રષ્ટાચારના કેસમાં તપાસ કરી રહ્યા હતા. ઇન્ડોનેશિયામાં સૌથી બાહોશ અને અનુભવી સરકારી વકીલનો પગાર મહિને ૩૮થી ૪૦ હજાર રૂપિયા હોય છે. આવા પગારવાળી વ્યક્તિ પાસે ૭૪ કિલો સોનું અને અધધ રોકડ રકમ? વાડ ચીભડાં ગળી ગઈ, બીજું શું? અને હા, રાજીનામું આપનારા સરકારી વકીલે તો 'મેં કોઈ ખોટું કામ નથી કર્યું' એવો ખુલાસો કર્યો છે એ જુદી વાત છે.

## અને 'ફિફા'ના કૅમેરા ફરી ગયા

યુએસ - કૅનેડા - મેક્સિકોમાં ચાલી રહેલી 'ફિફા' વર્લ્ડ કપ ફૂટબૉલ સ્પર્ધામાં કેટલાક આશ્ચર્યજનક પરફોર્મન્સ જોવા મળ્યા. એવી ટીમ આગળ વધી જેની કલ્પના પણ કોઈ ખેલપ્રેમીએ નહીં કરી હોય. ડી આર કોંગો તરીકે ઓળખાતા ડેમોક્રેટિક રિપબ્લિક ઑફ ધ કોંગોની ટીમ એનું આગવું ઉદાહરણ છે. આ વખતે કોંગોની ટીમ વિશ્વ કપ સ્પર્ધામાં 'રાઉન્ડ ઑફ ૩૨' સુધીના તબક્કા સુધી પહેલી વાર પહોંચવામાં સફળ રહી હતી. જોકે, આ વખતે ટીમની વાહ વાહ સાથે ટીમના 'સ્ટેચ્યૂ ફેન' (સ્થિર પ્રશંસક) તરીકે ખ્યાતિ ધરાવતો Michel Kuka Mboladinga પણ ખાસ્સી લોકપ્રિયતાને વર્યો. ગયા વર્ષે મોરોક્કોમાં રમાયેલી આફ્રિકા કપ ઑફ નેશન્સ સ્પર્ધામાં કોંગોની પ્રત્યેક મૅચ દરમિયાન સંપૂર્ણ સમય - ૯૦ મિનિટ સુધી સ્થિર ઊભા રહી માઇકલ વિશ્વભરમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. સ્વાતંત્ર્ય મળ્યા પછી કોંગોના પ્રથમ વડા પ્રધાન પેટ્રીસ લુમ્બુબાને ભાવનાત્મક શ્રદ્ધાંજલિ આપવાના આશય સાથે સૂટ - ટાઈ પહેરી એક હાથ ઊંચો કરી માઇકલ છેલ્લાં બારેક વર્ષથી આ પ્રમાણે કરી રહ્યો છે. કોંગોના પ્રથમ વડા પ્રધાને ૩૦ જૂન, ૧૯૬૬ના દિવસે પ્રથમ રાષ્ટ્રજોગું પ્રવચન આ જ મુદ્રામાં આપ્યું હતું. કમનસીબે સ્વતંત્રતાના છ મહિના પછી એમનો વધ કરવામાં આવ્યો હતો. કોંગો સાથે થયેલા અત્યાચાર - અન્યાયને



મૂંગે મોઢે જોનારા વિશ્વનો આ પ્રતીકાત્મક વિરોધ છે. ફિફા વિશ્વ કપ સ્પર્ધામાં કોંગો ટીમ કોલંબિયા વિરુદ્ધ રમી રહી હતી ત્યારે પૂતળાની જેમ સ્થિર ઊભો રહ્યો. માઇકલ અચાનક એક હથેળી મોઢા પર ઢાંકી બીજી હથેળીથી માથા પર બંદૂક તાકવાની મુદ્રામાં આવી ગયો. બંદૂકવાળો પોઝ જોતાંની સાથે 'ફિફા'એ બધા કૅમેરા ફેરવી નાખ્યા. મેઇનસ્ટ્રીમ મીડિયાએ માઇકલની નવી ઇમેજ દર્શાવી પણ કોંગોના ઇતિહાસ વિશે એક અક્ષર ન લખ્યો. જોકે, લાલ સૂટમાં ઊભા રહેલા કોંગોના નાગરિકે વિશ્વ જે સાંભળવા તૈયાર નથી એ વાત એક પણ શબ્દ બોલ્યા વિના કહી દીધી.

## સોળે આરંભ અને સોળે જ અંત



સોળે સાન અને વીસે વાન એ ઉંમરના પડાવની મનુષ્ય જીવન સાથે સંબંધ ધરાવતી કહેવત તમે જાણતા હશો. પાકિસ્તાની ખેલાડી ખાલિદ હસનના કેસમાં સોળ વર્ષની તરુણાવસ્થામાં દેશ વતી ક્રિકેટ રમવાના સપનાનો ઉદય થયો અને પાંચ જ દિવસ પછી એ સપનું અસ્ત પામ્યું, બોલો. પાકિસ્તાનની ક્રિકેટ ટીમ પહેલી વાર ૧૯૫૪માં ઈંગ્લૅન્ડના પ્રવાસે ગઈ હતી. પાંચ મહિનાના પ્રવાસમાં અબ્દુલ હાફિઝ કારદારના નેતૃત્વમાં ટીમ ચાર ટેસ્ટ અને સંખ્યાબંધ પ્રથમ કક્ષાની મૅચ (૨૬) રમી હતી. બરાબર ૭૨ વર્ષ પહેલાં એક જુલાઈથી પાંચ જુલાઈ દરમિયાન રમાયેલી સિરીઝની બીજી ટેસ્ટમાં ખાલિદ હસનને ૧૬ વર્ષ અને ૩૫૨ દિવસની ઉંમરે ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કરવાની તક મળી હતી. એ સમયે સૌથી નાની વયે ટેસ્ટમાં રમવાનો વિશ્વ વિક્રમ ખાલિદના નામે થયો હતો. અલબત્ત ચાર વર્ષ પછી જ પાકિસ્તાનના નસીમ - ઉલ - ગનીએ ૧૬ વર્ષ અને ૨૪૮ દિવસની ઉંમરે પદાર્પણ કરી એ વિક્રમ પોતાના નામે કરી લીધો હતો. ત્યારબાદ આવા અન્ય વિક્રમો પણ નોંધાયા છે. વિક્રમો તોડવા માટે જ હોય છે એવું કહેવાય છે, પણ ખાલિદ હસનનો એક વિક્રમ ક્યારેય નહીં તૂટે એવું લાગે છે. ટેસ્ટમાં પાકિસ્તાનનો પરાજય થયો. આ ટેસ્ટની બંને ઇનિંગ્સમાં ૧૧મા ક્રમે બૅટિંગ કરનારા ખાલિદે બે વિકેટ લીધી હતી. જોકે, ત્યારબાદ ક્યારેય એને પાકિસ્તાનની ટેસ્ટ ટીમમાં સ્થાન ન મળ્યું. પરિણામે ૧૬ વર્ષ અને ૩૫૬ દિવસની ઉંમરે એની ટેસ્ટ કારકિર્દી પૂરી થઈ ગઈ. સૌથી નાની ઉંમરે ટેસ્ટ કારકિર્દીનો આ 'અનોખો વિશ્વવિક્રમ' ભવિષ્યમાં તૂટવાની સંભાવના નજીવી છે.

## પાસપોર્ટ વિના પરદેશ પ્રવાસ






આજકાલ વિદેશ પ્રવાસ સાથે પાસપોર્ટ પણ ખાસ્સો સમાચારમાં ઝળકી રહ્યો છે. પાસપોર્ટ એ નાગરિકતાનો પુરાવો નથી, પણ વિદેશ પ્રવાસ માટેનો એક સત્તાવાર દસ્તાવેજ છે એવી રજૂઆત આપણા દેશના વિદેશ મંત્રાલય દ્વારા કરવામાં આવતા હળવા ધરતીકંપ જેવી પરિસ્થિતિ પેદા થઈ હતી. પહેલી જુલાઈથી પાસપોર્ટ બનાવવાની ફીમાં વધારો કરવામાં આવ્યો છે અને ગ્લોબલ પાસપોર્ટ ઇન્ડેક્સમાં આપણે સરકીને ૧૨૫મા સ્થાને પહોંચી ગયા છીએ. આપણા દેશના દરેક નાગરિકે પરદેશ પ્રવાસ (અપવાદ બાદ કરતાં) માટે પાસપોર્ટ અને વિઝા મેળવવા કડાકૂટ કરવી પડે છે. જોકે, બ્રિટનના રાજા - હિસ મેજેસ્ટી ધ કિંગનું ટાઇટલ ધરાવતા ચાર્લ્સ ફિલિપ આર્થર જ્યૉર્જને પરદેશ પ્રવાસ કરતી વખતે પાસપોર્ટની જરૂર જ નથી પડતી. કેમ? કારણ કે બ્રિટિશ પાસપોર્ટમાં લખ્યું હોય છે કે 'His Britannic Majesty's Secretary of State requests and requires in the name of His Majesty all those whom it may concern to allow the bearer to pass freely without let or hindrance and to afford the bearer such assistance and protection as may be necessary. આમ પાસપોર્ટ જ રાજાના નામથી તૈયાર થતો હોવાથી પાસપોર્ટ તેમના માટે જરૂરી નથી. તેઓ પોતે જ પાસપોર્ટ છે. રાણી એલિઝાબેથ જીવિત હતાં એ દરમિયાન ૭૦ વર્ષ સુધી પાસપોર્ટમાં 'હર મેજેસ્ટી' શબ્દો જોવા મળ્યા હતા. ૭૦ વર્ષના શાસનકાળમાં રાણીએ પાસપોર્ટ વિના વિશ્વ ભ્રમણ કર્યું હતું. હા, સુરક્ષા અંગેની દરેક ગતિવિધિમાંથી તેમણે પસાર થવું પડતું હતું. આંતરરાષ્ટ્રીય સરહદો ઓળંગતી વખતે પોતાનું આખું નામ, સરનામું, જન્મ સ્થળ વિશે માહિતી આપવી ફરજિયાત હતું. રાજવી પરિવારના અન્ય સભ્યોને આ છૂટ નથી મળતી. રાણીના પતિ ડ્યુક ઑફ એડિનબર્ગ અને પ્રિન્સ ઑફ વેલ્સ (પ્રિન્સ ચાર્લ્સ) માટે પાસપોર્ટ ફરજિયાત હતો.

## લ્યો કરો વાત

*રિબીન બાંધેલો લાંબો ચોટલો કે પછી મોગરાની વેણીને શોભાવતો ભરાવદાર અંબોડો વર્ષો સુધી સ્ત્રીનું ઘરેણું ગણાયું. જોકે, એકવીસમી સદીની ગર્લ્સ અને ગૃહિણીને તેલ નાખેલા લાંબા વાળનો લુક મણિબહેન જેવો લાગે છે. આજે તો વાળ કપાવી ટૂંકા રાખવા એ ફૅશન ગણાય છે. વાળ ઉતરાવવાને ધર્મ - આસ્થા સાથે પણ સંબંધ છે. ધર્મ સ્થાનકમાં જઈ વાળ ઉતરાવવા એ પુણ્યનું કામ મનાયું છે. જોકે, ધર્મસ્થાનકોમાં પુરુષ અને સ્ત્રીના ઉતારવામાં આવતા આ વાળ સાથે શું થાય છે એ જાણશો તો તમારા માથાના વાળ ઊંચા થઈ જશે. તેલંગણાના હૈદરાબાદ શહેરમાં કેટલાક ચીનાઓ દ્વારા મ્યાનમાર્ગના રસ્તે ચીનમાં થતા લોકોના વાળના સ્મગલિંગનું કૌભાંડ બહાર આવ્યું હતું. માહિતી અનુસાર કેટલાક ચીની વેપારીઓ ઇમ્પોર્ટ ડ્યૂટી ન ચૂકવવી પડે એ માટે નાની રકમના બિલ બનાવી આ કેશની આયાત કરતા હતા.* ■

feedback@bombaysamachar.com

કચ્છી ચોવક

કિશોર વ્યાસ

# પૈસો મારો પરમેશ્વર

આપણા કાયદાઓમાં પણ જેમ છટકબારી હોય છે તેમ કુદરત આપણાં કર્મોના કારણે જે દુ:ખ પેદા કરે છે તેમાં પણ દુ:ખ હળવા કરવાના ઉપાયોની જગ્યા રાખે જ છે. સંકટ સમયે ભલે બધા રસ્તાઓ બંધ થઈ ગયેલા લાગે, પણ ક્યાંક કંઈ ને કંઈ કુદરતી ઉપાય મળી જ રહે છે. કચ્છી ચોવક છે તે સંદર્ભમાં કે, 'સો ઢકે તાંય ઉ હિકડી બારી ત ખૂલી છડ જ' જીવનમાં આવતી આપત્તિઓમાં માણસ હતાશ ન થાય, નિરાધારપણું ન અનુભવે એ માટે વપરાતી હકારાત્મક વાણીનાં દર્શન કરાવે છે, આ ચોવક! અહીં ચોવકમાં ઢકે એટલે બંધ કરે દાખલા તરીકે બારણાં! ઘરમાં પણ બારણાં બંધ કરીએ પણ બારીઓ તો મોટાભાગે ખુલ્લી રાખીએ જ!

એમ કહેવાય તો છે જ કે પૈસો મારો પરમેશ્વર, પણ એ ગુજરાતી ઉક્તિ વ્યાપક અર્થ ધરાવે છે, જ્યારે કચ્છી ચોવક સ્પષ્ટપણ કહે છે કે 'પઇસો ત હથજો મેલ આય' જેમ હાથનો મેલ હાથ ધોવાથી ઊતરી જાય તેમ પૈસા પણ કાયમ ટકતા નથી. ટકે છે, પણ પૈસા હોવાનું અભિમાન ન કરીએ તો! જેને પૈસા પચતા નથી, તેની પાસે ટકતા પણ નથી.

એક અદ્ભુત વ્યંગાર્થી ચોવક છે 'અકલ વિરાણી તડેં ગિરાં ખણી વ્યો હૂંધો.' સામાન્ય રીતે જેનામાં બુદ્ધિ ઓછી હોય તેના પર આ કટાક્ષ સમાયેલો છે ચોવકમાં, બહુ ઓછા લોકો જાણતા હશે અર્થ, તેવો એક શબ્દ પ્રયોજાયો છે, અને તે એટલે 'ગિરાં'. તેનો અર્થ એવો થાય કે માટીનું પાત્ર તૂટી જાય અને તેનો કાંઠાનો ભાગ હાથમાં રહે તે કાઠલું એટલે 'ગિરાં'. એમાં આપણે કંઈ પણ નાખીએ, પણ તેનો નીચેનો ભાગ તૂટી ગયો હોવાથી તેમાં નાખેલી વસ્તુ જમીન પર વેરાઈ જાય. કચ્છીમાં 'વેરાઇ જવા'ને 'વિરાણી' કહેવાય છે. આખી ચોવકના બે અર્થ થઈ શકે છે. એક, જેને ગુજરાતીમાં કહીએ છીએ તેમ અકર્મીનો પડિયો ખાલી, એ જ રીતે જ્યારે ઈશ્વર અક્કલની વહેંચણી કરતા હતા ત્યારે એ વ્યક્તિના હાથમાં પૂર્ણપાત્ર નહોતું, માત્ર કાંઠલો હતો. ઈશ્વરે તેમાં નાખી દીધી અક્કલ પણ એ તો વેરાઈ ગઈ! હાથમાં ન આવી! અને એ વ્યક્તિ 'બુદ્ધિનો બારદાન' થઈ ગઈ!

ઘણા લોકો મોટા મોટા બણગા ફૂંકતા હોય છે. મોટી અને ખોટી વાતો સાંભળનારને અણગમો થઈ જાય અને એ એમ માનતા થઈ જાય કે પોતાની પાસે એવી કોઈ તાકાત નથી, આવડત નથી. બોલે છે એવું કંઈ જ કરી શકવાનો નથી, પણ માત્ર 'આપવડાઈ' કરે છે. એવી વ્યક્તિઓ માટે એક ચોવક છે: 'બાપાજો વાણ ને વિઠેજી ત્રાણ'. બાપાનું વહાણ હોય તો તેમાં બેસી શકાયને? 'વાણ' એટલે વહાણ અને 'વિઠેજી ત્રાણ' એટલે બેસવાના વાંધા. આમ 'ત્રાણ'નો અર્થ 'ખામી', અભાવ કે અધૂરપ પણ થાય છે.

કોઠાસૂઝ જગાવતી એક ચોવક છે : 'ઘરસંપત મેનાણ વેં, મેમાણ સંપત ઘર ન વેં' 'ઘરસંપત' એટલે ઘરની આર્થિક સ્થિતિ કે ક્ષમતા અને 'મેમાણ' એટલે મહેમાન. તો 'મેમાણ સંપત'નો અર્થ થાય છે, મહેમાનની આર્થિક ક્ષમતા કે તેમનો દરજ્જો. બસ,અહીં જે 'સંપત' શબ્દ વિશેષ ભૂમિકા ભજવે છે તેનો અર્થ થાય છે શક્તિ તે ક્ષમતા. ભાવાર્થ હવે સ્પષ્ટ થઈ ગયો કે આવેલા મહેમાનોની મહેમાનગતિ ઘરની આર્થિક સ્થિતિને અનુરૂપ કરાય, મહેમાન ઇચ્છે એમ પણ નહીં અને મહેમાનની આર્થિક સ્થિતિ કે દરજ્જાને જાઈને પણ નહીં. આ ચોવક સદાકાળની સોનેરી સલાહ આપે તેવી છે. (ક્રમશઃ)■




# સેનેગલના ખેલાડીઓ ફિફા વર્લ્ડ કપમાં મહિલા-રોગોના નિષ્ણાત ડૉક્ટરને લઈને આવ્યા હતા!

ન્યૂ યૉર્કઃ ૨૩મા ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપમાં કેટલીક વિચિત્ર ઘટના બની ચૂકી છે જેમાંના એક બનાવની વિગત એક ટીમની આ વખતની ટૂર્નામેન્ટમાંથી બાદબાકી થઈ ત્યાર પછી બહાર આવી છે. આ ઘટના આફ્રિકાના સેનેગલ દેશની ફૂટબૉલ ટીમને લગતી છે.

પુરુષ ખેલાડીઓ સાથે તેમની ઈજા અને તેમની બીમારી વિશેના જાણકાર ડૉક્ટર જ વર્લ્ડ કપમાં તેમની સાથે આવે એવું સામાન્ય રીતે બનતું હોય છે. જોકે સેનેગલની જે ટીમ વિશ્વ કપમાં રમવા આવી હતી એ ટીમ સાથે ગાયનેકૉલોજિસ્ટ આવ્યા હતા. મહિલાઓના રોગોના નિષ્ણાત જો પુરુષ ખેલાડીઓની સાથે આવે એ વાત ૧૦૦ ટકા નવાઈ પમાડનારી હોય, પણ એ વાત સેનેગલની ટીમ વર્લ્ડ કપની બહાર થઈ ગઈ ત્યાર પછી બહાર આવતાં આ વિવાદ જોઈએ એવો ચગશે નહીં એવું લાગે છે.

સેનેગલનો સમાવેશ ગ્રૂપ-આઇમાં હતો. ફ્રાન્સ, નૉર્વે અને ઇરાક એ ગ્રૂપની અન્ય ત્રણ ટીમ હતી.



પ્રથમ લીગ મૅચમાં કીલિયાન ઍમ્બપ્પેના ફ્રાન્સ સામે સેનેગલનો ૧-૩થી પરાજય થયો હતો. જોકે અર્લિંગ હાલૅન્ડ જેવો સુપરસ્ટાર ખેલાડી ધરાવતી નૉર્વેની ટીમને સેનેગલે જોરદાર લડત આપી હતી અને છેવટે ૨-૩થી એની સામે પરાજય સ્વીકાર્યો હતો. છેલ્લી લીગમાં સેનેગલે ઇરાકને ૫-૦થી કચડી નાખ્યું હતું. નૉકઆઉટમાં સેનેગલે બેલ્જિયમને પણ જોરદાર લડત આપી હતી અને સેનેગલે છેવટે ૨-૩થી હાર સ્વીકારી હતી.

નૉકઆઉટમાં સ્પર્ધાની બહાર થનાર સેનેગલના ફૂટબૉલ ફેડરેશનના ખુદ ચીફ અબ્દોલાયે ફૉલે પત્રકારો સમક્ષ સ્વ કબૂલાતમાં કહ્યું કે 'અમારી નૅશનલ ટીમ સાથે અબ્દોરાહમાને આલ્ફ્રેડ ફેડિયર નામના જે ડૉક્ટર વર્લ્ડ કપમાં આવ્યા હતા તેઓ ગાયનેકૉલોજિસ્ટ છે. તેઓ ૧૦ વર્ષથી અમારી ટીમ સાથે સંકળાયેલા છે. ખરું કહું તો અમારા ઍથ્લીટોની સારવાર કરવા બાબતમાં અમારા ડૉક્ટર પાસે શૈક્ષણિક વિશેષતા છે નહીં. ડૉ. ફેડિયર તો ગાયનેકૉલોજિસ્ટ છે જેની મને પણ મોડી જાણ થઈ હતી. ખુદ ખેલાડીઓને ડૉ. ફેડિયર પર પૂરો ભરોસો નહોતો.'

સેનેગલની ટીમમાં વિવાદ હજી શમ્યો નથી, કારણકે બેલ્જિયમ સામેના ૨-૩ના પરાજયને પગલે ટીમના બે સ્ટાર ખેલાડીઓ સાદિયો માને અને પેપ ગ્વેયેએ નિવૃત્તિ જાહેર કરી છે. ■

## મહિલા હૉકી ખેલાડીના જાતીય સતામણીના આક્ષેપની તપાસ થશે

નવી દિલ્હીઃ ભારતની મહિલા હૉકી ટીમની ભૂતપૂર્વ કૅપ્ટન અસુન્તા લાકરાએ ડરાવવાનો તેમ જ જાતીય સતામણીનો આક્ષેપ કર્યો છે અને આ સતામણીના મુદ્દે વહેલાસર ઉકેલ આવે એવી જે અપીલ કરી છે એ સંબંધમાં ખેલકૂદ મંત્રાલયે હૉકી ઇન્ડિયાને તરત તપાસ શરૂ કરવાનો આદેશ આપ્યો છે. ■

## જોફ્રાએ પહેલી વખત વિરાટની વિકેટ લીધી

બર્મિંગમઃ પ્રથમ વન-ડેમાં ભારતે શાંત શરૂઆત કરી હતી, પણ બન્ને પીઢ ખેલાડીઓ રોહિત શર્મા (૧૧ રન) અને વિરાટ કોહલી (પાંચ રન) વહેલા આઉટ થઈ ગયા હતા. પેસ બોલર જોફ્રા આર્ચરના બૉલમાં વિરાટ એલબીડબ્લ્યૂ થઈ ગયો હતો. અનુભવી પેસ બોલર જોફ્રા પહેલી જ વખત વિરાટની વિકેટ લેવામાં સફળ થયો હતો. ■

# શુભમનના આગમનથી થઈ શુભ શરૂઆત

### ગિલના ૮૦ રન અને અક્ષર-સુંદરની ૧૦૨ રનની લડાયક ભાગીદારીએ ટીમની લાજ રાખીઃ ભારતનો વન-ડેમાં વિજયી આરંભ

બર્મિંગમઃ અહીં ઇંગ્લૅન્ડ (૪૭.૫ ઓવરમાં ૧૦/૨૫૮)ને ભારતે (૪૫.૨ ઓવરમાં ૪/૨૬૨) ત્રણ મૅચવાળી વન-ડે સિરીઝની પ્રથમ મૅચમાં ૨૮ બૉલ બાકી રાખીને છ વિકેટે હરાવીને વિજયી શરૂઆત કરી હતી અને ૧-૦થી સરસાઈ મેળવી હતી. કૅપ્ટન શુભમન ગિલ (૮૦ નૉટઆઉટ, ૭૫ બૉલ, એક સિક્સર, અગિયાર ફોર)એ ઈજાને લીધે રિટાયર હર્ટ થતાં પહેલાં જીતનો પાયો નાખી આપ્યો હતો અને એના પર અક્ષર પટેલ (૫૭ અણનમ, બાવન બૉલ, એક સિક્સર, પાંચ ફોર) તથા વૉશિંગ્ટન સુંદરે (બાવન અણનમ, ૬૩ બૉલ, એક સિક્સર, ચાર ફોર) ધૈર્ય અને સમજદારીપૂર્વક રમીને વિકેટો બચાવી રાખીને ભારતની શાનદાર ઇનિંગ્સનું ઘડતર કર્યું હતું. સુંદરે વિનિંગ સિક્સર ફટકારી હતી.

આ બન્ને ઑલરાઉન્ડર મહિનાઓથી રમેલી ટી-૨૦ મૅચોની આદત ત્યજીને વન-ડેના મિજાજમાં આવી ગયા હતા અને ૧૦૨ રનની અતૂટ ભાગીદારીથી ભારતને યાદગાર વિજય અપાવ્યો હતો. તેઓ હવે આ અવિસ્મરણીય વિજય બદલ થોડી મૅચો માટે ટીમમાં સ્થાન જાળવી શકશે. જોફ્રા, ટન્ગ, કરૅનને એક-એક વિકેટ મળી હતી. આ પહેલાં, ઇંગ્લૅન્ડમાં જ શ્રેયસ ઐયરના સુકાનમાં ભારત ટી-૨૦ શ્રેણી ૦-૪થી હાર્યું હતું. યુરોપમાં આવ્યા બાદ ભારતીયોએ હવે પહેલો વિજય માણ્યો છે.

ગિલ સાથે ૧૦૧ રનની ભાગીદારી કરનાર શ્રેયસ ઐયર (૩૫ રન, ૫૩ બૉલ, બે ફોર) ગિલના ગયા બાદ તરત જ રનઆઉટ થઈ ગયો હતો. શ્રેયસ હજી પૅવિલિયનમાં માંડ બેઠો હશે ત્યાં તો કે. એલ. રાહુલ (એક રન) જોશ ટન્ગના બૉલમાં ક્લીન બોલ્ડ થઈ ગયો હતો. એ પહેલાં, રોહિત શર્મા (૧૧ રન) અને વિરાટ કોહલી (પાંચ રન) વહેલા આઉટ થઈ ગયા હતા.

આઇપીએલ બાદ બે ટી-૨૦ શ્રેણીમાં ભારતીયોની આયરલૅન્ડમાં ૦-૨થી અને ઇંગ્લૅન્ડમાં ૦-૪થી નામોશી થઈ હતી, પણ વન-ડેમાં તેમણે વિજયી શરૂઆત કરી છે. ઇંગ્લૅન્ડના સાત બોલર પણ ભારતને નહોતા નમાવી શક્યા. ત્રણ બોલરની બોલિંગમાં ૫૦થી વધુ રન બન્યા હતા.



એક તબક્કે (રાહુલની વિકેટ બાદ) સુંદર-અક્ષરની જોડી દાવમાં હતી ત્યારે ૧૮ બૉલમાંથી ૧૩ ડૉટ બૉલ હતા. જોકે એ જ તેમની ધીરજપૂર્વકની ભાગીદારીની શરૂઆત હતી.

ઇંગ્લૅન્ડે બૅટિંગ લીધા બાદ ફાસ્ટ બોલર ગુરનૂર બ્રારની ઓવરમાં ઉપરાઉપરી બે વિકેટ ગુમાવી દીધી હતી. એ જ ઓવરના ચોથા બૉલમાં તો ગજબ થઈ ગયું. બ્રારે ઓપનર બેન ડકેટ (૪૩ રન)ને ડીપ થર્ડમૅન પર બાઉન્ડરી લાઇનની નજીક બુમરાહના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. બુમરાહે પ્રથમ પ્રયાસમાં કૅચ ઝીલ્યો, પણ બાઉન્ડરી લાઇન લગોલગ હોવાથી તે બૉલ હવામાં છોડીને બાઉન્ડરીને પાર ગયો હતો અને બીજી જ ક્ષણે પાછા અંદર આવીને તેણે વિકેટ કમ્પ્લીટ કરી હતી. ત્યાર બાદ ઇંગ્લૅન્ડની ઇનિંગ્સમાં પ્રસિદ્ધ ક્રિષ્નાએ તેમ જ અક્ષર પટેલે પણ એક-એક ઓવરમાં બે-બે વિકેટ લીધી હતી. અક્ષરે દાવમાં કુલ ચાર તેમ જ બ્રાર અને ક્રિષ્નાએ બે-બે તથા બુમરાહ અને શિવમે એક-એક વિકેટ લીધી હતી. જો રૂટ (૭૬ બૉલમાં ૭૬ અણનમ) અને લિઆમ ડૉસન (૮૩ બૉલમાં ૬૮ રન) વચ્ચે સાતમી વિકેટ માટે ૧૩૪ બૉલમાં ૧૨૧ રનની જે ભાગીદારી થઈ હતી એ ભારતીય બોલર્સને નડી હતી. જોકે એ પાર્ટનરશિપનો સુંદર-અક્ષરે અણનમ ૧૦૨ રનની ભાગીદારીથી જડબાતોડ જવાબ આપ્યો.

### બાકીની બે વન-ડે ક્યારે?

બીજી વન-ડે ગુરુવારે (સાંજે ૫.૩૦ વાગ્યાથી) કાર્ડિફમાં રમાશે. ત્રીજી વન-ડે રવિવારે લૉર્ડ્સમાં (બપોરે ૩.૩૦ વાગ્યાથી) રમાશે જ્યાં સોમવારે ભારતીય મહિલા ક્રિકેટરો ઐતિહાસિક ટેસ્ટ મૅચ ૨૭૦ રનથી જીતી હતી. ■

## ફિફાએ બરતરફ કરેલા રેફરીનું રહસ્યમય સંજોગોમાં નિધન



નવી દિલ્હીઃ ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપ ૧૧મી જૂને શરૂ થયો એના પાછલા મહિને રેફરીની પૅનલમાંથી કાઢી નાખવામાં આવેલા નેધરલૅન્ડ્સના જાણીતા રેફરી રૉબ ડાઇપેરિન્કનું ઓચિંતુ નિધન થયું છે. પ્રાથમિક અહેવાલ અનુસાર તેમના અવસાનનું કારણ જાણવા નહોતું મળ્યું, પરંતુ ઇંગ્લૅન્ડમાં તેમની વિરુદ્ધ એક પોલીસ તપાસ ચાલુ હોવાથી તેમને વર્લ્ડ કપની પેનલમાંથી ફિફા દ્વારા દૂર કરવામાં આવ્યા હતા.

જોકે રૉબની કમનસીબી એ હતી કે ફિફાએ તેમને પૅનલમાંથી કાઢી નાખવાનો નિર્ણય લીધો ત્યાર પછી રૉબ સામેનો પોલીસ-કેસ પુરાવાના અભાવને પગલે પડતો મૂકવામાં આવ્યો હતો.

એપ્રિલમાં બ્રિટિશ પોલીસે રૉબ વિરુદ્ધ એક ગુનો નોંધ્યો હતો. પોલીસમાં એવી ફરિયાદ થઈ હતી કે આ રેફરીએ એક ટીનેજ કિશોર પર જાતીય હુમલો કર્યો હતો. જોકે રૉબ વિરુદ્ધ પુરાવાના અભાવે કેસ પડતો મૂકવામાં આવ્યો હતો. ખુદ રૉબે પછીથી એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે 'મારી વિરુદ્ધ એક ડચ દૈનિકે ખોટો આક્ષેપ કર્યો હતો.' ■

## બે ગુજરાતી ખેલાડીઓએ ટેબલ ટેનિસ જગતમાં મેળવી વિરલ સિદ્ધિ!

### ▸ માનવ ઠક્કર અને માનુષ શાહ ડબલ્સમાં વર્લ્ડ નંબર-ટૂ થઈ ગયાઃ પહેલી વખત ભારતની ત્રણ જોડી ટૉપ-ટેનમાં

નવી દિલ્હીઃ ટેબલ ટેનિસ જગતમાં ભારતના બે ગુજરાતી ખેલાડીઓએ મોટી સિદ્ધિ મેળવી છે. નવા રૅન્કિંગ મુજબ માનવ ઠક્કર અને માનુષ શાહ પુરુષોના ડબલ્સના ક્રમાંકોમાં જોડીમાં નંબર-ટૂ થઈ ગયા છે. ટેબલ ટેનિસના ડબલ્સના રૅન્કિંગમાં બે ભારતીય ખેલાડીઓએ બીજું સ્થાન મેળવ્યું હોય એવું પહેલી જ વખત બન્યું છે.



માનવ ઠક્કર (ડાબે) અને માનુષ શાહ



દિયા (જમણે), યશસ્વિની

રાજકોટમાં જન્મેલો માનવ ઠક્કર ૨૬ વર્ષનો છે. તે એશિયન ગેમ્સમાં એક તેમ જ એશિયન ચૅમ્પિયનશિપ્સમાં ચાર બ્રૉન્ઝ મેડલ જીતી ચૂક્યો છે. ૨૦૨૦ની સાલમાં તે વર્લ્ડ અન્ડર-૨૧ રૅન્કિંગમાં નંબર-વન બન્યો હતો.

ભરૂચમાં જન્મેલો માનુષ શાહ પચીસ વર્ષનો છે. ભારતીય ખેલાડીઓમાં નંબર-વન બની ચૂકેલો માનુષ એશિયન ચૅમ્પિયનશિપ્સમાં બ્રૉન્ઝ મેડલ તેમ જ એશિયન જુનિયર ચૅમ્પિયનશિપ્સમાં બે સિલ્વર મેડલ જીત્યો હતો.

ઇન્ટરનૅશનલ ટેબલ ટેનિસ ફેડરેશન (આઇટીટીએફ)ના રૅન્કિંગમાં ત્રણ ભારતીય જોડી ટૉપ-ટેનમાં પહોંચી છે અને ભારતના ટેબલ ટેનિસ ઇતિહાસમાં આ વિરલ સિદ્ધિ છે. માનવ ઠક્કર અને માનુષ શાહ ઉપરાંત મહિલા વર્ગમાં દિયા ચિતલે અને યશસ્વિની ઘોરપડેની જોડી ૧૦મા ક્રમે પહોંચી ગઈ છે, જ્યારે મિક્સ્ડ-ડબલ્સમાં દિયા ચિતલે અને માનુષ શાહની જોડી હવે વર્લ્ડ નંબર-ફાઇવ છે.

આ જ બતાવે છે કે ટેબલ ટેનિસની ડબલ્સમાં ભારતનું પ્રભુત્વ ધીમે-ધીમે વધી રહ્યું છે. સામાન્ય રીતે આ રમતમાં ચીન, જાપાન, સાઉથ કોરિયા અને તાઇપેઇનું વર્ચસ્વ રહ્યું છે, પણ હવે ભારતીયો તેમને પડકારી રહ્યા છે. ૨૦૨૮ની લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સમાં ટેબલ ટેનિસની રમતમાં ડબલ્સની ઇવેન્ટ કમબૅક કરવાની હોવાથી એમાં ભારતીય ખેલાડીઓ છવાઈ જશે એવી પાકી સંભાવના છે. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

# ફન વર્લ્ડ

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RAVAGE | કોતર |
| RAVEL | ખાઉધરું |
| RAVINE | વેરાન |
| RAVISH | આમળવું |
| RAVENOUS | મુગ્ધ |

## માતૃભાષાની મહેક

કાઠિયાવાડની પરોણાગત મશહૂર છે. એવું કહેવાય છે કે ભગવાન પણ જો કાઠિયાવાડનું આતિથ્ય માણે તો થોડી વાર માટે સ્વર્ગ ભૂલી જાય. એ ભાવનાને સાર્થક કરતો દુહો છે કે કાઠિયાવાડમાં કોક દિ ભૂલો પડ ભગવાન, થા તું મારો મહેમાન, તને સ્વર્ગ ભુલાવું શામળા. ભાષામાં કેવું ગજબનાક સામર્થ્ય અને સાથે માધુર્ય છે એનો પરચો સોરઠનું વર્ણન કરતા દુહામાં કેવો પ્રભાવીપણે વ્યક્ત થાય છે.

## ગુજરાત મોરી મોરી રે

'પતિ ઘરમાં હોય એ બધું ચલાવી લે અને ચોર સારો માલ લઈ જાય' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

મલીદો ધતુરો ને ચોરને ધણીને

## ઈર્શાદ

*ગણું ના રાવ રાયાને, ગણું ના આખી દુનિયાને;*
*પરંતુ જાન આ પર પ્યારીનો અખ્ત્યાર જુદો છે.*

*- બાલાશંકર કંથારિયા*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | | ૪ | | ૫ |
| | | | | ૬ | | | | | |
| ૭ | ૮ | | ૯ | | ૧૦ | ૧૧ | | ૧૨ | |
| | ૧૩ | | | ૧૪ | | ૧૫ | | | |
| | | | ૧૬ | | | | | ૧૭ | |
| ૧૮ | | | | | ૧૯ | ૨૦ | | | |
| | | ૨૧ | ૨૨ | | ૨૩ | | ૨૪ | | |
| ૨૫ | | | ૨૬ | ૨૭ | | ૨૮ | | | ૨૯ |
| | | ૩૦ | | ૩૧ | | | | | |
| ૩૨ | | | | | | | ૩૩ | | |

### આડી ચાવી

૧. મત, માન્યતા (૩)
૪. ખોટી બડાશ (૩)
૬. માગ્યા --- વરસે નહીં (૨)
૭. પીછેહઠ (૪)
૧૦. ક્યારેક (૨)
૧૨. જીવ, પ્રાણ (૨)
૧૩. નાખુશ, ખફા (૪)
૧૫. વિલંબ (૨)
૧૬. ભય, બીક (૨)
૧૭. લાડભર્યો ખેલ, રમત (૨)
૧૮. શરીરનો બાંધો (૨)
૧૯. આનંદ (૨)
૨૧. આળસુ (૨)
૨૩. વગર બોલાવ્યું બોલે તે --- ને તોલે (૪)
૨૫. યાત્રાળુ, મુસાફર (૨)
૨૬. સરિતા (૨)
૨૮. આદર સત્કાર, સેવાચાકરી (૪)
૩૧. પત્ની (૨)
૩૨. કોટ (૩)
૩૩. શાંત થઈ ગયેલું (૩)

### ઊભી ચાવી

૧. માંડવો (૩)
૨. અંગત (૪)
૩. મોહ પમાડનારું (૩)
૪. દંશ, ચટકો (૨)
૫. ખમી શકે કે ખમી લે તેવું (૫)
૮. નજર ઉતારવા અગ્નિમાં નખાતી વસ્તુ (૪)
૯. તડ (૩)
૧૧. હડપચી (૨)
૧૪. પૈસો, નાણું (૨)
૧૭. ખોટ, નુકસાન (૪)
૧૮. સૌરાષ્ટ્ર (૫)
૧૯. મૃત્યુ (૨)
૨૦. ચીજ, વસ્તુ (૩)
૨૨. ગરીબ (૨)
૨૪. સસલું (૪)
૨૭. ચહેરો, મુખાકૃતિ (૩)
૨૯. આરામ, વિસામો (૩)
૩૦. હેલારો, ધક્કો (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઓ | ૨ શિં | ૩ ગ | ણ | | | ૪ અ | ૫ ક | ૬ બં | ૭ ધ |
| ૮ જ | ગ | ત | | ૯ સુ | ૧૦ ધા | | ૧૧ મ | ધુ | ર |
| ૧૨ સ | દા | | ૧૩ અ | વ | રો | ૧૪ ધ | | ૧૫ જ | તિ |
| | ણા | | | ર્ણ | | નં | | ન | |
| ૧૬ પ | | ૧૭ સા | ૧૮ સુ | | ૧૯ વી | ત | ૨૦ ક | | ૨૧ અ |
| શુ | | ૨૨ રું | ધ | ન | | ૨૩ રિ | ષ્ટ | | શ્રુ |
| | ૨૪ સ | | રા | | ૨૫ ભો | | | ૨૬ પ | |
| ૨૭ સા | થ | | ૨૮ ઈ | ૨૯ જા | જ | ત | | ૩૦ ત | ૩૧ સુ |
| ૩૨ દ | વા | ૩૩ રો | | ૩૪ મ | ન | | ૩૫ ધ | રા | ર |
| ૩૬ ગી | રો | ખ | ત | | | ૩૭ પ | રા | જી | ત |

## ઓળખાણ પડી?



પાણીમાં પણ રહેતા હોવાથી જળચર ઉંદર તરીકે ઓળખાતા પ્રાણીની ઓળખાણ પડી? ડેમ બાંધવામાં ખૂબ મદદરૂપ થાય છે.

અ) Rodent બ) Capybara ક) Beaver ડ) Muskrat

## સુડોકુ - આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૬ | | ૪ | | | |
| ૩ | ૪ | | | | | | ૭ | ૯ |
| ૭ | | | ૫ | | ૩ | | | ૧ |
| ૯ | ૫ | ૪ | | | | ૬ | ૧ | ૩ |
| | | | | ૬ | | | | |
| ૬ | ૧ | ૭ | | | | ૨ | ૫ | ૮ |
| ૮ | | | ૯ | | ૭ | | | ૫ |
| ૧ | ૭ | | | | | | ૨ | ૪ |
| | | | ૮ | | ૨ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ - ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૯ | ૮ | ૪ | ૨ | ૩ | ૭ | ૫ |
| ૪ | ૫ | ૨ | ૩ | ૬ | ૭ | ૯ | ૮ | ૧ |
| ૮ | ૩ | ૭ | ૧ | ૯ | ૫ | ૨ | ૬ | ૪ |
| ૭ | ૮ | ૬ | ૪ | ૨ | ૯ | ૧ | ૫ | ૩ |
| ૩ | ૯ | ૪ | ૫ | ૮ | ૧ | ૬ | ૨ | ૭ |
| ૫ | ૨ | ૧ | ૭ | ૩ | ૬ | ૪ | ૯ | ૮ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧ | ૪ | ૫ | ૩ | ૨ |
| ૨ | ૪ | ૫ | ૬ | ૭ | ૩ | ૮ | ૧ | ૯ |
| ૯ | ૧ | ૩ | ૨ | ૫ | ૮ | ૭ | ૪ | ૬ |

## ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| RATHER | હકીકતમાં |
| RATIO | પ્રમાણ |
| RATION | અન્નસામગ્રી |
| RATIONAL | તર્કસંગત |
| RATTLE | ખડખડાટ |

ગુજરાત મોરી મોરી રેઃ
અંધા આગળ આરસી અને બહેરા આગળ ગાન

ઓળખાણ પડી?
RACOON

માઈન્ડ ગેમ :
રોનાલ્ડો

ચતુર આપો જવાબ અર્થ જણાવો :
શક્તિ

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'નિશાળમાંથી નીસરી જવું પાંસરું ઘેર' વાક્યમાં પાંસરું શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) ચુપચાપ બ) પારકે ક) સીધું ડ) ઉતાવળે

## માઈન્ડ ગેમ

હાલ ચાલી રહેલી ફિફા વર્લ્ડ કપ ફૂટબોલ સ્પર્ધામાં અફલાતૂન પરફૉર્મન્સ આપનાર એમ્બાપે કયા દેશનો ખેલાડી છે એની ખબર છે?

અ) બ્રાઝીલ બ) ફ્રાન્સ ક) પોર્ટુગલ ડ) મોરોક્કો

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) ધીરેન ઉદેશી (૬) ભરત કજરિયા (૭) નૂતન વિપીન શાહ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) મીનળ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) હર્ષા મહેતા (૧૩) નિખિલ બંગાળી (૧૪) લજિતા ખોના (૧૫) અમીશી બંગાળી (૧૬) મુલરાજ કપૂર (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મહેશ સંઘવી (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) ભાવના કર્વે (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) પ્રવીણ વોરા (૨૪) નંદુભાઈ એ. ગોઠી (૨૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) અલકા વાણી (૩૧) અરવિંદ કામદાર (૩૨) નિતીન જયંતીલાલ બજરિયા (૩૩) કમલ માતલિયા (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) હિનાબેન દલાલ (૩૬) જ્યોત્સના ગાંધી (૩૭) રમેશભાઈ દલાલ (૩૮) ઈનાક્ષીબેન દલાલ (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) સુભાષ મોમાયા (૪૨) નીતા દેસાઈ (૪૩) તાહેર ઔરંગાબાદવાલા (૪૪) શીરીન ઔરંગાબાદવાલા (૪૫) પુષ્પા પટેલ (૪૬) મહેશ દોશી

# રથયાત્રાના બે દિવસ પહેલા એટીએસ દ્વારા સિદ્ધપુરથી પાંચ શકમંદની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત એન્ટિ-ટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ) એ રવિવારે પાટણ જિલ્લાના સિદ્ધપુર શહેરમાં એક મોટું સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું, જે એક કથિત આતંકવાદી નેટવર્કની તપાસના ભાગરૂપે હતું. ટીમોએ અનેક સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું અને ઘણા શંકાસ્પદોની પૂછપરછ કરી હતી.

પ્રાથમિક માહિતી અનુસાર, નાના રમકડાંમાં સામાન્ય રીતે વપરાતી બેટરીઓ એક શંકાસ્પદ આતંકવાદી દ્વારા ખરીદવામાં આવી હોવાની માહિતી મળ્યા બાદ એટીએસના અધિકારીઓએ અહીંના વ્યસ્ત ઝામપલીપોલ વિસ્તારમાં એક કટલરીની દુકાન પર દરોડો પાડ્યો હતો. એજન્સીએ વ્યવહારોની તપાસ કરતી વખતે દુકાનના માલિકની ઘણા કલાકો સુધી પૂછપરછ કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. આ કાર્યવાહી દરમિયાન, એટીએસે તે જ વિસ્તારના નૂરાની ટેઇલર્સ નામની દુકાનમાંથી એક શંકાસ્પદ વ્યક્તિની પણ અટકાયત કરી હતી. વધુ પૂછપરછ માટે તે વ્યક્તિને અજ્ઞાત સ્થળે લઈ જવામાં આવ્યો હતો. દરોડા અને પૂછપરછથી વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી કારણ કે મોડી સાંજ સુધી સુરક્ષા કર્મચારીઓ તહેનાત રહ્યા હતા. રવિવારે સિદ્ધપુરના વિવિધ ભાગોમાંથી પાંચ શંકાસ્પદની અટકાયત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. સ્થાનિક પોલીસના સહયોગથી સમગ્ર શહેરમાં સર્ચ ઓપરેશન ચાલુ હતું અને તપાસના ભાગરૂપે અટકાયત કરાયેલા લોકોની પૂછપરછ કરવામાં આવી રહી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ગુજરાતના વિવિધ ભાગોમાંથી એટીએસ દ્વારા આઠ શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કર્યાના થોડા દિવસો પછી આ કાર્યવાહી કરવામાં આવી છે. શરૂઆતના અહેવાલો અનુસાર, સિદ્ધપુરમાંથી ત્રણ, પાલનપુરમાંથી ત્રણ અને ચીખલીમાંથી એક શંકાસ્પદ આતંકવાદીની ધરપકડ કરવામાં આવી હતી. ■

# અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા

## નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી નેત્રોત્સવ વિધિ અને મહાઆરતીમાં સહભાગી થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર ગુજરાત સહિત અમદાવાદ શહેર ગુરુવારે નીકળનારી ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા માટે સજજ થઈ ગયું છે. રથયાત્રા પૂર્વે ભગવાનને આવકારવા અને તેમના દર્શન કરવા ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અષાઢી બીજના દિવસે નીકળનારી ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા પૂર્વે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી જગન્નાથ મંદિરે નેત્રોત્સવ વિધિમાં ઉપસ્થિત રહ્યા હતા. ઊર્જા અને જિલ્લા પ્રભારી ઋષિકેશ પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

નાયબ મુખ્ય પ્રધાનના હસ્તે મંદિરમાં ધ્વજારોહણ સંપન્ન થયું હતું. ધ્વજારોહણ બાદ સંઘવી ઉપસ્થિત મહાનુભાવો સાથે ભગવાનની મહાઆરતીમાં સહભાગી થયા હતા તથા રાજ્યના નાગરિકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. ■

# ઓસ્ટ્રેલિયાની જેમ ગુજરાત સરકાર પણ ૧૬ વર્ષ નીચેના માટે સોશ્યલ મીડિયા અને એઆઈના ઉપયોગ માટે નિયમો લાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોશ્યલ મીડિયા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ટૂલ્સનો સમજ્યા વિના ટીનએજર્સ ઉપયોગ કરી રહ્યા છે અને તેના ઘણા ભયંકર પરિણામો આવી રહ્યા છે. આ અંગે ગંભીરતા દાખવી ઓસ્ટ્રેલિયાએ ૧૬ વર્ષ નીચેના છોકરા-છોકરીઓ માટે નિયમો બનાવ્યા છે ત્યારે હવે ગુજરાત સરકાર પણ આવું કોઈ માળખું તૈયાર કરવાનું વિચારી રહી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. તાજેતરમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની ઓસ્ટ્રેલિયા મુલાકાત દરમિયાન સરકારના આ નિર્ણયને આવકાર્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ચાલુ કવાયત સોશ્યલ મીડિયાથી આગળ વધે છે. જ્યારે બાળકોના માનસિક સ્વાસ્થ્ય, ધ્યાન અને વર્તન પર સોશ્યલ મીડિયાના ભારે ઉપયોગની અસરોનો વ્યાપકપણે દસ્તાવેજીકરણ કરવામાં આવ્યો છે, ત્યારે સરકાર એઆઇ-સંચાલિત સાધનો પર વિદ્યાર્થીઓની વધતી જતી નિર્ભરતા પર પણ નજર રાખી રહી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓ સોશ્યલ મીડિયાથી આગળ વિચારી રહ્યા છે. સોશિયલ મીડિયાથી બાળકોની એકાગ્રતા, માનસિક સ્વાસ્થ્ય અને વર્તન પર જે અસર થાય છે તેનું પણ ડોક્યુમેન્ટેન્શન થઈ રહ્યું છે, આ સાથે એઆઈ પર વિદ્યાર્થીઓની વધતી જતી નિર્ભરતા પર પણ નજર રાખવામાં આવી રહી છે.

એવી ચિંતા વધી રહી છે કે એઆઈ પર વધુ પડતી નિર્ભરતા વિદ્યાર્થીઓની વિચારવાની, તર્ક કરવાની અને સ્વતંત્ર રીતે સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતાને અસર કરી રહી છે. સરકાર માર્ગદર્શિકા ઘડતી વખતે આ વિષયોને પણ ધ્યાનમાં લેશે, તેમ અધિકારીએ જણાવ્યું હતું.

શિક્ષણવિભાગ ઓસ્ટ્રેલિયા અને યુરોપના કેટલાક ભાગોમાં અપનાવવામાં આવેલા નિયમનકારી પગલાં તેમ જ આંધ્ર પ્રદેશ અને ગોવા જેવા રાજ્યો દ્વારા લેવામાં આવેલા પગલાનો અભ્યાસ કરી રહ્યું છે, જેમણે ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં સોશ્યલ મીડિયાના ઉપયોગને નિયંત્રણમાં લાવવા માર્ગદર્શિકા ઘડવાનું શરૂ કર્યું છે.

અધિકારીઓએ સ્વીકાર્યું હતું કે આ નિયમોના અમલ દરમિયાન ઘણા પડકારો આવી શકે તેમ છે. ■

# દાનચોરીના અહેવાલો બાદ અંબાજી મંદિરે જાહેર કરી એસઓપીઃ ચંદાની ગણતરીનું લાઈવ ટેલિકાસ્ટ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃઅયોધ્યામાં રામમંદિરમાં થયેલી દાન ચોરીના વિવાદ બાદ બનાસકાંઠા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં પણ ચોરીના અહેવાલ પ્રકાશમાં આવ્યા હતા. ત્યારે હવે મંદિરના વહીવટી પ્રશાસને દાનની ગણતરી માટે કડક એસઓપી લાગુ કરી છે. નવા નિયમો અનુસાર પારદર્શિતા વધારવા માટે લાઇવ જાહેર પ્રસારણ અને બહુવિધ સુરક્ષા તપાસનો સમાવેશ કરવામાં આવ્યો હોવાનું અહેવાલો દ્વારા જાણવા મળ્યું હતું. મંદિરના વહીવટી પ્રશાસન દ્વારા આ નવા નિર્ણય લેવા પાછળનું કારણ એ બેક મહિના પૂર્વે મંદિરના કેશરૂમમાંથી એક આઉટસોર્સ કર્મચારી દ્વારા એક લાખ રૂપિયાની ચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો તેવો જૂનો સીસીટીવી ફૂટેજ ઓનલાઈન વાઇરલ થયો હોવાનું ચર્ચાઇ રહ્યું છે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ કે જેમના શિરે મંદિરના વહીવટ અને વ્યવસ્થાપનની જવાબદારી છે તેમણે આ નવાં નિયમોને પારદર્શિતા તરફનું પગલું ગણાવ્યું છે.

મંદિરમાં દાનચોરીની ઘટના પ્રકાશમાં આવી ત્યાર બાદ ત્રણેય કર્મચારીને તાત્કાલિક અસરથી નોકરીમાંથી બરતરફ કરી દેવામાં આવ્યા હતા. જોકે, હવે દાન ગણતરી પ્રક્રિયાને મજબૂત બનાવવા માટે એક નવી એસઓપી જાહેર કરવામાં આવી છે.

આ નવી એસઓપી અંતર્ગત આખી દાન ગણતરી પ્રક્રિયા પર ૨૦થી વધુ સીસીટીવી કેમેરા દ્વારા નજર રાખવામાં આવશે અને ફૂટેજને છ મહિના સુધી સાચવવામાં આવશે.

આ ઉપરાંત દાન ગણતરી સાથે સંકળાયેલા તમામ કર્મચારીઓની ગણતરી કરવા માટે પ્રવેશ આપતા પહેલા પોલીસની હાજરીમાં મેટલ ડિટેક્ટરથી તપાસ કરવામાં આવશે. તેમને આ કામગીરી દરમિયાન મોટા ખિસ્સાવાળા કપડાં પહેરવાની પણ મંજૂરી આપવામાં આવશે નહીં. વળી જ્યારે ગણતરીની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવે ત્યારે પણ બધા કર્મચારીઓ પરિસરમાંથી બહાર નીકળતા પહેલા પોલીસ દ્વારા ફરીથી તેમની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે. ■

# સુરતમાં ભણતરના દબાણથી કંટાળી ૧૨ વર્ષના બાળકે ઘર છોડ્યું, દહાણુમાંથી મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના વરાછા વિસ્તારમાંથી એક ધોરણ-૭ માં અભ્યાસ કરતો ૧૨ વર્ષનો વિદ્યાર્થી ભણતરના ભારથી કંટાળી ઘર છોડીને ભાગી જતા ચકચાર મચી ગઈ હતી. બાળકના આ પગલાથી પરિવારજનો ભારે આઘાતમાં આવી ગયા હતા. સુરતના વેસુની જાણીતી એસ.ડી.જૈન સ્કૂલમાં ધોરણ-૭માં અભ્યાસ કરતો અને પીપોદરાના લૂમ્સ કારખાનેદારનો ૧૨ વર્ષનો પુત્ર ભણતર સહિતના તણાવમાં ટ્યુશનેથી રહસ્યમય રીતે ગાયબ થઈ ગયો હતો. પરિવારે આસપાસના વિસ્તારમાં ભારે શોધખોળ કરી છતાં બાળકનો કોઈ પત્તો ન મળતા આખરે ભારે હૈયે વરાછા પોલીસ મથકમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી.

વરાછા પોલીસે ગણતરીના કલાકોમાં ૧૫૦થી વધુ સીસીટીવી કેમેરા ફંફોસીને રેલવે પોલીસની મદદથી માસૂમને મહારાષ્ટ્રના દહાણુ રેલવે સ્ટેશન પરથી સુરક્ષિત શોધી કાઢ્યો હતો. દીકરાને સહીસલામત જોઈને પોલીસ સ્ટેશનમાં જ માતા-પિતા રડી પડ્યાં હતાં અને અત્યંત ભાવુક દ્રશ્યો સર્જાયાં હતાં. ■

# નાસિરનગર ડિમોલિશનઃ કમિશનરે આદેશ આપ્યા હોવાનો સસ્પેન્ડેડ એન્જિનિયરનો કોર્ટમાં આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખૂબ જ વિવાદાસ્પદ બનેલા સુરતના નાસિરનગર ડિમોલિશનમાં સસ્પેન્ડ થયેલા એન્જિનિયરે કોર્ટમાં જણાવ્યું હતું કે તેમને ડિમોલિશનના આદેશ સુરત મનપા કમિશનરે આપ્યા હતા. ગુજરાત હાઈ કોર્ટે સોમવારે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી સસ્પેન્ડ કરાયેલા એક્ઝિક્યુટિવ એન્જિનિયર સુજલ પ્રજાપતિના આક્ષેપો અંગે જવાબ માંગ્યો હતો.

અહેવાલો અનુસાર સુરતના નાસિરનગર ઝૂંપડપટ્ટીના ૩૦ મેના રોજ થયેલા ડિમોલિશન અંગે થયેલી તપાસ બાદ પ્રજાપતિને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. હાઈ કોર્ટ સમક્ષ આપેલા સોગંદનામામાં, સુરત મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજને જણાવ્યું હતું કે કોઈ પણ સરકારી એજન્સીએ આ વિસ્તારમાં ડિમોલિશનનો આદેશ આપ્યો નથી અને દાવો કર્યો હતો કે તેઓ આ અંગે જાણતા નથી. તેમણે કોર્ટને જણાવ્યું હતું કે ફરિયાદો મળ્યા બાદ, તેમણે તપાસ શરૂ કરી હતી અને પ્રજાપતિ સહિત પાંચ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા હતા. પોતાના સસ્પેન્શનને પડકારતા, પ્રજાપતિએ હાઇ કોર્ટ સમક્ષ એક વોટ્સએપ ચેટ રજૂ કરી હતી, જેમાં તેમણે કહ્યું હતું કે કમિશનરે તેમને રસ્તો પહોળો કરવા અને અતિક્રમણ દૂર કરવા માટે નિર્દેશ આપ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે કમિશનરના નિર્દેશો કોઈના કહેવા પર જારી કરવામાં આવ્યા હતા, તેમણે કમિશનર તરફથી મળેલા ફોરવર્ડ કરેલા સંદેશનો ઉલ્લેખ કર્યો હોવાની માહિતી અહેવાલ દ્વારા મળી હતી. તેમના વકીલે સંદેશ વાંચ્યો હતો.

હવે આગામી સુનાવણી ૨૦મી જુલાઈએ થશે. ■

# સુરતમાં પૂરનાં પાણી ઓસર્યા બાદ રોગચાળાના કેસમાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં ગયા અઠવાડિયે પડેલા ધોધમાર વરસાદને લીધે ખાડીપૂરનું સંકટ આવ્યું હતું જે સુરતવાસીઓના જનજીવન પર વ્યાપક અસર છોડી ગયું છે. એક તો ઘર અને દુકાનો-ઓફિસોમાં પાણી ભરાવાને લીધે માલસામાનને ભારે નુકસાન થયું છે અને ફરી જીવન સામાન્ય કરવાનું સેંકડો પરિવારો માટે પડકારજનક છે ત્યારે બીજી બાજુ સતત વરસાદ, ઠેરઠેર ભરાયેલા પાણી અને ગંદકીને કારણે રોગચાળાની દહેશત વ્યાપી છે. જોકે મનપાએ સમયસૂચકતા વાપરી ઠેર ઠેર મેડિકલ કેમ્પ શરૂ કર્યા છે, જેમાં દરદીઓની ભીડ જામતી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.ઉધના, લિંબાયત, વરાછા, સરથાણા વગેરે જેવા વધારે અસરગ્રસ્ત વિસ્તારોમાં લગભગ ૧૫ આસપાસ મેડિકલ કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે, જેમાં લગભગ ચાર દિવસમાં ૪૦૦૦ જેટલા લોકોનું મેડિકલ ચેક અપ થયું છે. મોટાભાગના લોકોને ચામડીની સમસ્યા સતાવી રહી છે. પૂરના પાણીમાં સતત ચાલવા કે રહેવાને કારણે ચામડીની સમસ્યા ઉદ્ભવી છે. તો તાવ, શરદી ઉધરસ, ઝાડાના પણ ઘણા દરદીઓ છે. ■

# ડેટા એન્ટ્રીમાં ભૂલ થતાં પાટણનું ઝાપટપરા બની ગયું ઈસ્લામપુરાઃ ૧૫ વર્ષે ભૂલ પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ડિજિટાઇઝ્ડ રેશનકાર્ડ ડેટાબેઝમાં ૧૫ વર્ષ જૂની ભૂલને કારણે પાટણમાં વિવાદ સર્જાયો હતો. પાટણ જિલ્લાના ૪૮ પરિવારના વિસ્તારને સત્તાવાર દસ્તાવેજોમાં ઝપટપરાને બદલે ઇસ્લામપુરા તરીકે બતાવવામાં આવ્યો છે અને ઈસ્લામપુરા નામે જ નોંધણી થઈ છે. આ મામલે જિલ્લા વહીવટીતંત્રે સ્પષ્ટતા કરી હતી કે ૨૦૧૧માં રેશનકાર્ડના ડિજિટાઇઝેશન દરમિયાન ડેટા એન્ટ્રી ભૂલને કારણે આ વિસંગતતા ઊભી થઈ હતી અને કહ્યું હતું કે આગામી થોડા દિવસોમાં તેને સુધારી લેવામાં આવશે.વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા વાંધો ઉઠાવ્યા બાદ આ મુદ્દો પ્રકાશમાં આવ્યો હતો, જેના કારણે ભાજપના સાંસદ ભરતસિંહ ડાભીએ પાટણ જિલ્લા વહીવટીતંત્ર પાસેથી સ્પષ્ટતા માગી હતી, જેમાં એવી અટકળો ચાલી રહી હતી કે આ વિસ્તારનું સત્તાવાર નામકરણ કરવામાં આવ્યું છે. જોકે, જિલ્લા અધિકારીઓએ આવા કોઈપણ ફેરફારનો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો અને કહ્યું હતું કે ભૂલ લગભગ ૧૫ વર્ષ પહેલાં રેશન કાર્ડના ડિજિટાઇઝેશન અને બારકોડિંગ દરમિયાન થઈ હતી. તેમણે કહ્યું કે ફક્ત ૪૮ રેશન કાર્ડ પર 'ઝાપટપરા' ને બદલે 'ઇસ્લામપુરા' નામ હતું, જે હવે હારિજ નગરપાલિકાનો ભાગ છે. પાટણના કલેક્ટર કચેરીના ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ઝાપટપરાનું નામ બદલવાનો કોઈ પ્રસ્તાવ મૂક્યો નથી. તેમણે આ સાથે સ્પષ્ટતા કરી હતી કે ૨૦૧૧ની ડિજિટાઇઝેશન કવાયત દરમિયાન, કેટલાક રહેવાસીઓએ તેમનું સરનામું 'ઇસ્લામપુરા' તરીકે આપ્યું હતું, કારણ કે ગામની મસ્જિદની આસપાસનો વિસ્તાર સ્થાનિક રીતે આ નામથી ઓળખાતો હતો. તે વિગતો પછીથી સત્તાવાર ડેટાબેઝમાં દેખાઈ હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે રેશનકાર્ડ રેકોર્ડ અપડેટ કરતી વખતે અરજદારોએ તેમના રહેણાક સરનામાં આપવા જરૂરી હતા, અને જેમણે 'ઇસ્લામપુરા'નો ઉલ્લેખ કર્યો હતો તેમના કાર્ડ પર અજાણતાં ગામનું નામ 'ઇસ્લામપુરા' તરીકે નોંધ્યું હતું. ■

# રથયાત્રા પૂર્વે ભાવનગર પોલીસ ઍક્શનમાંઃ દારૂના અડ્ડાઓ પર મેગા રેઈડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં યોજાનારી ગુજરાતની બીજા નંબરની ભવ્ય ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ભાવનગર પોલીસ અત્યારથી જ એક્શન મોડમાં આવી ગઈ છે.

રથયાત્રા પૂર્વે શહેરમાંથી નશાબંધીની બદીને નેસ્તનાબૂદ કરવા માટે પોલીસ પ્રશાસન દ્વારા કમર કસવામાં આવી છે. જેના ભાગરૂપે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ , સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ અને પેરોલ ફર્લો સ્કવૉડે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને દેશી દારૂના ધંધાર્થીઓ પર વહેલી સવારથી જ સામૂહિક દરોડા પાડ્યા હતા. આ મેગા રેઇડ દરમિયાન પોલીસે દેશી દારૂ અને આથો મળી કુલ રૂ.૭૪,૩૦૦/- તેમજ વાહન સહિત કુલ રૂ.૧,૨૪,૩૦૦/-નો મુદ્દામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ટીમોએ ભાવનગર શહેરના આડોડિયાવાસ, કુંભારવાડા, જી.આઇ.ડી.સી., ચિત્રા અને કરચલીયા પરા જેવા વિસ્તારોમાં દારૂના ગેરકાયદેસર અડ્ડાઓ પર એકસાથે ત્રાટકીને કુલ ૧૪ જેટલા પ્રોહિબિશનના કેસો શોધી કાઢ્યા હતા. આ કામગીરી દરમિયાન પોલીસે સ્થળ પરથી ૧૪૯ લિટર તૈયાર દેશી દારૂ (કિંમત રૂ.૨૯,૮૦૦/-), ૧૭૮૦ લિટર દેશી દારૂ બનાવવાનો આથો (કિંમત રૂ.૪૪,૫૦૦/-) તેમજ હેરફેર માટે ઉપયોગમાં લેવાતું એક એક્ટિવા સ્કૂટર (કિંમત ₹૫૦,૦૦૦/-) મળી કુલ રૂ.૧,૨૪,૩૦૦/-નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ રેઇડ દરમિયાન પોલીસે સ્થળ પરથી ૭ આરોપીઓની ધરપકડ કરી છે, જેમાં કમુબેન દિનેશભાઇ પરમાર, જયાબેન મનુભાઇ રાઠોડ, ગૌરીબેન ખોડિદાસભાઇ રાઠોડ, ગીતાબેન શ્યામભાઇ પરમાર (તમામ રહે. આડોડિયા વાસ), રાહુલ કાંતિભાઇ રાઠોડ (રહે. દેસાઇનગર), કિશોરસિંહ કિરીટસિંહ રાયજાદા (રહે. મિલિટ્રી સોસાયટી) અને અનિરુદ્ધસિંહ ગણપતસિંહ ગોહિલ (રહે. પ્રેસ ક્વાર્ટર્સ, ભાવનગર)નો સમાવેશ થાય છે. જ્યારે અન્ય ૭ મહિલા આરોપીઓ (કાજલબેન પરમાર, સોનીયાબેન પરમાર, રેખાબેન રાઠોડ, નીરૂબેન, મીનાબેન, મીનલબેન અને ગૌરીબેન ઉર્ફે ગવુબેન મકવાણા) હાલ પોલીસ પકડથી દૂર હોય, તેમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. રથયાત્રા પૂર્વે પોલીસની આ કડક કાર્યવાહીથી બુટલેગરો અને અસામાજિક તત્ત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. ■

## સિટી ન્યૂઝ

# એનસીપીમાં નો પ્રોબ્લેમ, સચ્ચિદાનંદ સિંહના પત્રનું કોઈ મહત્ત્વ નથીઃ પ્રફુલ્લ પટેલ

મુંબઈઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)ના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ પ્રફુલ પટેલે મંગળવારે જણાવ્યું હતું કે પક્ષમાં કોઈ સમસ્યા નથી અને સુનેત્રા પવારની પક્ષ પ્રમુખ તરીકે ચૂંટણીને પડકારતી એનસીપીના રાષ્ટ્રીય સચિવ સચ્ચિદાનંદ સિંહ દ્વારા લખાયેલા પત્રનું કોઈ મહત્ત્વ નથી. સિંહે આ વર્ષે ૨૬ ફેબ્રુઆરીએ યોજાયેલી ચૂંટણી ગેરબંધારણીય હોવાનો દાવો કરીને તેમજ રદ કરવાની રજૂઆત કરી ખળભળાટ મચાવ્યો છે. નવમી જુલાઈએ સિંહ વતી દિલ્હી સ્થિત એક કાનૂની કંપની દ્વારા કાનૂની નોટિસ જારી કરવામાં આવી હતી.

નોટિસ પર પ્રતિક્રિયા આપતા પટેલે પીટીઆઈને જણાવ્યું હતું કે 'પક્ષમાં કોઈ મતભેદ નથી. તમામ વરિષ્ઠ નેતાઓ રાજકીય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે સુનેત્રા પવારને મળે છે. સચ્ચિદાનંદ સિંહએ લખેલા પત્રને ગણકારવો ન જોઈએ. કોઈપણ મુદ્દાનો ઉકેલ પક્ષના હિતમાં થવો જોઈએ.' મહારાષ્ટ્રનાં નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપી પ્રમુખ સુનેત્રા પવાર, પ્રફુલ પટેલ અને પક્ષના મહાસચિવ બ્રિજમોહન શ્રીવાસ્તવને સંબોધિત નોટિસમાં આરોપ કરાયો છે કે એનસીપીની બંધારણની ફરજિયાત જોગવાઈઓનું પાલન કર્યા વિના અને પ્રતિનિધિઓ અને પદાધિકારીઓને યોગ્ય સૂચના આપ્યા વિના ચૂંટણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. નોટિસ અનુસાર ૨૮ જાન્યુઆરીએ તત્કાલીન એનસીપી પ્રમુખ અજિત પવારનાં નિધન પછી પક્ષએ ચૂંટણી પંચને જાણ કરી હતી કે નવા અધ્યક્ષની પસંદગી ન થાય ત્યાં સુધી પ્રફુલ પટેલ કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે કાર્ય કરશે. ત્યારબાદ શ્રીવાસ્તવે રાષ્ટ્રીય સંમેલન બોલાવ્યું અને ચૂંટણી પ્રક્રિયા શરૂ કરી, તેમ છતાં તેમની પાસે બંધારણીય અધિકાર નહોતો એવો આરોપ કરવામાં આવ્યો છે. ■

# વિનાયક રાઉતે આગોતરા જામીન માટે અરજી કરી

ઠાણેઃ પુત્રવધૂએ ઘરેલું અત્યાચારનો આરોપ મૂકી પોલીસ ફરિયાદ નોંધાવ્યાના થોડા દિવસો બાદ, શિવસેના (યુબીટી)ના નેતા વિનાયક રાઉત અને તેમના પરિવારના સભ્યોએ મંગળવારે અહીંની જિલ્લા અદાલતમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. આ અરજી ભૂતપૂર્વ સાંસદ રાઉત, તેમનાં પત્ની શામલ, પુત્ર ગિતેશ, સંબંધી આબા રાઉત અને મધ્યસ્થી હરિશ્ચંદ્ર ઘાડી દ્વારા દાખલ કરવામાં આવી હતી.

અદાલત ૨૩ જુલાઈએ આ અરજી પર સુનાવણી હાથ ધરશે. ■

# એફડીએએ મુંબઈના ત્રણ રેસ્ટૉરાંના ફૂડ લાઈસન્સ સસ્પેન્ડ કર્યા

મુંબઈઃ મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) એ મંગળવારે જણાવ્યું હતું કે વારંવાર પાલનની તકો છતાં નિરીક્ષણમાં ખાદ્ય સલામતી અને સ્વચ્છતાના ધોરણોનું ગંભીર ઉલ્લંઘન જોવા મળ્યા બાદ તેમણે મુંબઈના ત્રણ અગ્રણી રેસ્ટોરન્ટના ફૂડ બિઝનેસ લાઇસન્સ સસ્પેન્ડ કર્યા છે.

એફડીએ દ્વારા તેના અમલના અભિયાનના ભાગ રૂપે છ નિરીક્ષણો બાદ શાલીમાર હોસ્પિટાલિટી પ્રાઇવેટ લિમિટેડ, ભીંડી બજારમાં નૂર મોહમ્મદી હોટેલ અને ઉમરખાડીમાં રહેમાનિયા રેસ્ટોરન્ટ સામે કાર્યવાહી કરવામાં આવી હતી, જે બધી દક્ષિણ મુંબઈમાં સ્થિત છે, એફડીએ જણાવ્યું હતું કે શાલીમાર હોસ્પિટાલિટીનું લાઇસન્સ ૧૪ જુલાઈના રોજ સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. ૧૬ એપ્રિલના રોજ હાથ ધરવામાં આવેલા નિરીક્ષણ દરમિયાન ખાદ્ય સલામતીના ધોરણોનું ઉલ્લંઘન કરતી મળી આવી હતી અને ૨૮ એપ્રિલના રોજ તેને સુધારણા નોટિસ જારી કરવામાં આવી હતી. ■

# નાગપુર રેલવે સ્ટેશન પર યુવકનો હંગામોઃ હાઈ વોલ્ટેજ વાયર પકડ્યો

નાગપુરઃ મધ્ય રેલવેના નાગપુર રેલવે સ્ટેશને એક ચોંકાવનારો બનાવ બન્યો હતો, જ્યાં એક યુવક ગૂડ્સ ટ્રેન પર ચઢીને જઈને જોરદાર હંગામો કર્યો હતો, જ્યારે એનો વીડિયો વાઇરલ થયા પછી લોકોએ તેની હરકતને વખોડી નાખી હતી. આ યુવકનું મોત થયું હોવાનું જાણવા મળ્યું હતું.

મળતી માહિતી મુજબ રેલવે સ્ટેશન પર ઊભી રહેલી ગૂડ્સ ટ્રેન પર ચઢી જઈને યુવકે ખૂબ ધમાલ કરી હતી. આ ઘટનામાં પહેલા તો આ યુવક એક માલગાડી પર ચઢી ગયો હતો. ત્યાર બાદ ઓએચઈ (ઓવરહેડ ઈલેક્ટ્રિક ઈક્વિપમેન્ટ) તારને પકડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વીજળીનો પ્રવાહ રોકી દેવામાં આવતા તારમાં કરંટ આવ્યો નહોતો. કરંટ નહીં આવતા યુવકે ઝડપથી કૂદકો મારી અને ફરી સામે ઊભેલી એક માલગાડી પર પહોંચી ગયો હતો અને ત્યાંના વીજળીના તારને પકડી લીધો હતો. આ વખતે આ તારમાં કરંટ હોવાથી યુવકને ગંભીર ઈજા પહોંચી હતી, ત્યાર બાદ તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો. ■

# મોશી દુર્ઘટના બાદ પાલિકા જાગી

## ડમ્પિંગ ગ્રાઉન્ડના શેડ, વર્કશોપ, કન્ટેઈનર, ઓફિસ બિલ્ડિંગનું સ્ટેબિલિટી ઓડિટ કરાશે

મુંબઈઃ પુણેના મોશીમાં કચરાનો મોટો ઢગલો પડી ત્રણ માળની ઈમારત ધરાશાયી થવાની દુર્ઘટના બાદ મુંબઈ મહાનગરપાલિકાએ પોતાના કાંજૂરમાર્ગ, દેવનાર અને મુલુંડના ડમ્પિંગ ગ્રાઉન્ડમાં રહેલા શેડ, ઓફિસ, દેખરેખ કન્ટેઈનર સહિતના સ્ટ્રક્ચરના તાત્કાલિક ધોરણે સ્ટેબિલિટી ઓડિટ કરવાનો નિર્દેશ આપ્યો છે. એ સાથે જ પોતાના દરેક પ્રોજેક્ટ માટે ચોમાસા પહેલાની તૈયારી રૂપે સ્વતંત્ર રૂપે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસેજર (એસઓપી) તૈયાર કરવાનો પણ નિર્ણય લીધો છે. પાલિકાના ઘનકચરા વ્યવસ્થાપન પ્રોજેક્ટ અને તેના સુરક્ષા બાબતે મંગળવારે પાલિકાના એડિશનલ કમિશનરે અગત્યની બેઠક યોજી હતી, જેમાં પાલિકાના તમામ ઘનકચરા વ્યવસ્થાપનના પ્રોજેક્ટ અને ડમ્પિંગ ગ્રાઉન્ડની સુરક્ષા પર ખાસ ધ્યાન આપવા પર ભાર આપવામાં આવ્યો હતો. આગામી વરસાદ અને પ્રતિકૂળ હવામાનનો વિચાર કરીને તમામ પ્રોજેક્ટના ઠેકાણે આવશ્યક તૈયારી પૂર્ણ કરવાનો અને દરેક પ્રોજેક્ટ માટે ચોમાસા પહેલાની તૈયારીના ભાગરૂપે સ્વતંત્ર રીતે એસઓપી તૈયાર કરવાનો તેમ જ સુરક્ષાના તમામ નિયમનું સખતાઈપૂર્વક પાલન કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. પાલિકાના એડિશનલ કમિશનર વિપીન શર્માએ જણાવ્યું હતું કે ડમ્પિંગ ગ્રાઉન્ડમાં કચરાની ઊંચાઈ નિર્ધારીત મર્યાદિત રાખવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ડમ્પિંગ ગ્રાઉન્ડના તમામ શેડ, કાર્યશાળા, કન્ટેઈનર જેવા તમામ બાંધકામનું સ્ટેબિલિટી ઓડિટ તાત્કાલિક કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. કાંજુરમાર્ગ, દેવનાર અને મુલુંડના બાયોમાયનિંગ પ્રોજેક્ટમાં ખોદકામ પદ્ધતિનો અહેવાલ લઈને સુરક્ષાની કાર્યપદ્ધતિ નક્કી કરીને જ્યાં કચરાનો ઢગલો અસ્થિર જણાય ત્યાં બૅરિકેડિંગ કરવાનું પણ કહેવામાં આવ્યું છે. ■

## ૯. લગ્ન સંબંધી

**50 સુધીની વયની**
**સ્માર્ટ પર્સનાલીટી ધરાવતી નિ:સંતાન મહિલા અંધેરી (વેસ્ટના) સાધન સંપન્ન સફળ પ્રોફેશનલ વ્યવસાયિક ડિવોર્સી માટે જોઈએ છે. સંપર્ક - 9967894750. (દહેજ નહીં). (બી-૧૭૮૫૮)**

**૪૩ વર્ષીય**
**વેલ એજ્યુકેટેડ દેખાવડી મહિલા માટે સાઉથ / સેન્ટ્રલ મુંબઈ સ્થિત વ્યવસાયિક જીવનસાથી જોઈએ છે. સંપર્ક - 9967894750. (દહેજ નહીં). (બી-૧૭૮૫૭)**

**39 સુધીની ઉંમરની**
**સુશિક્ષિત સંસ્કારી નમણી મહિલા જુહુના વેલસેટલ્ડ વૈષ્ણવ વ્યવસાયિક માટે જોઈએ છે. 9967894750. (દહેજ નહીં). (૧૨૩૨-એ)**

■ મુંબઈનાં/ અમેરીકાનાં/ કેનેડાનાં/ લંડનનાં/ દુબઈનાં બાયોડેટાઓ રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૮૭૧)

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૭૮૧૪)

**''કેસર કેરી''**
વલસાડની પ્રખ્યાત ''ઓર્ગેનિક'' ''કેસર'' મુંબઈમાં ઘેરબેઠા મેળવો: 9427577771, 9274793095. (૧૧૪૮-એ)

## ૧૨. યાત્રા સહેલગાહ

**તુષાર નેગાંધી**
ગંગાસાગર જગન્નાથપુરી, નેપાલ પુમડીકોટ મુક્તિનાથ, ચારધામ, રામેશ્વરમ કેરલા. દેવીબેન પ્રવાસ ૯૮૩૩૭૩૦૬૩૯. (૧૨૧૪-બી)

**તન્વી ગંગાસાગર**
જગન્નાથપુરી, કોનાર્ક, ચંપારણ્ય, કલકત્તા, દિવસ-10, (17th Sep, 12th Dec). 9892542448/ 9167970448. (૧૨૨૪-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**પ્યુન**
**ફોર્ટ વિસ્તારમાં એક રેપ્યુટેડ બિલ્ડરની ઓફિસમાં જરૂરત છે. સંપર્ક ૮૮૨૮૮૬૯૯૯૮. (બી-૧૭૮૪૩)**

**THE BORIVLI EDUCATION SOCIETY (BES)**
Applications are invited for the post of
**CHIEF ACADEMIC & ADMINISTRATIVE OFFICER**
**(Academic Administrator)**
for BES Educational Institutions at Borivali (East & West).

**Eligibility:**
**Role & Responsibilities**
The selected candidate shall be responsible for:
Overall academic leadership and Institutional governance.
Implementation of CBSE, Maharashtra State Board and University regulations.
Monitoring academic excellence, student performance & educational quality standards.
Faculty development, recruitment, appraisal, and training.
Policy formulation and compliance with statutory requirements.
Liaison with Government Authorities, CBSE, University, Education Department and Regulatory Bodies.
Administrative supervision of schools, colleges, and support departments.
Strategic planning and implementation of NEP-2020 Initiatives.
Ensuring transparency, discipline, and institutional growth.
**Essential Qualifications :**
The candidate should possess:
Postgraduate Degree from a recognized University.
B.Ed./ M.Ed. or equivalent educational qualification.
Minimum 15 years of experience in educational administration, including leadership positions Principal, Vice Principal, Academic Director or Administrator.
**Thorough knowledge of :**
CBSE Bye-laws and Affiliation Regulations. Maharashtra State Board Rules and Regulations.
Mumbai University Act & Statutes.
Maharashtra Educational Laws and Service Rules.
NEP 2020 and educational reforms.
Excellent communication, management and leadership skills.
**Preferred Qualifications**
Experience in managing multiple educational institutions.
Administrative and legal compliance experience.
Knowledge of digital education systems and school ERP.
Experience in minority educational Institutions shall be preferred.
**Compensation**
Salary and benefits shall be commensurate with qualifications, experience and competence.
**How to Apply**
Interested candidates should submit:
Detailed Resume/Curriculum Vitae, Recent Passport Size Photograph, Copies of Educational Qualifications, Experience Certificates.
References (if any) within15 days from the date of publication of this advertisement.
**Applications should be addressed to:**
The Secretary : THE BORIVLI EDUCATION SOCIETY,
Sheth M.K. High School Compd., Factory Lane, Borivali (West), Mumbai- 400092.
Management reserves the right to accept or reject any application without assigning any reason.
(1235-B)

**સેલ્સમેન મિત્રો તથા હેલ્પરભાઈઓ**
તુરંત જોઈએ છે ક્રોકરી, થર્મોવેર, હોમ એપ્લાયન્સીસ, સ્ટે. સ્ટીલ, યુટેન્સીલ્સ હાઉસ હોલ્ડ પ્લાસ્ટિક વેર, બેડ એન્ડ બાથ તથા ગીફ્ટ નોવેલ્ટીઝ લાઈનનાં મહેનતી, ઈમાનદાર ઉં. વ. ૧૮ થી ૪૫ સુધીના અનુભવી/ બિનઅનુભવી સાંતાક્રુઝ, ચેમ્બુર, વિરારમાં આવેલ ત્રણેય શો રૂમ માટે સેલ્સમેન મિત્રો તથા હેલ્પર ભાઈઓ તુરંત જોઈએ છે. બે શીફટમાં ફક્ત આઠ કલાકની ડ્યુટી. ફ્રેશ (બિનઅનુભવી)ને એક સારા વાતાવરણમાં ટ્રેનિંગ આપવામાં આવશે. કોઈ જ્ઞાતિબાધ નથી. તે ઉપરાંત માર્કેટિંગ (કોર્પોરેટ ગીફ્ટ) માટે મુંબઈ તથા બહારગામ (ઓલ ઓવર ઈન્ડિયા) ફરી શકે તેવા અંગ્રેજી, હિંદી, ગુજરાતી તથા મરાઠી ભાષા જાણનાર ઈમાનદાર, મહેનતી નવ યુવાન મિત્રો તુરંત જોઈએ છે. સારો પગાર + પી.એફ. તથા સારી ફેસિલીટી. આગળ વધવાની એક સારી તક. તમારા સર્કલમાં અન્યોને પણ આ જાહેરાત વિશે જણાવશો. ઈન્ટરવ્યુનો સમય ૧ થી ૫. બાયોડેટા તથા ફોટોગ્રાફ સાથે રૂબરૂ સંપર્ક કરો. આ પૃથ્વી પર દરેક જીવમાત્રે શુભ, મંગલ, કલ્યાણ થાય તેવી શુભકામના. મહાવીર હોમ સ્ટોર, માચીસવાલા કંપાઉન્ડ, સ્ટે. રોડ, સાંતાક્રુઝ (વે.), મું-૫૪. અરવિંદ હરીયા - 9967024390, સુમીત ગાલા - 7506752375. (એસડીબી-૩૪૧૫)

## ૧૪. નોકરી ખાલી છે

**APMC, VASHI requires**
**Salesmen cum Accountant**
For Trading & Accounts. Fluency in English & Knowledge of Accounts must
Age - 20 years to 35 years
Salary - upto Rs.75000/-
: call Deep :
**8879691300**
OR Mail resume to
sales@shubhmlshah.com
(1237-A)

## ૧૫. નોકરીજોઈએછે

A WELL EXPERIENCED TYpist, knowing Independent Correspondence, Computer, Export Procedures, Complete Office Routine, seeks Part Time Job. Please Contact 9930461779 Gadadhar Chandra Das. (B-17866)

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લે (વેસ્ટમાં)**
પહેલે માળે ફર્નિશ્ડ 2 બેડરૂમ - 870' કાર્પેટ 3 બાથરૂમ - 2 ટોઈલેટ, 2 એસી, લીફ્ટ, ટૂંકા સમયગાળા માટે ભાડેથી આપવાનો:- 9819445558. (૧૨૧૬-એ)

**ચોપાટી, બાબુલનાથ**
**3, 4 બેડ ભાડેથી 3/5 વર્ષ માટે ગુજરાતી પરિવાર માટે તુરંત સોદો. ''નિમેષ સોની''- 9619927603. (૧૨૧૯-સી)**

**વિલેપાર્લે (વેસ્ટ) વેચાણથી**
ઈર્લા રોડ તેમજ KLS હોસ્પિટલ પાસે 3-બેડરૂમ- 890' અને 2- બેડરૂમ- 730' નવા બિલ્ડિંગમાં રેડી પઝેશન. ''નવકાર એસ્ટેટ'' - 9819117722. (જેપી/૪૫૬૯-એ)

**અંધેરી (ઈસ્ટ) વેચાણથી**
નાગરદાસ રોડ, 2 બેડરૂમ- 700' ફર્નિસ્ડ, પાર્કિંગ, 10 વર્ષ, OC. ''નવકાર એસ્ટેટ''- 8356990950. (જેપી/ ૪૫૬૯-બી)

**હિરાપન્ના**
હાજીઅલી- 3 BHK- ભાડેથી વરલી, સ્ટર્લીંગ એપાર્ટમેન્ટસ સી/ સીટી વ્યુ, ૧.૫ BHK બ્રીચકેન્ડી હોસ્પિટલ પાસે, 'રૂપાણી એસ્ટેટ' 96197 75855/ 98203 72950. (બી-૧૭૮૨૮)

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી/વેચાણથી લેવા-વેચવા 'પંકજ નરેન્દ્ર વોરા' 9321103249. (૧૨૦૮/એ)

**Kandivali West**
મથુરાદાસ રોડ પાસે ફ્લેટો ભાડે/ લેવા/ વેચવા- 9867932447. (બી-૧૭૮૫૪)

**દાદર (વેસ્ટ)**
૩ બેડરૂમનો ફ્લેટ ૧૩૧૫' કારપેટ, પોલીસ સ્ટેશન પાસે, હાયર ફ્લોર, ૩ પાર્કિંગ, જીમ, બેન્કવેટ હોલ, વોકિંગ ટ્રેક, કિંમત ૬.૨૫ કરોડ. સંપર્ક:- ''મીતી'' 8928904238. (બી-૧૭૮૩૨)

**દાદર**
કાલાચોકી 1.5 બેડ 480 (1.75), 50 દાદર પોર્ટુગીઝ ચર્ચ 3 બેડ 1650' (7.50), 3 બેડ 1050' (5.50), 3 બેડ 850' (4), 800' (3.75) 2.5 બેડ 700' (2.75), 2 બેડ 750' (2.50), 2 બેડ 525' (3), 2 બેડ 435' (168) 1 બેડ 450 (2.30), 1 બેડ 600' (2.60) 550' (2.50) 1 બેડ જોડી 820 (4) સીંગલ 410 (1.90) દાદર વેસ્ટ રીડેવલોમેન્ટ 1 બેડ 450' પછી 2 બેડ 600' રેન્ટ (70) રેડી પઝેશન (2.40) દાદર ઈસ્ટ 2 બેડ 800' (3) લીવ લાયસન્સ 1/2/3/4 બેડ 4000' 11 લાખ) 5 બેડ 6500' (8.5) લાખ ફરનીશ લેવા-વેચવા જય જિનેન્દ્ર- લક્ષ્મીચંદ સંગોઈ 9223222537. (બી-૧૭૮૬૨)

## ૧૭. જગ્યા આપવી છે

**વાલ્કેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચકેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો/ કોમર્સીયલ લેવા/ વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૪૦૧)

**હિરા પન્ના**
હાજીઅલી, 3 BHK સી/ સીટી વ્યુ, ભાડે આપવાનો છે, 'અમર રૂપાણી' 9820372950/ 'રીતેષ' 96197 75855. (બી-૧૭૮૬૩)

■ **સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૩૪/સી)**

**અંધેરી (વેસ્ટ)**
3 BHK ગ્રીન કોર્ટ (4 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK ભાડેથી (1.80 અને 2.25 લાખ), 1 RK પાર્લા (વેસ્ટ) (1.20 કરોડ), તથા લલ્લુભાઈ પાર્ક, ઇર્લા, એસ. વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ-જુહુસ્કીમ લીવલાયસંસથી. ''ગૌતમ જોશી'' 9322236433 - 9821069632. (૧૨૨૦-એ)

**રેન્ટ એગ્રીમેન્ટ**
રૂપિયા 800માં ઘરેબેઠા કરીશું 9167739876/ 8451922872. (૧૨૦૬-એ)

**વિલેપાર્લા: (ઈસ્ટ)-(વેસ્ટ)-જુહુમાં:**
૧ થી ૫ બેડનાં ફ્લેટો, દુકાનો, ઓફીસો - ગોડાઉન લેવાં / વેચવા - 9869463304, 7738151065. (બી-૧૭૮૧૯)

**બોરીવલી વેસ્ટ**
એક્સર રોડ, 3 બેડરૂમ, નવા ટાવરમાં હાયરફ્લોર વેચાણથી. સંપર્ક - 9821231563. (૧૨૧૪-ડી)

**ચોપાટી, બાબુલનાથ**
**4 બેડ ખરીદવા માટે બજેટ - 30થી 40 કરોડ સીવ્યુ + પાર્કિંગ મસ્ટ. ''નિમેષ સોની'' - 9619927603. (૧૨૧૯-એ)**

**સાંતાક્રુઝ વેસ્ટ**
સ્ટેશન નજીક દેરાસર 2 બેડ ભાડેથી વેલ ડન અપ 7045622403. (બી-૧૭૮૨૯)

**ખાર/શાંતાક્રુઝ**
**3 બેડરૂમ ૧૧૫૦', ૪ બેડરૂમ ૧૫૨૫'/ ૧૮૦૦', ૬ બેડરૂમ ૨૩૦૦' તદ્દન નવા બિલ્ડિંગમાં, પોશ લોકેશન, ઓ. સી. સાથે તુરંત વેચવાના. ફોન:- 9867153377. (બી-૧૭૮૩૩)**

**ચેમ્બુર (ઈસ્ટ)**
**HUB TOWN SEASON માં READY POSSESSION 4 બેડરૂમ (8 કરોડ):- 9820124414. (૧૨૩૪-એ)**

**વિલેપાર્લા (વેસ્ટ)**
વેચાણથી 3 બેડરૂમ, બજાજ રોડ, કાર પાર્કિંગ સાથે, 1120' કાર્પેટ નવું બિલ્ડિંગ, 9મા માળે, વાસ્તુ પ્રમાણે, ઈસ્ટ વેસ્ટ ઓપન. સંપર્ક: 9324512690/ 9821165431. (બી-૧૭૮૬૭)

**પાર્લા વેસ્ટ**
2 બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ, ઈલેક્ટ્રોનિક્સ સાથે વેજીટેરિયન સ્ટુડન્ટ/ ફેમિલીને ભાડેથી આપવાનો છે. ધર્મેશ પારેખ 9892701450. (એસડીબી-૩૪૧૬)

**તારદેવ**
ત્રણ બેડરૂમ (૧૧૦૦ કાર્પેટ) (ફૂલ્લી ફર્નિશ્ડ) (પાર્કિંગ) ૬૫૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૪૧૮)

**બોરીવલી (વેસ્ટ)**
**લીવ લાયસન્સથી - એલ. ટી. રોડ, 2 બેડરૂમ નવું બિલ્ડિંગ (56,000/- ભાડું,/ 2,00,000/-) આશર એસ્ટેટ 9820010600. (૧૨૩૬-એ)**

**બોરીવલી (વેસ્ટ)**
**ચંદાવરકર રોડ, હાયર ફ્લોર 2 બેડરૂમ, 650' કારપેટ, ત્રણ સાઈડ ઓપન (1 કાર પાર્કિંગ) વેચાણથી આપવાનો. સમીરભાઈ (ઓનર) 9924200750. (૧૨૩૫-એ)**

**TRUMP TOWER**
Marqees. Lodha Park. Corporate Direct Client Req Outright @ Market Rate Duplex or Jodi Flat. Broker Excuse. 9821036552 / 9920655056. (1231-C)

**READY POSSESSION DIRECT Owner Sale - Avant Heritage III, JVLR - 2 BHK, 517 Sq. Ft. RERA Carpet with Balcony and 1 Car Parking. Connectivity to WEH, JVLR, Metro and Mumbai Airport. Price 1.70 Cr + Transfer Charges. Genuine Buyers Only. Contact: +91 98690 67584. (B-17842)**

**BANDRA / KHAR / SANTACRUZ**
3/4 BHK Luxurious Homes, Greenery View, with O.C. "Big Deal Realty". 'Prem Batra' 9820065757 'Bipin' 9820047773. (B-17847)

**SANTACRUZ (WEST)**
3 BHK on Rent, Carpet 1050 + Pocket Terrace + Fully Furnished + 2 Parking, Near Poddar School, Rent 2 Lakh, Deposit 4 Months. Ready Possession Contact - Satyawan 9820186496. (B-17869)

## ૧૭. જગ્યા આપવી છે

**KANDIVALI EAST**
**2 Bedroom Sale, Higher Floor, Main Road Facing, Excellent View, Metro Station, WEH 5 Minutes away. Very Reputed Builder. Owner: 9820552323. (1173-E)**

**MULUND WEST**
**Yogi Hills, Hill View**
**Furnished 3 BHK, 1000 sq. ft., 3rd Floor, 7 Storey Building, 1 Car Parking, For Sale Rs. 2.50 cr. negotiable. Only Serious buyers**
**Call: 9819993091 / 9921028593**
(1238-A)

**ANDHERI WEST**
Urgently Sale 3 BHK Ready New Bldg Near Jain Temple - 2.90 Cr. all in. 9869070123 / 9167723483. (1233-A)

## ૧૮. જગ્યા જોઈએ છે

**WANTED APARTMENT**
A reputed company's Director is seeking a very spacious apartment for immediate possession
**Property Requirement :**
- **Location** : Preferably **Worli, Prabhadevi, Mahalaxmi, Warden Road, Parsi Colony-Dadar (E), Matunga (E)** etc.
- **Carpet Area** : Approximately **5,000 to 10,000 Sq. Feet**
- **Parking Requirement** : Minimum 5 Parking Spaces
- **Floor Preference** : Higher Floor to ensure beautiful, uninterrupted view
- **Building Age** : **5 to 10 years old or New**
- **Neighbourhood** : Good Locality with clean surroundings
- **Immediate Possession is preferred.**

**Kindly share the full details on**
**Whatsapp : 90761 11365**
E-mail: mansishah300626@gmail.com
(SDBG-3419)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
રૂષભ ઉપાધ્યાય **9049625073**
હિતેષ ઉપાધ્યાય **9326470109**
(એસડીબી-૩૪૧૧)

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

**ગ્રાન્ટરોડ ઈસ્ટ**
300' દુકાન એટેચ્ડ બાથરૂમ સાથે 65,000/- ભાડેથી. સંપર્ક 9819569698. (૧૨૩૩-સી)

**ઠાકુરદ્વાર ચર્નીરોડ**
325' દુકાન એટેચ્ડ વોશરૂમ સાથે 65,000/- ભાડેથી. 9819569698. (૧૨૩૩-સી)

**બોરીવલી - કાંદિવલી**
જોઈએ 150 - દુકાન 40,000 ભાડે. 1 મહિનાની દલાલી મળશે. 9819569698. (૧૨૩૩-ઈ)

**અંધેરી - વર્લી**
જોઈએ 1800' કોમર્શિયલ ગાલા / ઓફિસ ગ્રાઉન્ડ ફ્લોર ઉપર, વેચાણથી - બજેટ 6-7 કરોડ. 9819569698. (૧૨૩૩-ઈ)

**નેપયન્સી રોડ**
780' કોમર્શિયલ જગ્યા પહેલા માળે 3 લાખ ભાડેથી. યોગા/ પિલાટે/ ક્લાસીસ/ ડિઝાઈનર યોગ્ય. 9819569698. (૧૨૩૩-ઈ)

**LODHA SIGNET**
DR Enclave Lower Parel Required Office for our Genuine Client at Market Rate for Outright. Callyatri 7045514104 / Raj 9820855056. (1214-C)

REQUIRE ON RENT 100 Feet Farsan Shop at Malad, Vashi, Masjid Bunder, Dadar & Ghatkopar 9821156360. (SDB-3417)

## ૨૩. મનોરંજન

**બજેટથી પ્રાર્થનાસભા, લગ્નગીત**
સંગીત સંધ્યા, સાંજી, ભજન Babyshower, Anniversary મનસુખભાઈ 9326801860. (૧૨૨૮-ડી)

**પ્રાર્થના-4500/-**
દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયા- 9820889938. (૧૨૧૬-સી)

# શોએબ અખ્તર અને મોહંમદ આસિફ ભારતમાં ડ્રગ્સ લાવતા

## કેન્દ્રીય ગૃહ ખાતાના ભૂતપૂર્વ કર્મચારીના દાવાથી ખળભળાટ

નવી દિલ્હી: પાકિસ્તાન ક્રિકેટ ટીમના ખેલાડીઓ અને પ્રતિનિધિમંડળ વર્ષ ૨૦૦૬-૦૭માં ભારતના પ્રવાસે આવ્યા હતા ત્યારે તેઓ ડ્રગ્સ ટ્રાફિકિંગ કરતા હતા એવો સનસનાટીપૂર્ણ ખુલાસો કેન્દ્રના ગૃહ ખાતાના ભૂતપૂર્વ અન્ડર સેક્રેટરી આર. વી. એસ. મણીએ કર્યો હતો.

આ મામલે પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટર અને ફાસ્ટબૉલર શોએબ અખ્તર તેમ જ મોહંમદ આસિફનું નામ આપીને તેમણે સનસનાટી મચાવી દીધી છે. તેમણે કહ્યું હતું કે શોએબ અખ્તર સહિત પાકિસ્તાનની ટીમના અન્ય ખેલાડીઓ અને પ્રતિનિધિમંડળના સભ્યો જ્યારે પણ ભારતના પ્રવાસે આવતા ત્યારે તે ડ્રગ્સનું કન્સાઈનમેન્ટ લઈને આવતા હતા.

આમાં આઈએસઆઈનો હાથ હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે આતંકવાદ ફંડિંગનો ૩૦ ટકા હિસ્સો ડ્રગ ટ્રાફિકિંગ મારફતે આવે છે.

આર. વી. એસ. મણી વર્ષ ૨૦૦૬થી વર્ષ ૨૦૧૦ દરમિયાન ગૃહ ખાતાના આંતરિક સુરક્ષા વિભાગમાં અન્ડર સેક્રેટરી હતા.

વર્ષ ૨૦૧૩માં તેમણે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી તે સમયે તેઓ શહેરી વિકાસ ખાતામાં અન્ડર સેક્રેટરી હતી. ■

## ૨૩. મનોરંજન

**નાટક-મ્યુઝિકલ**
પિક્ચર-સોશ્યલ 16 ગ્રુપો: મુંબઈ, પાર્લા-મલાડ-બોરીવલીમાં: ફ્રીમાં મેમ્બરશીપ- 9322279451. (૧૨૩૧-એ)

**બજેટથી પ્રાર્થનાસભા, લગ્નગીત**
સંગીત સંધ્યા, સાંજી, ભજન સંધ્યા, KARAOKE PROGRAMS, ANNIVERSARY. ''હિતેશભાઈ'' (સપ્તક બીટ્સ) - 9820056640/ 8369259116. (૧૨૨૮-એ)

■ વર્ષના 3000 (વ્યક્તિદીઠ) કુલ 10 પ્રોગ્રામ, અત્યારે માત્ર 1000 ભરીને તમારી મેમ્બરશિપ મેળવો. 9619538663, 9820419608. (બી-૧૭૮૩૬)

## ૨૫. શૈક્ષણીક

**हिंदुस्तानी प्रचार सभा**
**उर्दू कक्षाएँ**
अगस्त 2026 बैच हेतु प्रवेश जारी
- कक्षाएँ अगस्त 2026 से प्रारम्भ
- आयु की कोई सीमा नहीं
- उर्दू पढ़ना, लिखना और बोलना सीखें
- सभी इच्छुक विद्यार्थियों के लिए खुला

**प्रवेश एवं जानकारी हेतु संपर्क करें:**
**9833012627**
एम.जी.एम. बिल्डिंग,नेताजी सुभाष रोड, चरनी रोड, मुंबई – 400002
(B-17870)

## ૨૭. ઔષધ ઉપચાર

**કેબી ધોરમનો ધોરમ મલમ**
**ગુદાના ગુમડા, હરસ, ખસ, દાદર, ખરજવું, વાઢીયા, કરોળિયાનો આયુર્વેદિકમાં ઉપલબ્ધ કેબી ધોરમ વાંચી ખરીદવું. બોરીવલી 9820756510, દહિસર 9321611838, કાંદિવલી 7506655512, મુંબઈ 9820040824, મુલુંડ 9029676712. (૧૧૮૬-એ)**

## ૩૧. નાણાંકીય

**ભાનુલક્ષ્મી ઈન્વેસ્ટમેન્ટ,**
**9324654625**
શેરની તેજીમંદીના રોજના ટ્રેડિંગમાં નફાની સંપૂર્ણ ખાતરીથી રોજ કમાવો. (એસડીબી-૩૪૧૦)

## ૩૨. જમીન-મિલકત

**શાહપુર**
**૪ ઓપન એન.એ. બંગલોસ પ્લોટ બધી સગવડતા સાથે વેચાણથી આપવા છે. 8879772310/ 9820127295. (એસડીબી-૩૪૦૮)**

**રાજકોટમાં પ્લોટ જોઈએ છે**
**રાજકોટ આસપાસના ગામના સર્વે નંબરમાં કાલાવડ રોડ, વડવાજડી, વિરડાવાજડી, હરીપર, ઈશ્વરીયા, વાગુદળ, અમરેલી, મોટાવડા, દેવગામ, છાપરા તેમજ મોરબી રોડ, હડાળા, રતનપર, કાગદડી, ખોરાણા, જાળીયા, તેમજ કુવાડવા રોડ, નાગલપર, પિપડીયા ગામના સર્વેમાં વેચવા મળો: કિર્તીભાઈ કંસારા. મો. 98251 60974, 70467 10111. (બી-૧૭૮૩૮)**

**ભિવંડી**
ભાડે લાગેલા વેરહાઉસમાં રોકાણ કરો, મેળવો 9% વાર્ષિક ભાડાની આવક 9594032111 ભદ્રેશ શાહ. (૧૨૧૪-એ)

**ખાર પશ્ચિમ**
**૧૪૫ એસ. વી. રોડ વેચાણ માટે પ્લોટ મોહમ્મદ વડગામા ૯૮૧૯૭૯૪૨૬૬ / ૯૮૩૩૯૭૦૧૩૮. (૩૫૪)**

## ૩૩. ધંધાદારી

**1,00,00,000નો**
મેડીકલેમ રૂપિયા 21649 બીમારી કવર, 100 વર્ષ સુધી એન્ટ્રી 9167739876. (૧૨૦૬-સી)

**પ્રોપર્ટી વેલ્યુએશન**
**સોસાયટી ફોર્મેશન**
**PR કાર્ડ / CTS પ્લાન**
**પ્રોપર્ટી ટેક્સ**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૭૮૦૫)

■ ભારત સરકારની ઉદારતાનો લાભ લો. પેટ્રોલપંપ, એરપોર્ટ, બેંક, વિમા કંપની, રેલ્વેમાં સોનેરી તક TCA 9377992110, 9867510027. (બી-૧૭૮૬૮)

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

CELEBRATING 56TH ANNIVERSARY
**SALE**
FLAT **50% OFF**
On Selected Products
**સોફા-કર્ટન ફેબ્રિક્સ, બેડશીટ્સ-બાથ લિનન**
અને અન્ય હોમ ડેકોરેટીવ આઈટમ
TRUSTED SINCE 1971
**OSAKA**
SPIRIT OF FURNISHINGS
OSAKA FURNISHINGS LIMITED
બોરીવલી (વે) : પોઈસર બસ ડેપોની બાજુમાં, એસ.વી. રોડ. 9769255255 / 9372707524 / 25
વિલેપાર્લે (વે) : દશરથલાલ જોશી માર્ગ (સ્ટેશન રોડ) 9167444172 www.osakafurnishings.in
Conditions apply
(બી-૧૭૮૩૧)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' : ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૨૨૧-એ)

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદીવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૨૦૪-સી)

## ૫૨. કુરીઅર્સ

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૮૫૯)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# ઇ-૨૦ ઈંધણથી માઈલેજ નથી ઘટતું: આઈઆઈટી કાનપુરે દાવો કર્યો

કાનપુર: પેટ્રોલમાં ૨૦ ટકા ઇથેનોલ ઉમેરવામાં આવ્યા બાદ વાહનચાલકોના મનમાં અનેક પ્રકારના સવાલો અને આશંકાઓ છે. સામાન્ય લોકોમાં ચર્ચા છે કે આ નવું ઇંધણ (ઇ-૨૦) વાહનની માઇલેજ ઘટાડી રહ્યું છે અને એન્જિનને નુકસાન થવાનું જોખમ વધારી રહ્યું છે. આઇઆઇટી કાનપુરની એન્જિન રિસર્ચ લેબના પ્રોજેક્ટ સાયન્ટિસ્ટ ડો. ધ્રુવરાજ કરાનાએ આ બધી ચિંતાઓ અને ગેરમાન્યતાઓને સંપૂર્ણપણે ફગાવી દીધી છે. આઇઆઇટી કાનપુરની રિસર્ચ ટીમે મંગળવારે દાવો કર્યો હતો કે તેમના અભ્યાસમાં ઇંધણ કાર્યક્ષમતામાં કોઈ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો નથી અને એવા ''કોઈ પુરાવા'' મળ્યા નથી કે ઇ-૨૦ હાલના કે જૂના વાહનોમાં એન્જિનને નુકસાન પહોંચાડે છે.

આ પરિણામો છેલ્લા સપ્તાહમાં ઓઇલ મંત્રાલયના સ્પષ્ટીકરણ બાદ આવ્યા છે જેમાં કહેવામાં આવ્યું હતું કે ઇ-૨૦ કેટલાક વાહનોમાં માઇલેજને પાંચ ટકા સુધી ઘટાડી શકે છે, પરંતુ તેના અનેક ફાયદાઓ છે જે આ નુકસાન કરતા અનેકગણા વધુ છે જેમ કે કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો. આઇઆઇટી - કાનપુરના મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગની એન્જિન રિસર્ચ લેબોરેટરીના પ્રોજેક્ટ સાયન્ટિસ્ટ ધ્રુવ રાજ કરાનાએ દાવો કર્યો હતો કે સંસ્થામાં હાથ ધરાયેલા સંશોધન મુજબ ઇ-૨૦ ઇંધણથી ઇંધણ કાર્યક્ષમતામાં પાંચ ટકાથી ઓછો ઘટાડો થયો છે. તેમણે જણાવ્યું હતું કે પાંચ ટકા સુધીનો આ ઘટાડો ઇંધણ સિવાયના અન્ય પરિબળોને કારણે હોઈ શકે છે અને ''જો શુદ્ધ પેટ્રોલ સાથે વારંવાર પરીક્ષણો કરવામાં આવે તો પણ'' સમાન પરિણામ મેળવી શકાય છે. કરાનાએ વધુમાં જણાવ્યું હતું કે ''વ્યાપક પરીક્ષણ'' દર્શાવે છે કે ઇ-૨૦ એન્જિનને નુકસાન, કાટ કે અન્ય તકનીકી સમસ્યાઓ થતી નથી.

(એજન્સી)■

# ઘાસચારા કૌભાંડ: લાલુ યાદવના જામીન મંજૂર

નવી દિલ્હી: ઘાસચારા કૌભાંડ સંબંધિત કેસને મામલે રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના વડા લાલુ પ્રસાદ યાદવના જામીન મંજૂર કરતા ઝારખંડ હાઈ કોર્ટના ચુકાદામાં દખલગીરી કરવાનું સુપ્રીમ કોર્ટે મંગળવારે નકારી કાઢ્યું હતું.

ન્યાયાધીશ એમ. એમ. સુંદરેશ અને પી. બી. વારાલેની બનેલી ખંડપીઠે કેસને મામલે અનિર્ણિત પડેલી અરજીની તાકીદે સુનાવણી કરવાનું અને બની શકે તો છ મહિનાની અંદર તેનો નિકાલ લાવવાનું હાઈ કોર્ટને જણાવ્યું હતું. ખંડપીઠ જુલાઈ ૨૦૧૯ના હાઈ કોર્ટના ચુકાદાને પડકારતી સીબીઆઈની અરજીની સુનાવણી કરી રહી હતી.

લાલુ યાદવના જામીન મંજૂર કરતા હાઈ કોર્ટના ચુકાદાને સીબીઆઈએ એમ કહીને પડકાર્યો હતો કે ટ્રાયલ કોર્ટે આપેલા ચુકાદાને હાઈ કોર્ટે ભૂલથી રદ કર્યો હતો અને ઘાસચારા કૌભાંડ સંબંધિત એક કેસને મામલે લાલુને જામીન પર મુક્ત કર્યા હતા. બિહારના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન લાલુ યાદવને ૮૯ લાખ રૂપિયાની ઉચાપત સંબંધિત દેવગઢ ટ્રેઝરી કેસને મામલે દોષી જાહેર કરવામાં આવ્યા હતા. સીબીઆઈની વિશેષ અદાલતે લાલુ યાદવને દોષી જાહેર કર્યા હતા અને સાડાત્રણ વર્ષની જેલની સજા આપી હતી. હાઈ કોર્ટે એમ કહીને લાલુની સજા રદ કરીને જામીન મંજૂર કર્યા હતા કે તેમણે કુલ સજામાંથી અડધી સજા પૂરી કરી લીધી હતી. (એજન્સી) ■

# હોર્મુઝમાં સતત વધતા હુમલા વચ્ચે ક્રૂડ ઑઈલના ભાવમાં ઉછાળાને કારણે મંદીવાળા હાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ એશિયામાં ફરી આક્રમક હુમલા શરૂ થવાને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં આવેલા તીવ્ર ઉછાળાથી રોકાણકારોના સેન્ટિમેન્ટ પર પડેલી નકારાત્મક અસર વચ્ચે મંગળવારે શેરબજારના બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી નેગેટીવ ઝોનમાં ધકેલાયો હતા. નવા વિદેશી ભંડોળના પ્રવાહ અને ઘટતા રૂપિયાને કારણે પણ બજારો પર દબાણ આવ્યું હતું.

સેન્સેક્સ દિવસ દરમિયાન, તે ૬૧૪.૯૨ પોઈન્ટ અથવા ૦.૭૯ ટકા ઘટીને ૭૭,૦૦૧.૪૮ની નીચી સપાટીને અથડાયા બાદ અંતે ૫૬૧.૪૬ પોઈન્ટ અથવા ૦.૭૨ ટકા ઘટીને ૭૭,૦૫૪.૯૪ પર સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૧૫૮.૯૫ પોઈન્ટ અથવા ૦.૬૬ ટકા ઘટીને ૨૪,૦૫૨.૦૫ની સપાટી પર બંધ થયો હતો. માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું કે, એશિયામાં વધતા તણાવને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર વધારો થયો હોવાથી સ્થાનિક ઇક્વિટી નવા દબાણ હેઠળ આવી, વૈશ્વિક ઊર્જા પુરવઠામાં વિક્ષેપથી ભારતના કોર્પોરેટ કમાણીમાં રિકવરીમાં વધુ વિલંબ થવાની આશંકા ફરી જાગી હોવાથી વેચવાલીનું દબાણ વધ્યું. રૂપિયાના મૂલ્યમાં ૯૬ ડોલરના સ્તરને પાર થવાથી આ પીડા વધી ગઈ હતી, જેના કારણે આયાતી ફુગાવા અંગે ચિંતા વધી હતી. સેન્સેક્સ પેકમાંથી, એચસીએલ ટેક સૌથી વધુ ૪.૪૨ ટકા તૂટ્યો હતો. બજાજ ફિનસર્વ, ઇન્ટરગ્લોબ એવિએશન, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને લાર્સન એન્ડ ટુબ્રો પણ મુખ્ય ઘટાડામાં સામેલ હતા. ભારતી એરટેલ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, સન ફાર્મા, ટાટા સ્ટીલ, અદાણી પોર્ટ્સ અને ઇટર્નલ સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૪.૨૬ ટકા વધીને ૮૬.૮૫ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

પ્રાઇમરી માર્કેટમાં સોટેફિન ભારત લિમિટેડનો રૂ. ૮૯.૭૬ કરોડનો બુક બિલ્ટ ઇશ્યૂ, ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ બંધ થશે. પ્રાઇસ બેન્ડ પ્રતિ ઇક્વિટી શેર રૂ. ૧૭૮થી રૂ. ૧૮૭ નિર્ધારિત થઇ છે, જેમાં ૬૦૦ શેરના સિંગલ લોટ માટે લઘુત્તમ રિટેલ રોકાણ રૂ, ૨,૨૪,૪૦૦ છે. કંપની ટર્નકી ધોરણે ઓટોમેટેડ અને મિકેનાઇઝ્ડ પાર્કિંગ સોલ્યુશન્સમાં નિષ્ણાત છે, જેમાં રોબોટિક, પઝલ, ટાવર અને સ્ટેક પાર્કિંગ સિસ્ટમનો સમાવેશ થાય છે. કંપનીનો માર્કેટ શેર લગભગ ૯૦ ટકા છે. એ જ રીતે, કેલિબર માઇનિંગનો રૂ. ૪૫૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ અને એનએસઇ, બીએસઇ પર લિસ્ટિંગ ૨૪ જુલાઈએ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૪૦૨થી રૂ. ૪૨૪ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૩૫ શેરની છે.

કોર્પોરેટ હલચલમાં એસબીઆઇ ફંડનો આઇપીઓ મંગળવારથી ખૂલી ગયો છે, એ પહેલા કંપનીએ એન્કર ઇન્વેસ્ટર પાસેથી રૂ. ૨,૬૬૩ કરોડ એકત્ર કર્યા છે, એસબીઆઇ આ કંપનીમાંથી ૬.૩ ટકા સ્ટેક વેચી રહી છે. ચંદન હેલ્થકેર લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પહેલા ક્વાર્ટરમાં રૂ. ૪૮.૬૭ કરોડની અનઓડિટેડ ઓપરેટિંગ આવક નોંધાવી હતી, જે વર્ષ અગાઉના પહેલા ક્વાર્ટરના રૂ. ૩૫.૮૮ કરોડ સામે વાર્ષિક ધોરણે ૩૫.૬૪ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. તેની પેટાકંપની, ચંદન ફાર્મસી લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પહેલા ક્વાર્ટરમાં ૧૩.૬૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૨.૩૩ કરોડની અનઓડિટેડ ઓપરેટિંગ આવક નોંધાવી છે.

જ્યુબિલન્ટ ફૂડવકર્સને રૂ. ૪૬.૯૦ કરોડની જીએસટી ડિમાન્ડ નોટીસ મળી છે. ટાટા મોટર્સે કમર્શિઅલ વ્હીકલ ફાઇનાન્સિંગ માટે યુકો બેન્ક સાથે સહયોગ સાધ્યો છે. વિવિડ ઇલેક્ટ્રોમેક લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પહેલા ક્વાર્ટરમાં રૂ. ૩૨.૬૮ કરોડની આવક નોંધાવી છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા ક્વાર્ટરના રૂ. ૨૪.૦૫ કરોડ સામે ૩૬ ટકાનો વધારો દર્શાવે છે. ઓર્ડર પાઇપલાઇન રૂ. ૨૧૦ કરોડન સ્તરે છે. ડેટા સેન્ટર્સ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, નવીનીકરણીય ઉર્જા અને ઔદ્યોગિક પ્રોજેક્ટ્સમાં કાર્યરત આ કંપની ક્ષમતા કરી રહી છે. એચસીએલ ટેકનોલોજીએ શેરદીઠ રૂ.૧૨ના વચગાળાના ડિવિડંડની જાહેરાત કરી છે. આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ એએમસીનો એપ્રિલથી જૂન ત્રિમાસિક સમયગાળાનો નફો ૨૩ ટકાના વધારા સાથે રૂ. ૯૬૫ કરોડ નોંધાયો હતો. ટાટા કેપિટલ કેરળની યોગક્ષેમમ લોનનો મેજોરિટી સ્ટેક મેળવીને ગોલ્ડ લોન બિઝનેસમાં પ્રવેશી રહી છે. કોટક મહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ કંપનીએ, એક દિવસમાં એક સંસ્થા દ્વારા એકત્રિત કરાયેલા મહત્તમ રક્ત યુનિટ માટે એશિયા બુક ઓફ રેકોર્ડ્સ અને ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું છે. કંપની દેશવ્યાપી બ્લડ ડોનેશસન ઝૂંબેશ ચલાવી છે અને ૨૦૨૬માં કંપનીએ ૧૧૪ લોકેશનમાંથી ૩૪૭૧ યુનીટ રક્ત એકત્ર કર્યું છે.

# સેબી પાસે નવ દિવસમાં પચીસથી વધુ ડીઆરએચપી ફાઇલ થયા

મુંબઇઃ કેપિટલ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્ચેન્જ બોર્ડ (સેબી) પાસે પહેલી જૂનથી નવમી જૂન સુધીમાં અંદાજે પચ્ચીસ કંપનીઓએ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ (ડીઆરએચપી) ફાઇલ કરાવ્યા છે. હોર્મુઝ સ્ટ્રેઇટમાં ઇરાન અને અમેરિકા વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું હોવાથી સેકન્ડરી માર્કેટમાં મંદીનો મહોલ હોવા છતાં પ્રાઇમરી માર્કેટમાં સારો સળવળાટ જોવા મળ્યો છે.

આમાની કેટલીક કંપનીઓને સેકન્ડરી માર્કેટમાં લિસ્ટિંગ વખતે સારો પ્રતિસાદ પણ મળ્યો છે. સેબી પાસે ઉપરોક્ત નવ દિવસ દરમિયાન ડીઆરએચપી જમા કરાવનાર કંપનીઓમાંથી કેટલીક કંપનીઓના જાહેર ભરણાં પણ મૂડીબજારમાં પ્રવેશી ચૂક્યા છે અને કેટલીક કંપનીઓ રોડ શોની તૈયારીમાં છે. આ કંપનીઓમાં નેશનલ સ્ટોક એક્સચેન્જ અને જીઓ પ્લેટફોર્મના આઇપીઓઓની બજારમાં ખાસ રાહ જોવાઇ રહી છે.

અન્ય કંપનીઓમાં લેસર પાવર, આરોહણ, મતાંગી રબબર, પુષ્પ બ્રાન્ડ, ઝેપ્ટો, આસ્થા સ્પિન્ટેક્સ, પાયોનિયર, કેલિબર, પારસહેલ્થકેર, વરમોરા ગ્રેનીટો, સ્કાય એલોય્ઝ એન્ડ પાવર, ઓરવેલ સ્ટે, સોશિયલ વગેરેનો સમાવેશ થાય છે. ટેક્નોલોજી આધારિત મેન્યુફેક્ચરિંગ પ્લેટફોર્મ ઝેટવર્ક મેન્યુફેક્ચરિંગ બિઝનેસ લિમિટેડે તેના પ્રસ્તાવિત જાહેર ભરણા (આઇપીઓ) માટે સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)ની મંજૂરી મેળવી લીધી છે. આ ઓફરિંગમાં ફ્રેશ ઇશ્યૂ તથા વર્તમાન શેરધારકો દ્વારા ઓફર ફોર સેલનો સમાવેશ થવાની સંભાવના છે. કંપનીના વર્તમાન રોકાણકારોમાં ખોસલા વેન્ચર્સ, બેલી ગિફોર્ડ, રાકેશ ગંગવાલ, એક્સેલ, પીક એક્સવી, ગ્રીન ઓક અને લાઇટસ્પીડ સામેલ છે. કંપની ઇન્ડસ્ટ્રીયલ માગને સપ્લાયર્સ અને મેન્યુફેક્ચરિંગ એકમોના ડિસ્ટ્રિબ્યુટેડ નેટવર્ક સાથે જોડે છે. કંપનીનો બિઝનેસ એનર્જી, ઇલેક્ટ્રોનિક્સ, ડિફેન્સ, એરોસ્પેસ અને કેપિટલ ગુડ્સ સહિતના ક્ષેત્રોમાં ફેલાયેલો છે તેમજ આ પ્લેટફોર્મ ઇન્ડસ્ટ્રીયલ સપ્લાય અને રો મટિરિયલ પ્રોક્યોરમેન્ટ ઉપર પણ કેન્દ્રિત છે.

# મથકો પાછળ ખાંડમાં ₹ ૩૦થી ૪૦નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૦ના ઉછાળા સાથે રૂ. ૪૧૩૦થી ૪૧૮૦માં થયાના પ્રોત્સાહક ઓવરનાઈટ અહેવાલ હતા.

તેમ જ આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૩૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૩૦થી ૪૦નો ઉછાળો આવ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૫ની તેજી આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની પણ ખપપૂરતી માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

જોકે, મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલે આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૦ની તેજી સાથે રૂ. ૪૨૩૨થી ૪૩૨૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૦ અને ઉપલા મથાળેથી રૂ. ૩૦ની તેજી સાથે રૂ. ૪૩૪૨થી ૪૪૨૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

# વૈશ્વિક સોનું બે સપ્તાહની નીચી સપાટીએથી પાછું ફર્યું

## સ્થાનિક સોનામાં ₹૩૦૬નો ઘટાડો, ચાંદી ₹ ૧૨૫૩ વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક બજારમાં ગઈકાલે સોનાના ભાવ અંદાજે ત્રણ ટકા ઘટીને બે સપ્તાહના તળિયે પહોંચ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. આમ લંડનના પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨૫૩નો સુધારો આવ્યો હતો. જોકે, સોનામાં સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં વિશ્વ બજારથી વિપરીત ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૫થી ૩૦૬નો ઘટાડો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૨૫૩ વધીને રૂ. ૨,૧૯,૯૭૫ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં વધુ ભાવઘટાડાના આશાવાદને કારણે સ્ટોકિસ્ટો અને રોકાણકારોનો નવી લેવાલીમાં નિરુત્સાહ તેમ જ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ પાંખી રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૫ ઘટીને રૂ. ૧,૪૧,૩૧૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૦૬ ઘટીને રૂ. ૧,૪૧,૮૮૨ના મથાળે રહ્યા હતા.

ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે સોનાના ભાવ ઘટીને ગત પહેલી જુલાઈ પછીની નીચી સપાટી સુધી પહોંચ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ભાવ ઘટ્યા મથાળેથી ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૪૦૨૧.૩૮ ડૉલર આસપાસ અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૬ ટકા વધીને ૪૦૨૯.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૫૭.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સમાં તેજી અટકતા સોનાના સુધારાને ટેકો મળ્યો હોવાનું એક્ટિવ ટ્રેડના વિશ્લેષક રિકાર્ડો ઈવાન્જેલિસ્ટાએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે ડૉલર ઈન્ડેક્સમાં ૦.૨ ટકાનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે મોડી સાંજે અમેરિકાના જૂન મહિનાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટાની થનારી જાહેરાત તેમ જ અમેરિકી ફેડરલ રિઝર્વ કેવિન વાર્શનાં અમેરિકી કૉંગ્રેસ સમક્ષનાં ટેસ્ટીમનીના વક્તવ્ય પર રોકાણકારોની નજર હોવાથી તેઓએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

જો આજે જાહેર થનારો ફુગાવો ૩.૮ ટકા આસપાસની સપાટીએ રહેશે તો અમેરિકી ફેડરલ રિઝર્વ તંગ નાણાનીતિ અપનાવશે અને સોનાના ભાવ વધુ દબાણ હેઠળ આવે તેવી શક્યતા ઈવાન્જેલિસ્ટાએ વ્યક્ત કરી હતી. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ક્રૂડતેલના ભાવ ચાર સપ્તાહની ઊંચી સપાટી સુધી વધી આવતાં ફુગાવામાં વધારો થવાની ભીતિને કારણે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ભીતિ સપાટી પર આવતાં સોનાના ભાવમાં એક મહિનાનો સૌથી મોટો ત્રણ ટકા જેટલો કડાકો બોલાઈ ગયો હોવાનું તેમણે ઉમેર્યું હતું.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ડેપ્યુટી ચીફ એન્જિનિયર (સ્ટ્રોમ વોટર ડ્રેઈન્સ) પશ્ચિમી પરાં
ગ્રીનવૂડ CHSL, ચકાલા, અંધેરી (પૂ), મુંબઈ-૪૦૦૦૯૩.

ઈ-ટેન્ડર નોટિસ

| | |
|---|---|
| વિષય | WS-૮૩૯ વર્ષ ૨૦૨૬-૨૭ અને ૨૦૨૭-૨૮ માટે મુંબઈમાં ડી-સિલ્ટીંગ ઓપરેશન માટે ઉપયોગમાં લેવાતા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સહિત વજન વ્યવસ્થા સિસ્ટમ અને સંલગ્ન એપ્લિકેશનોની IT/ સર્વિસેસ માટે સર્વિસ જોગવાઈની ડિપ્લોયમેન્ટ માટે દ્વિવાર્ષિક કોન્ટ્રાક્ટ. |
| ટેન્ડર દસ્તાવેજ નં. | e-T નં. ૨૦૨૬_MCGM_૧૩૧૭૨૧૪ |
| ટેન્ડરની કુલ કિંમત | રૂ. ૯૭,૨૮,૦૦૦/- |
| બાના રકમ ડિપોઝીટ (બારડી) | રૂ. ૯૭,૩૦૦/- |
| ટેન્ડર ફી | રૂ. ૧૮,૮૪૭/-(રૂ. ૧૫,૯૭૨+૧૮% GST) |
| વેબસાઈટ | http://mahatenders.gov.in |
| ટેન્ડરના ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૧૫.૦૭.૨૦૨૬ ૧૧:૦૦ ક.થી |
| ટેન્ડરના વેચાણની છેલ્લી તારીખ | ૨૭.૦૭.૨૦૨૬ ૧૨:૦૦ ક. સુધી |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) તથા બીડ સુરક્ષા ડિપોઝિટ/ બારડી ઓનલાઈનની રસીદની સુપ્રતિ | ૨૭.૦૭.૨૦૨૬ ૧૬:૦૦ ક. સુધી |
| ઈ-પેકેટ A ખૂલશે | ડે. ચી. એ. (SWD) W.S.ની ઓફિસમાં ૨૮.૦૭.૨૦૨૬ના ૧૧.૦૧ ક. પછી |
| ઈ-પેકેટ B ખૂલશે | ડે. ચી. એ. (SWD) W.S.ની ઓફિસમાં ૨૮.૦૭.૨૦૨૬ના ૧૧.૧૫ ક. પછી |
| ઈ-પેકેટ C ખૂલશે | ડે. ચી. એ. (SWD) W.S.ની ઓફિસમાં ૦૫.૦૮.૨૦૨૬ના ૧૫.૦૦ ક. પછી |
| સંપર્ક વ્યક્તિ | શ્રી. ગણેશ શીરસાથ, AE (SWD) R/નોર્થ મોબ. ૭૫૦૬૩૬૩૫૨૦ |

સહી/-
ડે. ચી. એન્જિ. (SWD) WS

PRO/804/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# ક્રૂડ તેલની તેજી અને ઈક્વિટી માર્કેટની નરમાઈ સાથે ડૉલર સામે રૂપિયો ૪૮ પૈસા તૂટીને ૯૬ની પાર

મુંબઈ: પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવમાં વધારો થવાની સાથે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઉછાળો આવ્યો હતો તેમ જ ક્રૂડતેલના ભાવ વધતાં ફુગાવામાં વધારાની ભીતિ હેઠળ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ૪૮ પૈસા તૂટી ગયો હતો અને ૯૬ની સપાટી કુદાવીને ૯૬.૧૬ના મથાળે બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર આજે ક્રૂડતેલની તેજીને ધ્યાનમાં લેતા આયાતકારોની લેવાલીમાં તેમ જ રોકાણકારોની સલામતી માટે ડૉલરમાં માગ રહેતા ગબડતાં રૂપિયાને ઢાળ મળ્યો હતો. જોકે, ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈને કારણે રૂપિયાને થોડોઘણો ટેકો મળ્યો હોવાનું ટ્રેડરોએ ઉમેર્યું હતું. આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૬૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૯૫ની સપાટીએ ખૂલ્યા બાદ નીચામાં ૯૬.૩૩ અને ઉપરમાં ૯૫.૯૪ની રેન્જમાં રહ્યા બાદ અંતે ૪૮ પૈસાના ઘટાડા સાથે ૯૬.૧૬ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૩૦ પૈસાનો ઘટાડો નોંધાયો હતો. હાલના અનિશ્ચિતતાના માહોલમાં કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદરની ઊંચી સપાટી લાંબા સમયગાળા સુધી જાળવી રાખે તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં રોકાણકારોની સલામતી માટેની માગ ડૉલર તરફ વળતી હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું સીઆર ફોરેક્સ એડવાઈઝરનાં મેનેજિંગ ડિરેક્ટર અમિત પાબારીએ જણાવ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના વધ્યા મથાળેથી ૦.૧૬ ટકા ઘટીને ૧૦૧.૦૭ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. જોકે, સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગથી શિપમેન્ટોની ચિંતા સપાટી પર આવતાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદાના ભાવ ૩.૭૫ ટકાના ઉછાળા સાથે બેરલદીઠ ૮૬.૪૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

A.E./૨૪૨૯/SWM/PE તા. ૧૩/૦૭/૨૦૨૬

હિતની અભિવ્યક્તિ (EOI)

| | |
|---|---|
| વિભાગઃ | આસી. કમિ., P/પૂર્વ, મલાડ (પૂ), મુંબઈ-૪૦૦૦૯૭ની ઓફિસ |
| સેક્શનઃ | આસી. એન્જિ. (SWM), P/પૂર્વ |
| વિષયઃ | ફક્ત P/પૂર્વ ક્ષેત્રમાં નોંધાયેલી સંસ્થાઓ પાસેથી P/પૂર્વ વોર્ડમાં ''મોટર લોડર'' માટે EOI મંગાવે છે. લાયક સંસ્થા લોટરીના ધોરણે પસંદ કરવામાં આવશે. વિગતવાર અરજી માટે કૃપા કરીને આસી. એન્જિ. (SWM), P/પૂર્વનો સંપર્ક કરો. |
| ટેન્ડર ફીઃ | અરજી નાગરિક સુવિધા કેન્દ્ર (C.F.C.) ખાતે રૂ. ૩૯૯૩/- + ૧૮% GST (કુલ રૂ. ૪૭૧૨/-)ની ચલણ ચૂકવીને અને સંસ્થા લેટર હેડ પર જરૂરિયાતો આપીને ઉપલબ્ધ રહેશે. |
| ટેન્ડર તારીખઃ | ૧૫.૦૭.૨૦૨૬ ૧૧:૦૦ ક. થી ૨૨.૦૭.૨૦૨૬ ૧૬: ૦૦ ક. સુધી<br>અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૩.૦૭.૨૦૨૬ ૧૬.૦૦ કલાકે છે. |
| વેબસાઈટઃ | http://portal.mcgm.gov.in |
| નામ | શ્રી સંદીપ કે. મટેકર, આસી. એન્જિ. (SWM), P/પૂર્વ સંપર્ક નં. : ૯૮૨૦૫૯૯૧૨૮ |

સહી/-
આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) P/પૂર્વ

PRO/821/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ચી.એ./૬૬૨૮/બ્રીજીસ તારીખઃ ૧૩/૦૭/૨૦૨૬

ઈ-ટેન્ડર નોટિસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચેના ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

કામનું નામઃ-

૧) બે વર્ષની મુદત માટે ઝોન-V માં બ્રિજ સ્ટ્રકચર્સની જાળવણી અને અપકીપ માટે તાત્કાલિક, અણધાર્યા અને કટોકટી કામો હાથ ધરવા.
૨) બે વર્ષની મુદત માટે ઝોન-VI માં બ્રિજ સ્ટ્રકચર્સની જાળવણી અને અપકીપ માટે તાત્કાલિક, અણધાર્યા અને કટોકટી કામો હાથ ધરવા.

બીડ નં.: ૨૦૨૬_MCGM_૧૩૧૧૦૨૩ & ૨૦૨૬_MCGM_૧૩૧૧૦૨૫

| ક્ર નં. | કામનું નામ | ક્લાસ | રૂ.માં અંદાજિત કિંમત | રૂ.માં બારડી | કોન્ટ્રાક્ટ મુદત | રૂ.માં ટેન્ડર સ્ક્રુટીની ફી |
|---|---|---|---|---|---|---|
| ૧ | બે વર્ષની મુદત માટે ઝોન-V માં બ્રિજ સ્ટ્રકચર્સની જાળવણી અને અપકીપ માટે તાત્કાલિક, અણધાર્યા અને કટોકટી કામો હાથ ધરવા. ટેન્ડર ID-૨૦૨૬_MCGM_૧૩૧૧૦૨૩ | II | ૪,૭૦,૯૪,૮૪૦/- | ૪,૭૦,૯૫૦/- | ૨૪ મહિના (IM) | રૂ. ૧૯,૯૬૫/- + ૧૮% GST |
| ૨ | બે વર્ષની મુદત માટે ઝોન-VI માં બ્રિજ સ્ટ્રકચર્સની જાળવણી અને અપકીપ માટે તાત્કાલિક, અણધાર્યા અને કટોકટી કામો હાથ ધરવા. ટેન્ડર ID-૨૦૨૬_MCGM_૧૩૧૧૦૨૫ | II | ૪,૧૫,૦૬,૦૦૩/- | ૪,૧૫,૦૬૦/- | ૨૪ મહિના (IM) | રૂ. ૧૯,૯૬૫/- + ૧૮% GST |

| | |
|---|---|
| ટેન્ડર ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૧૫.૦૭.૨૦૨૬ ૧૧.૦૦ ક. થી |
| ટેન્ડર વેચાણ માટેની છેલ્લી તારીખ & સમય & બીડ સુરક્ષા ડિપોઝિટની રસીદ | ૨૩.૦૭.૨૦૨૬ ૧૨.૦૦ ક. સુધી |
| પેકેટ 'A', 'B' & પેકેટ 'C' ની સુપ્રતિ (ઓનલાઈન) | ૨૩.૦૭.૨૦૨૬ ૧૫.૦૦ ક. સુધી |
| પેકેટ 'A' ખૂલશે | ૨૪.૦૭.૨૦૨૬ ૧૬.૦૦ ક. પછી |
| પેકેટ 'B' ખૂલશે | ૨૪.૦૭.૨૦૨૬ ૧૬.૧૦ ક. પછી |
| પેકેટ 'C' ખૂલશે | પેકેટ 'A', અને 'B'ની સ્ક્રુટીની પછી સદરની જાણ કરવામાં આવશે. |
| સંચાર માટેનું સરનામું | ચી. એ. (બ્રિજીસ), BMC, ઝીરો ફ્લોર એન્જિનિયરિંગ હબ બિલ્ડિંગ, ડૉ. ઈ. મોસેસ રોડ, વર્લી નાકા, મુંબઈ-૪૦૦૦૧૮ની ઓફિસ. |

ઈ-ટેન્ડર મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (http://mahatenders.gov.in) પર ઉપલબ્ધ છે.

**નોંધઃ-** કોન્ટ્રાક્ટર બહુવિધ ઝોન માટે બીડ લગાવી શકે છે પરંતુ તેને ફક્ત ઝોન એક જ ઝોન આપવામાં આવશે. જો લાયકાતના માપદંડોને પૂર્ણ કરે તો MCGM માટે સૌથી વધુ નાણાંકીય રીતે ફાયદાકારક ઓફર પસંદ કરીને.

સહી/-
ડે. ચી. એન્જિ (બ્રિજીસ) E.S.

PRO/811/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

એરિયા ટ્રાફિક કંટ્રોલ ડિપાર્ટમેન્ટ

ઈ-ટેન્ડર નોટીસ

ATC-EE-MAINT-RTSS-R-૨૬-૨૮

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે આપેલા કામો માટે સિલબંધ ટેન્ડરો મંગાવે છેઃ

| ક્ર.નં. | કામનું નામ | રૂ.માં ઓફિસ એસ્ટીમેટ | બાના રકમ ડિપોઝિટ (બારડી) (રૂ.) | ટેન્ડર સંદર્ભ નં. | પ્રારંભ તારીખ | પાકતી તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૦૧.૦૯.૨૦૨૬થી ૩૧.૦૮.૨૦૨૮ સુધીની મુદત માટે બૃહન્મુંબઈના ટાપુ શહેરમાં ATC રોડ ટ્રાફિક સિગ્નલ સિસ્ટમની જાળવણી | ૬,૩૬,૮૮,૬૮૦.૦૦ | ૬,૩૬,૯૦૦/- | ઈ-ટેન્ડર નં. ૨૦૨૬_MCGM_૧૩૧૭૩૪૫_૧ | ૧૫.૦૭.૨૦૨૬ | ૨૮.૦૭.૨૦૨૬ |
| ૨ | ૦૧.૦૯.૨૦૨૬થી ૩૧.૦૮.૨૦૨૮ સુધીની મુદત માટે બૃહન્મુંબઈના પશ્ચિમ પરાંમાં ATC રોડ ટ્રાફિક સિગ્નલ સિસ્ટમની જાળવણી | ૩,૯૫,૨૧,૪૪૪.૦૦ | ૩,૯૫,૩૦૦/- | ઈ-ટેન્ડર નં. ૨૦૨૬_MCGM_૧૩૧૭૩૫૪_૧ | ૧૫.૦૭.૨૦૨૬ | ૨૮.૦૭.૨૦૨૬ |
| ૩ | ૦૧.૦૯.૨૦૨૬થી ૩૧.૦૮.૨૦૨૮ સુધીની મુદત માટે બૃહન્મુંબઈના પૂર્વીય પરાંમાં ATC રોડ ટ્રાફિક સિગ્નલ સિસ્ટમની જાળવણી | ૩,૭૪,૮૩,૨૭૪.૦૦ | ૩,૭૪,૯૦૦/- | ઈ-ટેન્ડર નં. ૨૦૨૬_MCGM_૧૩૧૭૩૫૯_૧ | ૧૫.૦૭.૨૦૨૬ | ૨૮.૦૭.૨૦૨૬ |

વધુ વિગતો માટે લોગઓન કરો https://mahatenders.gov.in & https://portal.mcgm.gov.in

સહી/-
એક્ષિ. એન્જિનિયર (ATC)
બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન

PRO/820/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# એકનાથ શિંદેના બંગલામાં કેબિનેટ પ્રધાનોની બેઠક

## કેબિનેટ વિસ્તરણમાં ફેરફાર થશે? નવા ચહેરાઓને તક મળશે?

મુંબઈઃ વિધાનસભાનું ચોમાસુ સત્ર પૂર્ણ થયા બાદ, પ્રધાનમંડળના વિસ્તરણે જોર પકડ્યું છે અને કેન્દ્રમાં પણ પ્રધાનમંડળની વિસ્તરણની ચર્ચા ચાલી રહી છે. સત્ર પહેલા જ, રાજ્યમાં ઓપરેશન ટાઈગર દ્વારા એકનાથ શિંદેએ ઠાકરેને મોટો ઝટકો આપ્યો, જેમાં ઠાકરેની શિવસેનાના છ સાંસદો હવે એકનાથ શિંદેની શિવસેનામાં જોડાઈ ગયા.

આ બધી હલચલ વચ્ચે, શિવસેનાના મુખ્ય નેતા એકનાથ શિંદે મંગળવારે દિલ્હી ગયા. દિલ્હી જતાં પહેલાં, તેમણે પોતાની પાર્ટીના મહારાષ્ટ્રના તમામ કેબિનેટ પ્રધાનોની એક તાકીદની બેઠક બોલાવી હતી અને બધા પ્રધાનોને તેમાં હાજર રહેવા માટે ખાસ આદેશ આપવામાં આવ્યો હતો.નંદનવન

(જુઓ પાનું ૪) ▶▶

# કૃષિ લોન માફીનાં ધોરણો હળવાં થયાં

મુંબઈઃ મહારાષ્ટ્ર પ્રધાનમંડળે મંગળવારે નવીનતમ લોન માફી યોજનામાં મહત્ત્વપૂર્ણ ફેરફારોને મંજૂરી આપી ૨૦૧૯ની લોન માફીના લાભાર્થીઓ માટે લાગુ પડતી અગાઉની ૫૦ હજાર રૂપિયાની ઉપલી મર્યાદા સહિત મુખ્ય પાત્રતા શરતોને દૂર કરવામાં આવી છે. સાથે સાથે ૨૦૨૬-૨૭ દરમિયાન નિયમિત લોન ચુકવણીની શરત પણ રદ કરી છે. આ નિર્ણયના કારણે લગભગ ૨૩ લાખ ખેડૂતો પુણ્યશ્લોક અહિલ્યાદેવી હોલકર શેતકરી કર્જમુક્તિ યોજના ૨૦૨૬ હેઠળ પ્રોત્સાહન લાભો માટે પાત્ર બન્યા છે. સત્તાવાર માહિતી અનુસાર

(જુઓ પાનું ૪) ▶▶

### કેબિનેટ બેઠકમાં આઠ નિર્ણયો

કેબિનેટ બેઠકમાં સરકારે લીધેલા આઠ મહત્ત્વપૂર્ણ નિર્ણયોઃ દાપચારી ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાનું કૃષિ બજાર સ્થાપવામાં આવશે. ડેરી પ્રોજેક્ટ માટે ૫૫૮.૪૩ હેક્ટર જમીન આપવાનો નિર્ણય લેવાયો. પાલઘર જિલ્લાના દાપચારી ખાતે ડેરી પ્રોજેક્ટની જમીન મહારાષ્ટ્ર રાજ્ય કૃષિ માર્કેટિંગ કોર્પોરેશનને આપવાની મંજૂરી. માર્કેટિંગ સુવિધાઓ સાથે અહીં આંતરરાષ્ટ્રીય કક્ષાનું કૃષિ બજાર સ્થાપવામાં આવશે. પાલઘર, થાણે અને આસપાસના વિસ્તારોના ખેડૂતોને આ સુવિધાનો ઘણો ફાયદો થશે.

પાક લોન માટે ખેડૂતોને મોટી રાહત. પુણ્યશ્લોક અહિલ્યાદેવી હોળકર શેતકરી

(જુઓ પાનું ૪) ▶▶

### કાલાઘોડા વિસ્તારની કાયાપલટ

# કલા, વારસો અને આધુનિક સુવિધાનો સમન્વયઃ મુખ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના કાલાઘોડા વિસ્તારની મુંબઈ મહાનગરપાલિકાએ કાયાપલટ કરી નાખી છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે મંગળવારે સુશોભન અને લાઇટિંગ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પરિસરના પાંચ રસ્તા ભારે વાહનો માટે બંધ રહેશે. તથા દર

(જુઓ પાનું ૪) ▶▶

### યુરોપનો અનુભવ થશે

મુંબઈવાસીઓ અને પ્રવાસીઓને સમૃદ્ધ 'હેરિટેજ વોક' અનુભવ પૂરો પાડવાના ઉદ્દેશ્યથી સાંઈબાબા માર્ગ, રોપ વોક લેન, ડો. વી. બી. ગાંધી માર્ગ (ફોર્બ્સ સ્ટ્રીટ), રૂધરફોર્ડ સ્ટ્રીટ અને બી. ભરૂચા માર્ગ નામના પાંચ રસ્તાઓનું સૌંદર્યીકરણ

(જુઓ પાનું ૪) ▶▶




# છ દિવસમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૧૨ લોકોનાં મોત

મુંબઈઃ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એસડીએમએ)એ મંગળવારે જણાવ્યું હતું કે, ૮ થી ૧૩ જુલાઈ દરમિયાન મહારાષ્ટ્રમાં વરસાદ અને હવામાન સંબંધિત ઘટનાઓમાં ૧૨ લોકોનાં મોત થયાં હતાં અને ૨૧ અન્ય લોકો ઘાયલ થયા હતા.

પુણે જિલ્લાનો મોશી વિસ્તાર સૌથી વધુ પ્રભાવિત થયો હતો, જ્યાં ૮ જુલાઈના રોજ એક ઇમારત ધરાશાયી થવાથી નવ લોકોનાં મોત થયાં હતાં અને ઘણા લોકો ઘાયલ થયા હતા. રાજ્ય પ્રધાનમંડળ સમક્ષ રજૂ કરાયેલા તેના અહેવાલમાં એસડીએમએ એ

(જુઓ પાનું ૪) ▶▶

### પુણેમાં ઇમારત ધરાશાયી

# ખાનગી કંપનીના બે અધિકારી સામે એફઆઈઆરઃ એકની ધરપકડ

પુણેઃ પુણે જિલ્લામાં કચરામાંથી વીજળી ઉત્પાદન કરવાના પ્લાન્ટની ઉપર બાંધવામાં આવેલી ત્રણ માળની ઇમારત ધરાશાયી થતાં નવ લોકોનાં થયેલા મૃત્યુને મામલે પોલીસે ખાનજી ઊર્જા કંપનીના બે અધિકારી વિરુદ્ધ એફઆઇઆર દાખલ કર્યો હતો અને એક જણની ધરપકડ કરી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. એમઆઇડીસી ભોસરી પોલીસ સ્ટેશનમાં સોમવારે એન્ટોની લારા એન્વીરો સોલ્યુશન્સ

(જુઓ પાનું ૪) ▶▶

# મહિલા પર્યટક સાથે બેહૂદું વર્તન કરી પરિવાર પર હુમલોઃ નવની ધરપકડ

નાશિકઃ નાશિક જિલ્લાના ભાવલી ડેમ ખાતે મહિલા પર્યટક સાથે કથિત ગેરવર્તન કર્યા પછી તેના પરિવારના સભ્યો પર અસામાજિક તત્ત્વો દ્વારા હુમલો કરવામાં આવ્યાની ઘટનામાં પોલીસે બે દિવસ બાદ મંગળવારે નવ શકમંદની ધરપકડ કરી હતી.

પકડાયેલા આરોપીઓની ઓળખ વિશાલ ભટાટે (૨૭), અનિકેત માનવેઢે (૨૪), અનિરુદ્ધ ભાગડે (૨૫), સાગર ઉર્ફે લોકેશ ગિતે (૨૨), વિનોદ બોરાડે (૨૬), સચિન અદોલે (૨૯), અર્જુન અદોલે (૨૫), દેવીદાસ ભગત (૨૫) અને અજય દાલભગત (૨૦) તરીકે થઈ હતી. આરોપીઓની વધુ પૂછપરછ કરવામાં આવી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

રવિવારે બનેલી આ ઘટના અંગે ૪૪ વર્ષની મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર મહિલા તેના પતિ,

(જુઓ પાનું ૪) ▶▶

# શહજાદ ભટ્ટી પ્રકરણમાં પુણેમાં એટીએસના દરોડાઃ ૬૬ શકમંદને તાબામાં લઈ પૂછપરછ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પાકિસ્તાની ગેન્ગસ્ટર શહજાદ ભટ્ટી અને તેના સાથીઓના સંપર્કમાં રહેલા પુણેના યુવાનો પર મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ) ફરી ત્રાટકી હતી. પુણે શહેર, પુણે ગ્રામીણ અને પિંપરી-ચિંચવડમાંથી ૬૬ શકમંદને પૂછપરછ માટે તાબામાં લેવાયા હતા. ભારતીય યુવાનોને દેશવિરોધી પ્રવૃત્તિ માટે ઉશ્કેરવા સોશિયલ મીડિયાના માધ્યમથી જાળ ફેલાવનારા શહજાદ

(જુઓ પાનું ૪) ▶▶


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


# ડૉક્ટરોની મારપીટ કરનારા શિવસેનાના નગરસેવક રમેશ મ્હાત્રેના જામીન મંજૂર

થાણેઃ ડોમ્બિવલીની મહાપાલિકા સંચાલિત હૉસ્પિટલના બે ડૉક્ટર અને એક કર્મચારીની મારપીટ કરવાના કેસમાં ધરપકડ કરાયેલા શિવસેનાના નગરસેવક રમેશ મ્હાત્રેના જામીન કોર્ટે મંગળવારે મંજૂર કર્યા હતા.

આ કેસમાં વિષ્ણુનગર પોલીસે કલ્યાણ-ડોમ્બિવલી મહાનગરપાલિકા (કેડીએમસી)ના નગરસેવક મ્હાત્રે અને તેના ત્રણ સાથીની ધરપકડ કરી હતી. ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ પૂરા થતાં સોમવારે કોર્ટે ત્રણેયને અદાલતી કસ્ટડીમાં મોકલી દીધા હતા.

આરોપીઓને જેલમાં મોકલી દેવાયા પછી તેમના વકીલે જામીન માટે કોર્ટમાં

(જુઓ પાનું ૪) ▶▶

# કેતન અગરવાલની માતાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને લખ્યો પત્ર

## પુત્રની હત્યામાં ઝડપી ન્યાયની કરી અપીલ

પુણેઃ પુણેમાં રિયલ એસ્ટેટ કંપનીના ડિરેક્ટર અને ટ્રેકર કેતન વિશાલ અગરવાલની હત્યા બાદ તેની માતાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખી પુત્ર માટે ન્યાયની અપીલ કરી છે અને જણાવ્યું છે કે 'પોતે કોઇ વિશેષ સહાનુભૂતિ કે રાહત નથી માગતી, પરંતુ તેના પુત્રની હત્યા માટે જવાબદાર લોકોને કડક સજાની માગ કરી રહી છે.વડા પ્રધાનને ઇમેઇલ દ્વારા

(જુઓ પાનું ૪) ▶▶

# ઝાડ તૂટી પડવાના રિપોર્ટઃ મુંબઈના મેયરને અસ્વીકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના આંતરિક તપાસ અહેવાલમાં ચેમ્બુરમાં ૧૧ વર્ષીય વિદ્યાર્થીનું મૃત્યુના પ્રકરણમાં પીપળાના ઝાડની આજુબાજુ ધરવામાં આવેલા ખોદકામના કામ બાબતે તેના ગાર્ડન અને રોડ વિભાગને ક્લીનચીટ આપવામાં આવી છે ત્યારે મેયર

(જુઓ પાનું ૪) ▶▶


અરુણાચલ-મેઘાલય-આસામ
SEPT TO JAN
શિખરજી મહાયાત્રા
સાથે/વગર ચંપાપુરી-ભદીલપુર
મીથીલા-બનારસ-અયોધ્યા
પંજાબ-પંચતીથી-અમૃતસર
અંબાલા-જલંધર-માલેર
કોટકા-કાંગડાજી
અયોધ્યા-શ્રાવસ્તી-પુરીમતાલ
કોસંબી-બનારસ-૪૮ કલ્યાણક
મથુરા-સોર્યપુરી-કંપીલાજી
આહીક્ષેત્ર-હસ્તીનાપુર
સંઘ મંડળ - સંઘપતીઓ માટે બજેટ અનુસાર આયોજન
સુ-મન ટુર 9930096560 9224139889
દાર્જીલીંગ- ગેંગટોક-/ભૂતાન/નેપાળ





"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**